3433

# બુદ્ધિપ્રભા

## જૈન ડાયજેસ્ટ

વર્ષ ૬
૧૦ જુન ૧૯૬૫
અંક ૩૬

સ્વ. યોગનિષ્ઠ, અધ્યાત્મજ્ઞાન દિવાકર
સ્વ.-પર શાસ્ત્રવિશારદ

## શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી

## પુણ્ય સ્મૃતિ અંક

અજ અવિનાશી હું આતમા
મને કોઇ ન શોધે
ઓળખશો મને જ્ઞાનથી
આપોઆપને જોશો.

જન્મ: વિ. સં. ૧૯૩૦ મહા વદ ૧૪ [વિજાપુર]
દીક્ષા: વિ. સં. ૧૯૫૭ માગસર સુદ ૪ [પાલનપુર]
દેહાંત: વિ. સં. ૧૯૮૧ જેઠ વદ ૩ [વિજાપુર]



मित्ती मे सव्व भूएसु वेरं मज्झं न केणई।

બધા જીવો સાથે મારે દોસ્તી છે; દુશ્મની મારે કોઈ સાથે નથી.

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી સાહિત્ય પ્રકાશન મંદિર સંચાલિત.



# બુદ્ધિપ્રભા

[જૈન ડાયજેસ્ટ]


સંપાદક

ગુણવંત શાહ

રૂા. ૫-૦૦ (ભારત)

રૂા. ૭-૦૦ (પરદેશ)

C/o જે. એસ. દંતારા

૧૨/૧૬, ત્રીજે ભોયવાડો

પહેલે માળ

મુંબઈ ૨.

રૂબરૂ મળો :

C/o ભગવાન શાહ

૧૭૦/૭૨, ગુલાલવાડી

પહેલે માળ

મુંબઈ -૪.


બુદ્ધિપ્રભાના

આદ્ય પ્રણેતા અને કલમવીર

સાહિત્ય ધુરંધર સંત

સ્વ. શ્રીમદ્

બુદ્ધિસાગરસૂરીશ્વરજીની

૪૦ મી પુણ્ય સંવત્સરે

અમ સૌની

વંદના

—ઇંદિરા શાહ

—ગુણવંત શાહ

—ભગવાન શાહ

—જયકુમાર દંતારા

ગૃહસ્થાવાસમાં તેમજ દીક્ષાવાસમાં
અમારા વતન આજોલનો
અનેક રીતે ઉદ્ધાર કરનાર
**શ્રીમદ્ બુધ્ધિસાગરસુરિજીની ૪૦ મી**
**પુણ્ય તિથિએ**
અમારી લાખ લાખ વંદનાઓ.......

**બીપીન ઇન્ડસ્ટ્રીઝ**

બડા મંદિર, ગૌશાળા, ત્રીજો ભોયવાડો, **મુંબઈ-૩**

"....ભવ્ય લોકોના હિતાર્થે વ્યાખ્યાન વાંચું છું
અને ગ્રંથો પણ લખું છું........"
**—શ્રીમદ્ બુદ્ધિસાગરજી મ.** ના પત્રમાંથી

જાહેર વ્યાખ્યાનની પહેલ કરનાર અને સયાજીરાવ ગાયકવાડ જેવા વિદ્વાન રાજવીને પોતાની પ્રવચન પ્રભાથી મોહિત કરનાર તેમજ અનેકવિધ ગ્રંથોના સર્જક એવા

**શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી મ. સા. ની ૪૦મી પુણ્ય તિથિએ**
અમારા અંતરની લાખ લાખ વંદના.

**વંદનાભિલાષી**

**શા. માનચંદ દીપચંદ**

C/o **શારદા પેપર બોક્સ મેન્યુ. કાં.**
૧૦૦, ભાયખાલા સ્ટેશન રોડ,
મૌલાના આઝાદ રોડ, **મુંબઈ-૧૧**

ફોન : ૭૬૬૨૩ તાર : BOXMAKERS.

**Manufacturers of Quality Playing Cards**

અલખના અવધૂત * અધ્યાત્મ સર્વજ્ઞ

જોગંદર જોગી * યોગ યોગેશ્વર

સાહિત્ય સમ્રાટ * સમાજ હિતચિંતક

અમારા

શ્રદ્ધેય અને પૂજ્ય

જીવન તારક ગુરુદેવ ભગવંત

આચાર્યદેવેશ શ્રીમદ્

# બુદ્ધિસાગરસૂરિજીની

**૪૦ મી પુણ્ય તિથિએ**

અમ સૌની

શત કોટી કોટી વંદના હો.



વંદનાભિલાષી

## નરોત્તમદાસ વાડીલાલ

ઠે. વાડીલાલ દેવચંદ એન્ડ સન્સ

સી ૭૩, સર્વોદય નગર

પાંજરાપોળ રોડ, મુંબઇ—૪

ફોન : ૩૩૨૪૬૩

શ્રીમદ્ બુદ્ધિસાગરસુરિજી મ. સા. ની ૪૦ મી
પુણ્ય તિથિએ હાર્દિક વંદના

## વંદનાભિલાષી

અરવિંદ સી. શાહ
[ ફોટો આર્ટીસ્ટ ]
ઓથોરાઈઝડ ડીલર્સ
ઈલફર્ડ અને ફયુજી

જૈનોના તમામ તીર્થો અને તીર્થંકર ભગવંતોના સાદા તેમજ ટેકનીકલરમાં દરેક સાઇઝના ફોટાઓ તેમ જ ટેકનીકલર સ્લાઇડો અમારે ત્યાંથી મળશે.

તેમજ લગ્ન સમારંભ, મિજબાનીઓ, સભાઓ, ઉત્સવો તેમ જ ધાર્મિક અનુષ્ઠાન પ્રસંગોમાં કીફાયત ભાવે ફોટાઓ પાડી આપીશું.

—: મળો યા લખો :—

૪૯, જવાહરનગર, મધુકુંજ, ગોરેગાંવ, મુંબઈ ૬૨

બુદ્ધિસાગર ગુરુદેવજી,
જપીએ આપનો જાપજી,
મનડાના મોહ શમાવજો,
ટાળી તનડાના તાપજી.

## ૪૦ મા પુણ્ય સંવત્સરે

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મ. ના ચરણ કમળે
મુજની લાખ લાખ વંદના.

અમૃતલાલ મણીલાલ
૮૯, ઝવેરી બજાર,
મુંબઈ ૨.

અશરણ શરણ અધમઉદ્ધારક
ચેતન અજબ અડોલ
તારક ભવસાગરમાં નૈયા
ખેવૈયા અણમોલ
ગુરુ ગુરુ મુખથી બોલ
મનવા ૐ ગુરુ ગુરુ બોલ

●

**શ્રીમદ્ બુધ્ધિસાગરસૂરીશ્વરજી મ. સા. ની**
**૪૦ મી પુણ્ય સંવત્સરે**
**શત કોટી કોટી વંદના હો.**

# વંદનાભિલાષી

**શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી સાહિત્ય પ્રકાશન ગ્રંથમાળા:—**

**અમદાવાદ.**

**પ્રગટ થયાં છે.**

ભજન પદ ભાવાર્થ સંગ્રહ
શિષ્યોપનિષદ્
ગુરુ બોધ યાને રત્નદીપ
જૈનોપનિષદ્
જૈન પ્રોફેટ (અંગ્રેજી-ચરિત્ર)
લે: એમ. એચ. ઉદાણી
એડવોકેટ, **M. A. L. L. B.**

**પ્રગટ થશે.**

બાળકોના બુદ્ધિસાગરજી
લે: જયભિખ્ખુ
પત્ર પરિમલ
સંપાદક: ગુણવંત શાહ
શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી
લે: ગુણવંત શાહ

લખો:—

**શ્રી ચીમનલાલ જેચંદભાઈ**
શેઠ મનસુખભાઈની પોળ,
કાળુપુર, **અમદાવાદ.**

સાધુઓનાં
જાહેર વ્યાખ્યાનની પહેલ કરનાર,
અધ્યાત્મજ્ઞાનની, તેમ જ
વીર પ્રભુના ઊંડાં
ગંભીર તત્ત્વજ્ઞાનની ઉદ્‌ઘોષણા વડે
જનતાને જગાડનાર
યુવાનો અને બાળકોમાં
વ્યાયામ વડે ચેતન પૂરનાર,
યોગનાં નવાં રસાયણથી
મુડદાલોમાં પ્રાણ પૂરનાર
ગુફા, ડુંગરો, કોતર, ઓધા, નદિ
કીનારાના પ્રેમી
બાલ બ્રહ્મચારી,
જન ધર્મનો ઝંડો લઈ
ગુજરાતના ઘરે ઘરે જઈ
"ઊઠ જાગ ! ઓ જન !" નો
નાદ કરનાર
સ્વ. અધ્યાત્મજ્ઞાન દીવાકર
યોગનિષ્ઠ, સાહિત્ય સમ્રાટ
શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી મ. સા. ની
૪૦ મી પુણ્ય તિથિએ
શત કોટી કોટી વંદના હો.

ન્યુ એરા સોપ વર્કસ
વતી
**વાડીલાલ મોહનલાલ સાબુવાળા**

તપ ત્યાગ ક્રિયા જ્ઞાન, નિજાત્મ ધ્યાન સાધના,
યોગ અધ્યાત્મ પાંડિત્યે, સર્વ સુજાત સહિષ્ણુતા,
વિશ્વ બંધુત્વ ઔદાર્ય, નિજાનંદની મસ્તીમાં,
ૐ અર્હંનાદે ગર્જતા, ગુરુ બુદ્ધિસાગરસૂરીશ્વરા.

# આપની ૪૦ મી પુણ્ય સંવત્સરે

અમે આપના
ચરણ કમળમાં
ભક્તિભાવથી ત્રિવિધે ત્રિવિધે
વારંવાર વંદના કરીએ
છીએ.

વંદનાભિલાષી,

# BAPALAL KOTHAREE

PROPRIETOR : KOTHAREE&SONS

**Founder : SAGO INDUSTRY**

**62-B, Peria Eluthukara Street**

**Post Box No. 201.**

**SHEVAPET, SALEM-2**

**(MADRAS)**

Phone : **3227**
**3429**

Gram : **KOHINOOR**

મારા પરમ પૂજ્ય
શ્રદ્ધેય અને આરાધ્ય ગુરુદેવ ભગવંત આચાર્યદેવેશ
શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી મ. સા. ની
પુણ્ય સંવત્સરે મારી
હાર્દિક વંદના.

વંદનાભિલાષી
**ભગવાનદાસ ગુલાબચંદ શાહ**
**શીલ્પા પ્રિન્ટરી**
૧૭૮/૭૨, ગુલાલવાડી, મુંબઈ—૪

પ્રીન્ટીંગના તમામ પ્રકારના કામ માટે
મળો યા લખો.

૨૫-૫૨ શાસ્ત્ર વિશારદ યોગનિષ્ઠ અધ્યાત્મ જ્ઞાનદિવાકર શ્રીમદ્
બુદ્ધિસાગરસૂરીશ્વરજી
મ. સા. ની ૪૮ મી
પુણ્ય સંવત્સરે ભાવભીની વંદના
વંદનાભિલાપી,
તુલસીદાસ સવાઈ
**સુરેન્દ્ર તુલસીદાસ**
વિક્રેતા
મફતલાલ ગ્રૂપ મીલ અને શાશુન મીલ્સ.
ટેરેલીનના સ્પેશ્યાલીસ્ટ
નવી ગલી, મૂળજી જેઠા મારકીટ,
મુંબઈ—૨

ફોન :
ઘર : ૭૮૬૭૭
ઓફીસ : ૩૯૨૨૭

ગ્રામ : PREMYSLAY

આપવું તેનું સ્મરણ કરવું એ ય છે એક લ્હાણું,
રે ના બાપુ! સહન કરવું એ ય છે એક લ્હાણું.

—કલાપી.

પંડિત નહેરુને દિવંગત
થયા એક વરસ થઈ ગયું છતાં
પણ ન જાણે એ આપણી
વચ્ચે જ છે એવું લાગે છે છતાંય
આ કઠોર સત્ય છે કે
નહેરુ આજ નથી!!!
રહ્યા છે માત્ર
હવે તેમના શેષ સંસ્મરણો.......

મેં જવાહરલાલને ઘણીવાર દુઃખી જોયા છે, ઘણીવાર એમની આંખોમાં આંસુ નિહાળ્યાં છે. એક દિવસ સાંજે એમના માનો દાહ સંસ્કાર કર્યા પછી આનંદ ભવનના પોતાના ગોળ ખંડમાં તે એકલા બેઠા હતા. એમના ચહેરા પર વીજળીના દીવાનો પડછાયો પડતો હતો. વારંવાર તેઓ અખબારોને આમતેમ ઉથલાવતા હતા, પણ કશામાં મન લાગતું નહતું. તે બહુ જ દુઃખી હતાં અને દુઃખ ભૂલવાની કોશીશ કરતાં હતાં, પણી ભૂલી શકતા નહતા.



ઓરડાની બહાર બેઠા મેં એમનો દુઃખથી ભારે બનેલો ચહેરો લગભગ અડધા કલાક સુધી જોયો.

એ ચહેરો હું હજુ ય ભૂલ્યો નથી !!!....

**ત્ર્યંબક દેવગિરિકર**

[ નવનીત ગુજરાતી ડાયજેસ્ટના સૌજન્યથી ]

હું છું બુદ્ધિસાગર

કાવ્ય એ કવિની ભાવનાનું આલેખન છે. એના સદેશનું એ વાહન છે. એના દિલ દર્દનું એ ઊર્મિલ આંસુ છે. તેમજ કવિના આત્માનું એ દર્શન પણ છે.

સ્વ. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી મ. સાહેબે લગભગ ૩૦૦૦ કાવ્યો લખ્યાં છે. '**કક્કાવળી સુબોધ**' તે તેમનો અંતિમ ગ્રંથ છે.

સંકલનઃ— **ભગવાન શાહ**

આખી બારાખડી ઉપર તેમને વિવિધ ચિંતન કાવ્યની બાનીમાં ઉતાર્યું છે. પોતાના જીવનની પણ કેટલીક વાતો તેમાં આલેખાયેલી છે.

શ્રીમદ્જીના નામના એકએક અક્ષર ઉપર લખાયેલી પંક્તિઓ સંકલિત કરીને ભગવાન શાહ એવી ખૂબીથી શ્રીમદ્જી પાસે જ કહેવડાવે છે કેઃ—

**હું છું બુદ્ધિસાગર**

હુંશિયારી ધર ! સદ્‌ગુણ ધર્મે,
હોળી રાજા મોટી દુષ્ટ;
હેલના કરશો નહિ સાધુની,
હેમના મોહે થશો ના પુષ્ટ.

❁

છુટી જા તું સર્વ પાપોથી,
સર્વ દોષ કરવાથી છુટ;
છુટા છેટી કર પ્રભુમાં રહી,
કર ! નહીં જુઠી માથાકૂટ.

❁

બુદ્ધિસાગર આતમ તું છે,
નામરૂપથી ભિન્ન જાણ ! !
બુદ્ધિસાગર બ્રહ્મ પ્રભુ તું,
દેહાદેક સાધન તુજ માન.

❁

દમામ કૃત્રિમ નભે ન લાંબો,
દમામથી મળતાં નહિ રામ;
દમામ રાખો નહિ કદી જુઠો,
દયામાં ખર્ચો વિત્ત તમામ.

❁

ધિક્ ધિક્ પાપી જીવોને છે,
હિંસકનો ધિક્ ધિક્ અવતાર;
ધિક્ ધિક્ ચોર ને વ્યભિચારીને,
ધિક્ ધિક્ વેશ્યા જનનો પ્યાર.

❁

સાદા વસ્ત્રો સાત્વિક ભોજન,
સાત્વિક પાન કરો નરનાર;
સાત્વિક શાસ્ત્રો સાત્વિક કર્મો,
સાત્વિક બુદ્ધિ ધરશો સાર.

❁

ગદ્ધાપચ્ચીશીને જાળવ !
ગદ્ધા સમ તે મારે લાત;
ગદ્ધો થા ના કામને સ્વાર્થે,
ગુરુ બોધની ભૂલ ન વાત.

❁

રસિયા બનશો પ્રભુ ગુણ રાગે,
આતમરામ ભજો !! ભગવંત;
રામને કામ રહે નહિ સાથે,
રાજી થાતા પ્રભુ પર સંત.

❁

ચિંતન કણિકા

શ્રીમંતાઈનું વરદાન નથી જોઈતું, દેવતા મારા! તું મને બસ શ્રમનું સામર્થ્ય આપ!!

*

મરણ! આવે તો ભલે, પણ શાંતિથી આવજે. કારણ મારો આતમ એની લયલા ચેતના સાથે રસ-મસ્તીમાં લયલીન બન્યો છે.

*

દફન થાય કે આગમાં ખાખ. મને પરવા નથી—આવું અધ્યાત્મવાદી જ કહી શકે.

*

બુદ્ધિના ત્રાજવે નહિ, શ્રદ્ધાના ત્રાજવે સત્યને તોલો.

*

ધિક્કાર નહિ; આવકાર જ પાપીને પુણ્યશાળી બનાવશે.

*

સારાંશ બધા ધર્મોનો એક જ છેઃ આતમ! તું પરમાતમ બન!

*

ગરજ નહિ વરસ ઓ! મેઘ!! વર્ષા માટે ખેડુતની આ જ એક પ્રાર્થના છે.

*

રહસ્ય શોધવા હું નીકળ્યો હતો. આખું બ્રહ્માંડ ખૂંદી વળ્યો. અને જ્યારે પત્તો મળ્યો ત્યારે તે મારી અંદર જ બેઠો હતો,

*

**સુ**જનતા જનમતી નથી, કેળવવી પડે છે.

*

**રિ**સાવવામાં પણ આનંદ છે. જો કોઈ મનાવનાર હોય તો.

*

**જી**ભ કમાલ છે તારી કરામત !! એક જ શબ્દે તું જીવન આપે છે ને એક જ શબ્દે મોત !!

*

**મુ**ડદાંને વળી ફુલ શાં ને 'રામ રામ' ના ભજન શાં ?

*

**હા**રમાં શરમ નથી જો પ્રમાણિક હોય તો.

*

**રા**મ એટલે ચારિત્ર્યઃ રાવણ એટલે વ્યભિચાર.

*

**જ**નેતા સંતાનને જ નહિ ક્યારેક સંસ્કૃતિને પણ જનમ આપે છે.

*

**સા**ચને આંચ હશે પણ લાંચને આંચ નથી.

*

**હે**તુને સમજો, વ્યવહારને નહિ.

*

**બ**દનામીથી નહિ, બદનામ થવાય તેવા કામોથી ડરો.

*

**ને**કીનો સાથ કરી લે, સુખ આપોઆપ ચાલ્યું આવશે.

*

**આરી ભાવભીની હાર્દિક લાખ લાખ વંદનાઓ હો.**

—ગુણવંત શાહ.

મારી હોડી હિલોળે ચડી આજ,
હલેસાં કેમ મોળાં પડે?
ગુરુદેવ રાખે તો રહે લાજ,
મધદરિએ કોણ વ્હાર કરે?

દયાળુ ગુરુ દીધી દોટ ત્યાં,
મઝધાર જલધિ માંય,
લાલન રૂપે આવિયા,
હોડી ચલી ચલી જાય;

ધન્ય ગુરુવર હોડી કીધી પાર....
અનેક જીવોની ભવનૈયાને
મુક્તિના કિનારે પહોંચાડનાર જ્ઞાન,
સાગરના ખેવૈયા આ. ભ.

**શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી મ. સા. ની ૪૦ મી**
**પુણ્ય સંવત્સરે ભાવભીની વંદના.**

વંદનાભિલાષી,

# નેમચંદ પરસોતમદાસ

( કુંભાસણવાળા )

**મુંબઈ.**

Cables : "**COZILEAD**" Phones : **242189** **242817**

# BALDOTA BROTHERS

"BALDOTA BHAVAN"

**177, Queen's Road, Bombay-1. (India)**

**IMPORTS :** Non-ferrous Metals such as COPPER, ZINC, LEAD & TIN, CHEMICALS & LUBRICATING OILS.

**EXPORTS :** IRON ORE, MANGANESE, MINERALS, IRON & STEEL SCRAP, ETC.

**STOCKIST OF ALUMINIUM INGOTS**

**&**

**SEMI-MANUFACTURES** such as :—

1. E.C. Grade Wirebars
2. 3/8" Aluminium Rods for ACSR/AAR Conductors
3. Aluminium Sheets in all gauges and sizes
4. Special enquiries entertained for Container Sheets, Foils, Sections etc.

નવનીત
ગુજરાતી ડાયજેસ્ટ

સ્વ. જવાહરલાલ નહેરુની યાદમાં

ના
સૌજન્યથી

**તને હું ઘડી પણ વિસારી શકું ના**
**અને દિલની તડપ હટાવી શકું ના**
**મને છે સતાવે સદા યાદ તારી.**

ઇ. સ. ૧૯૪૬ ની ઘટના છે. નહેરુ ત્યારે અહમદનગરની જેલમાંથી છૂટયા હતા. થોડા સમય પછી તેઓ મલાયા જવાના હતા. એક સાર્વજનિક સભામાં એમણે એનો ઉલ્લેખ કર્યો. સભામાં, વર્ષો સુધી મલાયામાં રહ્યા પછી ભારત પાછા ફરેલ એક ભાઇ હાજર હતા. પંડિતજીની મલાયા જવાની વાત સાંભળી એમને ખૂબ આનંદ થયો. તરત એમણે ખિસ્સામાંથી એક કાગળ કાઢયો. એની પર કશુંક લખ્યું અને એ કાગળ પંડિત નહેરુને પહોંચાડયો.

એમણે લખ્યું હતું:—"ઘણા મહિનાથી મારો પુત્ર બીમાર છે એને ઉપયોગી થઈ પડે એવી એક દવા મલાયામાં જ મળી શકે છે. ભારતમાં એ ઉપલબ્ધ નથી. તમે મલાયા જઈ રહ્યા છો તો ત્યાંથી એ લેતા આવશો તો ઉપકાર થશે."

ચિઠ્ઠી નીચે પોતાનું નામ અને સરનામું લખ્યું હતું.

મલાયામાં નહેરુનો ભરચક કાર્યક્રમ હતો. છતાં ખીસ્સામાં મૂકેલી ચિઠ્ઠી તેઓ ભૂલ્યા નહિ. એમણે દવા ખરીદી અને પાછા ફર્યા ત્યારે પેલા ગૃહસ્થને મોકલાવી આપી.

—રામેશ્વરદયાળ દુબે

ક્રિકેટનો ખેલાડી
સો રન કરે તો તેને
સેન્ચુરી બેટ્સમેન
કહેવાય છે.
તેમ કોઇ
સાહિત્યના સોથી વધુ
ગ્રંથો લખે તો ?

# સાહિત્ય સમ્રાટ

**શ્રીમદ્
બુદ્ધિસાગરસૂરીશ્વરજી**

**શ્રીમદ્
બુદ્ધિસાગરજીના
વિવિધ સાહિત્યની
એક ઝલક.**

સોનો આંક વ્યવહારમાં સાહસનો પ્રતિક મનાય છે.

મેટ્રીકની પરીક્ષામાં તાજા જ પાસ થનાર વિદ્યાર્થીને કોઇ કંપનીમાં સો રૂપિયાના પગારની નોકરી મળે છે તો તે રાજીનો રેડ બની જાય છે. અને સો રૂપિયાના પગાર માટે એ ગૌરવ પણ અનુભવે છે.

કોઇ સંસ્થા કે વ્યક્તિને સો વરસ થયાં હોય તો તેની જયંતિ ધામધુમથી ઉજવવામાં આવે છે.

અને કોઇ ક્રિકેટવીર સો રન બનાવે છે તો તેનો–સેન્ચુરીને તાળીઓના ગડગડાટથી વધાવી લેવામાં આવે છે.

આમ સોના આંકનું મહત્ત્વ ઘણું જ વધારે છે.

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજીને જ્યારે શિષ્ય બનાવવા અંગે વિચાર આવ્યો ત્યારે તેમણે વિચાર કર્યો કે શિષ્ય બનાવવા તો એવા બનાવવા કે જે સદાય અમર રહે. મારી પાછળ પણ એ શિષ્યો મારા જીવન સંદેશને સદાય ગૂંજતો રાખે. માટીના માન-

વીને બનાવેલા શિષ્યો તો ક્યારેક પણ કાળ ધર્મ પામવાના જ. એવા શિષ્યો નહિ પણ સદાય જીવતાં રહે એવા ગ્રંથ શિષ્યો હું બનાવીશ. અને તેવા ૧૦૮ ગ્રંથ શિષ્યો બનાવવાનો તેઓશ્રીએ સંકલ્પ કર્યો.

આ સંકલ્પ કરીને તેઓશ્રી માત્ર બેસી જ ન રહ્યા. પરંતુ એની સર્જનામાં તેઓ રાત દિવસ લાગી ગયાં.

અને આજે તો તેઓશ્રી કાળ ધર્મ પામ્યા છે પરંતુ તેમના એ ગ્રંથ શિષ્યો આજે પણ તેમની ગૌરવ ગાથા ગાય છે.

લગભગ નાનાં મોટા મળી તેઓશ્રીએ ૧૪૦ ગ્રંથો લખ્યાં છે, એ તમામ ગ્રંથોમાં માત્ર કલ્પના વિહાર કે લાગણીઓની રમત માત્ર નથી. તેમાં ઊંડુ ચિંતન છે. વિષય પરત્વેનો ઊંડો અભ્યાસ છે. અને વિવિધ વિષયો ઉપર તેઓશ્રીએ એકધારી કલમ ચલાવી છે.

સંસ્કૃતમાં લખ્યું છે અને ગુજરાતી ભાષામાં પણ લખ્યું છે. ગદ્યમાં યે લખ્યું છે અને પદ્યમાં પણ લખ્યું છે. અને આ બધું જ સાહિત્યના વિવિધ પ્રકારોમાં લખ્યું છે. માત્ર એક જ વિષય લઇને આખો ય ગ્રંથ લખ્યો છે. અનેક વિષયોને સમજાવતા એવા ગ્રંથ પણ લખ્યા છે. મૌલિક ગ્રંથો પણ લખ્યાં છે અને અનુદીત ગ્રંથો પણ લખ્યાં છે. બીજાના ગ્રંથો ઉપર પોતે જ વિસ્તૃત વિવેચના કરી છે. અને ક્યાંક વાચક પોતાની પદ્યકૃતિને વાંચતાં કોઇ ગેરસમજ ઊભી ન કરી બેસે તે માટે એ પદ્યની સમજૂતી પણ પોતે લખી છે.

કોઈ નિમિત્ત મળતાં કોઇ ગ્રંથ લખ્યો છે તો કોઈ ગ્રંથ સહજ સ્ફુરણાથી પણ લખ્યો છે. શોક વિનાશક ગ્રંથ ત્રણ ત્રણ વાર કોઇના શોકને આશ્વસ્ત કરવા માટે લખ્યો છે. તો ખ્રિસ્તીયોને જડબાતોડ જવાબ આપવા માટે **જૈન ધર્મ અને ખ્રિસ્તી ધર્મનો મુકાબલો** તેમ જ લાલા લજપતરાયના જૈન ધર્મ વિષેના કેટલાક ખોટા વિધાનોનો જવાબ આપવા માટે **લાલા લજપતરાય અને જૈન ધર્મ** જેવાં ગ્રંથો લખ્યાં છે. ગુજરાતી સાહિત્ય પરિષદ માટે **શ્રીમદ્ યશોવિજયજી જીવન નિબંધ** પણ લખ્યો છે. સમાધિમાં પ્રભાતના પ્રથમ પ્રહારે પોતાના ગુરુનો સાક્ષાત્કાર થયો અને તેમણે જે બોધ આપ્યો તેના પરથી **ગુરુબોધ** પણ લખ્યો છે. ઘંટાકર્ણ મહાવીર વિષે ઉહાપોહ થતાં–**જૈન ધાર્મિક શંકા સમાધાન** ગ્રંથ લખ્યો છે. આમ કેટલાક ગ્રંથો નિમિત્તભૂતના સર્જક બન્યાં છે. બાકી મોટા ભાગની સર્જના તેમની મૌલિક અને સ્વયં સ્ફુરિત છે.

યોગ, અધ્યાત્મ આત્મા અને તત્ત્વજ્ઞાન એ તેમનાં વધુ પંડતાં મન ગમતાં વિષયો હોઇ તેના પર લખાયેલાં, ગ્રંથો સંપૂર્ણ ને સફળ બન્યાં છે. **'કર્મયોગ, યોગ દીપક, સમાધિ શતક, આત્મ શાંતિ, આત્મ પ્રકાશ, આત્મ દર્શન,** વગેરે ગ્રંથો તે તે વિષય ઉપરની તેમની પ્રભુતાનું દર્શન કરાવી જાય છે.

ધર્મ અને તત્ત્વજ્ઞાન સાથે સાથે તેઓશ્રીએ સમાજની પણ ચિંતા રાખી હતી. અને તેના વિષે પણ ગ્રંથો લખ્યાં હતાં. **'સંઘ પ્રગતિ', કન્યા વિક્રય દોષ, જૈન ગીતા, જૈનોપનિષદ્‌,** વગેરે ગ્રંથો સમાજ માટે આજે પણ પ્રેરણાદાયી છે.

આ ગદ્ય સાહિત્ય તેઓશ્રીએ પત્રો, ડાયરી, સંવાદો. વગેરેના માધ્યમથી લખ્યું છે. બોધક કથાઓ પણ ક્યાંક ક્યાંક લખી છે.

ગદ્યમાં પોતાના શ્રધ્ધેય, પ્રેરક એવા મહાન પુરુષોના જીવન ચરિત્રો પણ લખ્યાં છે. શ્રીમદ્‌ આનંદઘનજી મહારાજ, શ્રીમદ્‌ દેવચંદ્રજી તેમજ શ્રીમદ્‌ ઉપાધ્યાય શ્રી યશોવિજયજી એ પૂર્વકાલીન અધ્યાત્મ યોગીઓ તેમજ પોતાના જીવન તારક અને ગુરુદેવ શ્રી રવિસાગરજી મહારાજ સાહેબ તેમજ શ્રીમદ્‌ સુખસાગરજી મહારાજ સાહેબના નાના મોટાં જીવન ચરિત્રો લખ્યાં છે. પોતાના ગુરુદેવ ઉપર તો આખી **શ્રી સુખસાગર ગુરુગીતા** લખી છે. જ્યારે પૂર્વકાલીન અધ્યાત્મ યોગીઓના જીવન અને કવન ઉપર મોટા ગ્રંથો લખ્યાં છે. **શ્રીમદ્‌ દેવચંદ્રજીનો** ગ્રંથ તો ત્રણ ભાગમાં વ્હેંચાયેલો છે.

**જૈન ધર્મની પ્રાચીન અર્વાચીન સ્થિતિ, જૈન ધાતુ પ્રતિમા લેખ સંગ્રહ ભાગ ૧-૨** તેમજ **વિજાપુર બૃહદ્‌ વૃત્તાંત** વગેરે ગ્રંથો તેઓશ્રીનો ઇતિહાસ વિષેનો રસ પણ કેવો હતો તે બતાવે છે.

આમ ગદ્યમાં તેઓશ્રીએ ઘણા પ્રકારે સફર ખેડી છે. તો પદ્યમાં પણ તેમનું પ્રદાન કંઇ જેવું તેવું નથી. ભજનના અગીયાર સંગ્રહો લખ્યાં છે. અને આખીય બારાખડીના એક એક અક્ષર પર અનેક પંક્તિઓ વાળો-**કક્કાવળી** સુબોધ-જેવો પદ્ય ગ્રંથ લખ્યો છે.

અને આ પદ્યમાં પણ તેવું જ વૈવિધ્ય છે. ભજનો, પદો, ગઝલો, કવ્વાલીયો, સ્તવનો, સ્તુતિયો, સજ્ઝાયો, ગહુંલીયો, ઊર્મિ ગીતો, ભક્તિ ગીતો, પ્રભાતિયાં, તેમજ ખંડ કાવ્યો વગેરે અનેક પ્રકારોની રચના તે સંગ્રહોમાં જોવા મળે છે. ઉપરાંત તેમનું વિષય વૈવિધ્ય પણ વિસ્તૃત છે. આકાશના પ્રકૃતિ તત્ત્વથી માંડીને આત્માના પુણ્ય તત્ત્વ સુધીના તમામ

તત્ત્વો પર પદ્ય રચનાઓ છે. અને એ બધી જ રચનાઓ વિવિધ રાગ રાગીણીઓમાં ગાયી શકાય તેવી છે. સંસ્કૃતમાં પણ કેટલીક પદ્ય રચનાઓ છે.

અને આ બધી જ ગ્રંથ સર્જના શ્રીમદ્જીએ માત્ર પચ્ચીસ વરસના સમયમાં જ કરી છે. તે પણ એવા સમયમાં કે જે સમયમાં તેઓશ્રી વિહાર કરતાં હોય, નિત્યની નૈમિત્તિક પ્રવૃત્તિઓ કરતા હોય, રોજના અનેક મુલાકાતીઓને મુલાકાત આપતા હોય, તેમજ રાતના તો 'લેખન બંધ એવા પ્રવૃત્તિના ધમધમાટ વચ્ચે આવા બેનમૂન ને બહુમૂલ્ય, સોથી યે વધુ ગ્રંથોનો અમૂલ્ય વારસો મૂકી જનાર શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજીને જૈન સાહિત્યના 'સમ્રાટ' તરીકે વંદન કરીએ તો એ યોગ્ય જ ગણાશે.

★


## અહિંસા જીવનનો પરમ ધર્મ છે.



**દસાવાડા-ચારૂપ અને મેત્રાણા તીર્થ વચ્ચે આવેલું** છે. પૂ૦ મહારાજશ્રીના સદુપદેશથી **જીવદયા મંડળી** સ્થાપવામાં આવી છે. તે મંડળીના કાર્યવાહકો આજુ બાજુના ગામોમાંથી જીવોને છોડાવી અહીં લાવે છે. **પાંજરાપોળ** માટે જગ્યા મળી છે પણ મકાન ખર્ચ માટે તેમજ જીવ છોડાવવામાં ખર્ચ પણ ઠીક-ઠીક થાય છે તો જીવ દયાપ્રેમી ગૃહસ્થોને વિનંતિ કરવામાં આવે છે, કે યથાશક્તિ રકમ મોકલી જીવદયાના પુણ્ય કાર્યનાં સહકાર આપશો.

**આપની એક એક પાઈનો સદુપયોગ થશે.**

મદદ મોકલવાનું ઠેકાણું :—

શ્રી જોરાભાઇ કરણસિંહ દેસાઈ, મંત્રી,
**શ્રી જીવદયા મંડળી દશાવાડા,** વાયા પાટણ જિ. મહેસાણા (ઉ. ગુ.)

લી. સેવકો,

**શાહ બાબુલાલ મોહનલાલ કલાણાવાળા**
**શાહ રકબીચંદ અમીચંદજી વાગડોદવાળા**
**શાહ નેમચંદ જેચંદભાઇ પાટણ**
**શાહ ભગવાનજી ભેમાજી દશાવાડા (સરપંચ)**
**શેઠ કિશનચંદ ભોજરાજ**

ટ્રસ્ટીઓ, **દશાવાડા**

# જરા ધીમેથી હસજો હોં

## આળસુ નંબર ૧.

નથુરામ પોતાની તૂટેલી ખાટલીમાં પડ્યો પડ્યો રોજ પડકારા કરે:—

"બાવન વીર બાંધુ. ચોસઠ જોગણી બાંધુ. ભૈરવ બાંધુ. માથા વિનાનો બાવીસ બાંધુ. વાંસા વિનાની ચૂડેલ બાંધુ. જે ભભૂતનાથ! કેણુ ડાકણના દાંત પાડનારી કોટી ભુજાળી કાળકા બાંધુ..."

દીકરાના હાકલા—પડકારાથી ગળે આવી એક દિવસ એના વૃદ્ધ બાપાએ નથુરામનો કાન પકડી કહ્યું:—

"બેટા નથુ! મારે બાવન વીરે ય નથી બંધાવા અને ચોસઠ જોગણી ય નથી બંધાવી તું તારે આ તારી તૂટેલા વાણ વાળી ખાટલી બાંધે ય તો ય બસ..."

⊙

## આળસુ નંબર ૨.

એક ઘોડેસ્વાર રસ્તે જતો હતો. તેણે જોયું કે એક આંબાના ઝાડ નીચે બે માણસો લાંબા થઈને પડયા હતા.

ઘોડેસ્વારને જોઈને એક જણે કહ્યું:—

'અરે, ભાઈ! જરા એક કામ કરશો?'

'શું?'

'જરા પેલી બાજુ પડેલી કેરી મારા મોઢામાં મૂકતા જશો?'

ઘોડેસ્વાર તો આ સાંભળી આભો બની ગયો. તેણે જરા રોષમાં કહ્યું:—

'ભલા ભાઇ! તું પણ ખરો છે. હું ઘોડા પરથી ઉતરી તને કેરી આપું તેના કરતાં જરા ઊભા થઈ એ કેરી લેતાં તને શું જોર પડે છે? મેર મૂઆ! આળસુના પીર!!!'

આનો સૂર પૂરાવતાં બીજા માણસે કહ્યું:—

'તમારી વાત સાવ સાચી છે હોં!

ઈવડો ઇ આળસુનો પીર જ છે. ગઈ કાલે એક કૂતરું મારું મોઢું ચાટતું હતું તો ઇ ભાયડાએ હડકારો સુદ્ધાં નહોતો કર્યો બોલો હવે તમને શું કહેવું?

⊙

માનવીનું
મન ક્યારેક નિર્બળ
બને છે ત્યારે એ પાપ કરી બેસે છે.
પરંતુ જ્યારે એ નિર્બળતા
ખંખેરી ઊભો થઈ જાય છે ત્યારે
પ્રભુને એક જ પ્રાર્થના
કરે છે

# "અસત્યો માંહેથી...."

પાપથી ખરડાયેલા
જીવનને અંતરના પશ્ચાતાપથી
નિર્મળ કરતા માનવીની
એક ઊર્મિલ કથા.

## "અસત્યો માંહેથી...."

લે : મુકુલ બક્ષી.

"**અ**સત્યો માંહેથી પ્રભુ! પરમ સત્યે તું લઈ જા." એ શબ્દો તો એના એજ હતા પણ ભાવ બદલાઈ ગયો હતો. બા જીવતાં હતાં ત્યારથી આ પ્રાર્થના કરવાની પ્રણાલિકા પડી ગયેલી. સાંજનું ભોજન લીધા પછી કુટુંબના સર્વ સભ્યો ભગવાનના ફોટા આગળ હાજર થાય અને ઉપરની પ્રાર્થના કરે. બાના સ્વર્ગવાસ પછી પણ એ કાર્યક્રમ ચાલુ રહ્યો. પણ અમે ખરી રીતે તો બાના ગયા પછી પ્રાર્થના કરવા ખાતર જ કરતા. એનો ઊંડો ધ્વનિ હજી અમારા હૃદય સુધી પહોંચ્યો નહોતો.

અને બા જીવતાં હતાં એ વેળાનો અમારા કુટુંબનો ભૂતકાળ મને યાદ આવે છે. પ્રભુ દુશ્મનને પણ ન દેખાડે એવા એ દિવસો હતા! બાપુજી એક ખાનગી પેઢીમાં નોકરી કરતા હતા. એમના ટૂંકા પગારમાં કુટુંબનું માંડ માંડ પુરૂં થતું હતું. નવરાશની વેળાએ

બા આડોશીપાડોશીઓનું કામ કરી વધારાની આવક લાવતાં એટલે ઘરનું ગાડું ગબડયે જતું.

પાયધુનીની એક ગલીના એક માળામાં અમારી નાનકડી ઓરડી હતી. જેમાં સૂર્યકિરણો ભાગ્યે જ પ્રવેશતાં. વરસાદની મોસમમાં બાજુની ગટરમાં પાણી ઊભરાતાં ને એમાંથી સડેલા ખોરાકની માથું ફેરવી નાખનારી વાસ આવતી. અમારી એ વેળાની પરિસ્થિતિનો વિચાર કરું છું ત્યારે અત્યારે પણ મારાં રૂવાડાં ખડાં થઇ જાય છે!

એ પછી તો ઘણું ઘણું બની ગયું. ચિંતા, પૂરતા પોષણનો અભાવ અને પરિસ્થિતિને કારણે બાપુજી ખાટલે પડયા. એ ફરી કદી ઊભા જ ન થઈ શકયા! પૈસાના અભાવે બાપુજીએ કદાચ કોઈ ડૉકટરને પણ બતાવ્યું નહિ હોય.

બાપુજીના મૃત્યુ પછી અમારે માથે દુઃખના ડુંગર તૂટી પડયા! કમાણીનું કોઈ સાધન નહિ અને લેણદારોનાં બીલો વધતાં જ ચાલ્યાં. કેટલાકે તો ઉધાર આપવાનું ય બંધ કર્યું. બા પાડોશીઓનાં કામ કરતી, પણ એથી શું પુરું થાય?

મારા નાનકડા મગજમાં ત્યારે ઘણા ઘણા વિચારો આવી જતા. કંઈક કામ કરીને બાને મદદ કરવાની વૃત્તિ જાગતી, પણ મારા નાનકડા હાથ હેઠા પડતા.

પણ એક દિવસ અમારા ઘરમાં એક દેવદૂતે અમારું દુર્ભાગ્ય ટાળવા પ્રવેશ કર્યો–અરે! દેવદૂતે નહિ પણ સ્વયં દેવે! માનવના રૂપમાં એ આગંતુક સાચે જ દેવ હતો!

એ દેવ તે મારા બાપુજીના શેઠ. એક દિવસ તે ઓચિંતા જ અમારે ઘેર આવ્યા ને અમારા દુઃખ માટે સહાનુભૂતિ વ્યક્ત કરતાં તેમ જ બાને ઠપકો આપતાં એમણે કહ્યું: "તમારે મને સાચી હાલત તો જણાવવી હતી? ચીમનલાલે મારી પેઢી પાછળ પોતાના લોહીનું પાણી કર્યું હતું. તેના કુટુંબની સંભાળ હું ન લઉં એટલો બધો નગુણો મને ધાર્યો? એ તો સારું થયું કે બહારથી મને ખબર પડી. ચીમનલાલ પણ જબરા નીકળ્યા! સાચી હાલતનો મને તાગ જ ન આવવા દીધો!"

અને એ પછી તો એ ભલા શેઠ તરફથી અમને માસિક અમુક રકમ નિયમિત મળવા લાગી હતી. રકમ નાની હોવા છતાં અમારા મા દીકરાનું એમાંથી ખુશીથી ચાલ્યું જતું. કોઈ પણ નકામો ખર્ચ ન કરવાની અમે કાળજી રાખતાં. બા ખૂબ કરકસરથી ચલાવતી.

અને આમ ને આમ હું મેટ્રિક પાસ થઈ ગયો. બાપુજી ડૉકટરી સારવારને અભાવે મરણ પામેલા એટલે

ઊંડે ઊંડે મારી એવી ઇચ્છા ખરી કે ડૉક્ટર બનીને લોકોની સેવા કરવી, પણ અમારા સંજોગો વિચારીને એ ઇચ્છા હું મનમાં જ શમાવી દેતો. એટલી નાની વયે પણ મને પ્રમાણમાં દુનિયાદારીનું વિશેષ ભાન હતું. આગળ ભણવાનું કહીશ તો બાનું મન કદાચ કચવાટ અનુભવશે એવું લાગતાં આગળ ભણવાની મારી ઇચ્છા નથી એવું મેં પોતેજ બાને કહ્યું. બાની ઇચ્છા હતી કે એમની હયાતીમાં જ હું સ્થિર થઇ જાઉં.

એટલે બાપુજીના શેઠની પેઢીમાં જ દાખલ થઇ જવાની વાત જ્યારે મેં બાને કરી ત્યારે એણે સહર્ષ સંમતિ આપી. એ પછી બાએ જ્યારે શેઠને એ વિશે કહ્યું ત્યારે શેઠે માત્ર એટલું જ કહ્યું: "ખુશીથી તમારું જ ઘર છે."

અને હું એમની પેઢીમાં જોડાઇ ગયો. મારા અક્ષર સારા હતા એટલે શેઠે પહેલા મને નામું લખવા રાખ્યો. કામ કરવાની મારી ધગશથી તેમજ મારા મહેનતુપણાથી શેઠ મારા પર ખૂબ રાજી હતા. ધીમે ધીમે હું પેઢીનાં બીજાં કામોમાં પણ ધ્યાન રાખવા લાગ્યો. શેઠ સોદા કરતા તેમાં પણ મારી નજર હું પહોંચાડવા લાગ્યો. એમ વર્ષો વીતતાં ગયાં ને હું ધીમે ધીમે આગળ વધતો જ ગયો.

અને હું એટલે સુધા આગળ વધી ગયો કે શેઠે એક દિવસ પોતાની પુત્રી મને પરણાવવાનો પ્રસ્તાવ બા પાસે રજુ કર્યો! બા તો પ્રથમ એ માનીજ શકી નહિ! એમને ઘડીભર એમ જ લાગ્યું કે એટલું બધું સુખ કદાચ પોતાનું હૃદય નહિ જીરવી શકે. એમણે હા કહી, પણ શેઠે મારી સંમતિ વગર એ બાબતમાં આગળ વધવું યોગ્ય ન ધાર્યું. મને પૂછવામાં આવતાં નત મસ્તકે મેં એમની વાતનો સ્વીકાર કર્યો.

અને અમારાં લગ્ન થઇ ગયાં. આજ સુધી પણ હું એ નથી જાણી શક્યો કે સુરભી સાથે પરણવા માટે મેં હા પાડેલી એની પાછળ શેઠ પ્રત્યેની મારી લાગણી હતી કે સુરભીનો શાંત અને સૌજન્યશીલ સ્વભાવ હતો.

સુરભી સમજુ હતી એ તો હું જાણતો જ હતો, પણ તે કેટલી બધી સમજુ હતી તેની તો મને પરણ્યા પછી જ ખબર પડી. પરણ્યા પછી થોડેક મહિને એણે નમ્રતાપૂર્વક મને એક સલાહ આપી અને હું ચમકી ગયો! પણ વિચાર કરતાં મને એની વાત તદ્દન ખરી લાગી. મારા પોતાના ધ્યાનમાં એ વાત કેમ ન આવી એની મને નવાઈ લાગી.

એટલે એક દિવસ મેં શેઠને કહ્યું: "આપે અત્યાર સુધી મને દીકરા તરીકે રાખ્યો છે એ આપનો ઉપકાર જેવો તેવો નથી. પણ હવે આપનો જમાઈ

થઈને હું આપને ત્યાં રહું એ આપણા બેઉ માટે શોભાસ્પદ નથી. હું હવે મારો સ્વતંત્ર 'બીઝનેસ' શરૂ કરવા ઈચ્છું છું."

ઉદાર દિલના અને ભલા શેઠે મારી સ્વાશ્રયી વૃત્તિની પ્રશંસા કરીને મારી વાત કબૂલ રાખી એટલું જ નહિ પણ ભાવિ સફળતા માટે મને આશીર્વાદ આપ્યા. તદુપરાંત નવો ધંધો શરૂ કરવામાં મને નાણાંકીય મદદ પણ કરી.

આમ મેં નવો ધંધો શરૂ કર્યો. કંઈ પણ નવું કામ કરતા પહેલાં હું શેઠની સલાહ લેતો જ એમણે મને ઘણું ઘણું માર્ગદર્શન આપેલું એ વાત મારાથી નકારી શકાય એમ નથી.

મારો ધંધો વિકસવા માંડયો. ધીરે ધીરે આવકમાં પણ વધારો થતો ચાલ્યો. એટલે અમે અમારી ઓરડી કાઢી નાખીને એક નાનકડો બ્લોક લીધો. અમારા ત્રણેનું જીવન સુખ શાંતિમાં પસાર થવા લાગ્યું. બાએ પૌત્ર-પૌત્રીનું સુખ પણ જોયું. કિરણ અને સુપ્રિયાને રમાડતાં એ થાકતાં જ નહિ !

પણ દુઃખ પછી સુખ અને સુખ પછી દુઃખ એ સૃષ્ટિનો અટલ ક્રમ છે. મારે અને સુરભીએ એ પછી બે ઘા સહેવા પડયા. એક કરુણ પળે બાએ આ દુનિયામાંથી વિદાય લીધી ! એ પછી ત્રણેક મહિને શેઠે પણ વિદાય લીધી ! એ બેઉનાં મૃત્યુથી અમને બેઉને દુઃખ થાય એ સ્વાભાવિક હતું. પણ એ બેય અમારું સુખી કુટુંબ જોઈને ગયાં હતાં એ વાતનો અમને સંતોષ હતો.

પણ મને મળેલી સ્વતંત્રતા હું લાંબા સમય સુધી જીરવી ન શકયો. મારી મહત્વાકાંક્ષાઓ અને જરૂરિયાતો ધીમે ધીમે વધવા લાગી. ધનલાલસા ઉત્તરોત્તર તીવ્ર બનતી ગઈ. જીવણલાલ અને ઈશ્વરલાલ નામે બે અપ્રમાણિક વ્યક્તિઓના સંસર્ગમાં હું આવ્યો. મેં તેમની સલાહથી દાણચોરીનો ધંધો શરૂ કર્યો. મારા પાસા પોબાર પડવા માંડયા ને મારી આવક શુક્લ પક્ષના ચન્દ્રની પેઠે વધવા લાગી. પણ મારા લોભને થોભ નહોતો. જેમ જેમ પૈસો વધતો ચાલ્યો તેમ તેમ વધુ ધન મેળવવાના લોભે હું એ દાણચોરીના ધંધામાં આગળ ને આગળ વધતો ગયો.

અને પછી તો અમારો એક નાનો બ્લોક છોડીને અમે વાલકેશ્વરના એક 'ફ્લેટ' માં રહેવા ગયાં. એક સરસ 'એમ્બેસેડર' કાર પણ ખરીદી. ઘરમાં રેડિયોગ્રામ અને રેફ્રીજરેટર પણ આવી ગયાં. કિરણ અને સુપ્રિયાને કોન્વેન્ટ સ્કૂલમાં દાખલ કરાવ્યાં. સુપ્રિયા માટે નૃત્યશિક્ષક પણ રોકયો. નાનકડો કિરણ કાલુઘેલું અંગ્રેજી બોલતો અને સુપ્રિયા

નૃત્ય કરતી ત્યારે મને લાગતું કે "સુખ તો હવે જ આવ્યું છે."

આ બધા અણધાર્યા ફેરફારોથી સુરભીને ગંધ આવી ગઇ કે મારી આવક કોઇક આડે માર્ગે આટલી બધી ત્વરાથી વધતી હોવી જોઇએ. મારા ચાલુ ધંધામાંથી એટલી બધી આવક થવાનો સંભવ નહોતો એ સમજતાં એને વાર ન લાગી. એણે બે ત્રણ વાર એ વિષે મને પૂછેલું યે ખરું. પણ ત્યારે મેં આડીઅવળી વાતો કરીને એની વાત ટાળી દીધેલી.

પણ છેવટે સુરભી એક દિવસ હઠ પકડીને બેઠી. મને કહ્યું: "આટલી બધી કમાણી ક્યાંથી આવે છે એ તમારે આજ તો મને કહેવું જ પડશે." તેની પૂછવાની રીત પરથી જ મને લાગ્યું કે આજે એ સહેલાઇથી નહિ માને. મેં કહ્યું: "ગમે ત્યાંથી લાવું છું. તારે શું કામ છે?"

એ પણ મક્કમ હતી. એણે કહ્યું: "હું નીતિનું ખાઉં છું કે અનીતિનું એ તો મારે જાણવું જોઇએને?"

એની નીતિ-અનીતિની વાત સાંભળીને ગુસ્સે થતાં મેં કહ્યું: "તું તારું કામ કર્યા કર. મારી વાતમાં માથું ન માર."

એને એક હળવો આઘાત લાગેલો કેમ કે મેં આજ સુધી એને કદી યે એક શબ્દ પણ ઊંચે સાદે કહ્યો નહોતો. એટલે આજ એને મારા ઉપલા શબ્દો આકરા લાગે એ સ્વાભાવિક હતું. પણ એને એ રીતે ચૂપ કરી દીધા સિવાય બીજો ઇલાજ પણ નહોતો. મારી મબલખ આવકનું ભયંકર સાધન હું તેને જણાવવા ઇચ્છતો નહોતો.

તે પછી સુરભીએ મને કંઇ કહ્યું નહિ, પણ મારા વૈભવમાં ત્યારપછી


Grams : **SUKESHI** Pho 334238

Please Contact For.

ALLOY TOOL STEEL.

AND

- High SPeed Steel
- O. H. N. S. Steel
- Stainless Steel
- High Carbon High Chrome
- Carbon Steel
- Nickle Chrome Steel
- Hot Die Steel

**UNITED STEEL AGENCY**

(India) 92, Nagdevi Street, **BOMBAY-3.**

એ જળકમળવત્ રહેવા લાગી. રવિવારે હું આગ્રહ કરું એટલે મારી જોડે કારમાં ફરવા આવે, પણ પહેલાં પગે ચાલીને ફરતાં જે ઉત્સાહ અને ઉલ્લાસ એનામાં જોવા મળતો તે હવે અદૃશ્ય થઈ ગયો હતો. મારી કોઈ પણ વસ્તુને અડતાં તે દાઝતી હોય એવું લાગતું ! એનું એ પ્રકારનું વર્તન મને અકળાવી મૂકનારૂં હતું, પણ હું હવે શું કરી શકું તે મને સમજાતું નહિ.

એવામાં મારી આંખ ઉઘાડનારો એક પ્રસંગ બન્યો. દાણચોરીનો માલ લાવતાં જીવણ ઝડપાઈ ગયો. મેં એ વાત સાંભળી ત્યારે મારા હોશકોશ ઊડી ગયા ! પણ એ પછી ઇશ્વરલાલ મને મળ્યો તે વખતે તો એના પેટનું પાણી પણ હાલતું નહોતું ! મેં તેને ચિંતાથી પૂછ્યું: "આપણું હવે શું થશે ?" તેણે કહ્યું: "હું જ્યાં સુધી બેઠો છું ત્યાં સુધી તમારે કશી ચિંતા કરવી નહિ." મેં કહ્યું: "પણ જીવણ આપણું નામ દેશે તો શું થશે ?" ખંધાઈભર્યું હસતાં એણે કહ્યું: "મેં એવી ગોઠવણ કરી છે કે જીવણ ધારે તો પણ આપણને સપડાવી શકે નહિ."

તેની આ વાત સાંભળી મારે હૈયે શાતા થઈ. મેં પૂછ્યું: "પણ હવે તેનાં બૈરાં છોકરાનું શું કરીશું ?"

ઇશ્વરલાલે કહ્યું: "ગાંડા થયા છો કે શું ? એના કુટુંબને મદદ કરીને આપણે ખુલ્લા પડી જવું છે શું ?" એ સાંભળી હું ચૂપ જ થઈ ગયો.

કેસ ચાલ્યો. જીવણને દસ વર્ષની સજા થઈ. એ સાંભળી મને આખી રાત ઊંઘ ન આવી. રાતભર પડખાં ફેરવતો રહ્યો. જીવણના કુટુંબની હાલત મારી નજર સમક્ષ તરવા લાગી. અનાજના એકએક દાણા માટે ટળવળતાં જીવણનાં બાળકો મારી કલ્પનામાં ખડાં થયાં. રડી રડીને સૂઝી ગયેલી જીવણની સ્ત્રીની આંખો મારી દૃષ્ટિ સમીપે તરવરવા લાગી. એ જાણે મને કહેતી હોય એમ લાગ્યું. "મારી આવી દશા માટે તમે જ જવાબદાર છો !"

મેં કહ્યું: 'ના, ઇશ્વરલાલ."

"તમે ધાર્યું હોત તો કંઈક કરી શકત. મારી દશા પણ જુઓને ? એ માટે પણ તમે જવાબદાર છો !" સુરભી જેવો અવાજ મારે કાને પડ્યો. હું ચમકી ગયો ! અવાજની દિશામાં મેં જોયું તો સુરભી પણ જીવણની પત્ની જેવી દશામાં જ ઊભી હતી ! એ જ અવાજ આગળ સંભળાયો: "મારું કહેવું ન માનીને છેવટે તમે મારી આવી જ દશા કરીને ? ત્યાં જુઓ ! તમારાં લાડકાં કિરણ અને સુપ્રિયા શું કરે છે ?"

મેં દૂર નજર કરી તો એક ગટર પાસે ઊભાં રહીને મારાં બે બાળકો પાણી ઉડાડતાં હતાં. એક બેડનો

ટુકડો તરત આવ્યો અને કિરણે તે ઊપાડી લીધો, પણ કિરણ એ ખાય એ પહેલાં તો સુનિયાએ એ ઝૂંટવી લીધો !

મારાથી ચીસ પડાઈ ગઈ. "નહિ, સુરભી ! નહિ."

બાજુમાં સૂતેલી સુરભી જાગી ગઈ. લાઈટ કરીને તેણે મને પૂછ્યું. "શું થયું ?"

હું બેબાકળો બની ગયો. પણ પછી તરત જ થોડીક સ્વસ્થતા ભેગી કરી લઈને મેં કહ્યું: "એ તો અમસ્તું જ એક ખરાબ સ્વપ્ન આવેલું."

"ના, તમે જરૂર મારાથી કંઈક છુપાવો છો." સુરભીએ પ્રેમથી કહ્યું.

હું ગળગળો થઈ ગયો. મારી આંખો ભીની થઈ ગઈ. ધીમે ધીમે મેં સુરભીને બધી વાત કરી.

મારી વાત સાંભળ્યા પછી એણે કહ્યું: "હવે તમારો શો વિચાર છે?"

હું પાછો વિચારમાં પડી ગયો: "દાણચોરીનો આ ધંધો છોડી દઉં તો......તો મારે બધું જ છોડવું પડે. આ વિશાળ ફ્લેટ પણ કાઢી નાખવો પડે, કાર પણ કાઢી નાખવી પડે અને કિરણ તથા સુનિયાને કોન્વેન્ટ સ્કૂલમાં પણ ન ભણાવી શકાય."

પણ તરત જ મેં મનને મજબૂત કર્યું. દૃઢ સંકલ્પ કરી લીધો. જે પૈસો મને અને મારા કુટુંબને સાચું સુખ આપી શકે તેમ નહોતો તે પૈસાની મારે જરૂર નહોતી. જે વૈભવમાં હું એક રાત પણ નચિંતપણે સૂઈ ન શકું એ વૈભવનો મારે ખપ નહોતો. મેં સુરભીને કહ્યું: "સુરભી ! જ્યારે તું મારી સાથે છે ત્યારે હું આ બધું છોડીને ફરીથી સાદું જીવન શરૂ કરવા તૈયાર છું !"

સુરભીએ કહ્યું: અને જીવણના કુટુંબને પણ તમારે મદદ કરવાની છે."

મેં કહ્યું: "સુરભી ! તારી ઇચ્છા એ જ મારી ઇચ્છા !"

અને સુરભીની પાંપણો ભીની થઈ ગઈ.

ઇશ્વરલાલને મેં મારો નિર્ણય જણાવ્યો ત્યારે તેણે મને નાદાન કહ્યો. પણ મને હવે જગતની કોઈ પણ શક્તિ સત્યના માર્ગ પરથી પાછો વાળવા અસમર્થ હતી.

ફરીથી દૃશ્ય બદલાઈ ગયું. અમારું કુટુંબ ફરીને એક નાનકડા બ્લોકમાં કિલ્લોલ કરવા લાગ્યું.

એ નાનકડા બ્લોકમાં અમે પહેલે દિવસે પ્રાર્થના કરી ત્યારે એનો ઊંડો ધ્વનિ અમારા હૃદય સુધી પહોંચી ગયો હતો ત્યારે અમારું મન પણ ગાતું હતું; **"અસત્યો માંહેથી પ્રભુ ! પરમ સત્યે તું લઈ જા."**

★

# અશોક

## સીલ્ક અને વેલ્વેટ



ફેશન-ડી-પારીસ
કિંગ્સ વેલ્વેટ
પદ્મિનિ
કામિનિ
અશોક બ્યુટી
સાટીન
બ્રોકેડ
ટાફેટા
લાઈનીંગ
ટેપેસ્ટ્રી

સેલીંગ એજન્ટસ:

**મેસર્સ વી. ચત્રભૂજ એન્ડ કંપની પ્રાઈવેટ લીમીટેડ**

**કૃષ્ણ ચોક. એમ. જે. માર્કેટ, મુંબઈ-૨.**

ફોન: ઓફિસ — [illegible] મીલ્સ — [illegible] — [illegible]

તાર: વીસીક

મા

શારદાનો

શ્રીમદ્
બુદ્ધિસાગરજીના
સાહિત્ય સાધનાનો
એક ઉડતો
પરિચય

# સંનિષ્ઠ સાધક

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજીએ ગુજરાતની પ્રજાને સાહિત્યનો મબલખ વારસો આપ્યો છે. તેમણે ગદ્યમાં પણ લખ્યું છે અને પદ્યમાં પણ. ઈતિહાસ, તત્ત્વજ્ઞાન, અધ્યાત્મ, યોગ, કેળવણી, જીવન ચરિત્ર, પત્ર, સંવાદ અને ડાયરી વગેરે અનેક વિષયો ઉપર લખ્યું છે. બધા મળીને લગભગ દોઢસો આસપાસની ગ્રંથ સર્જના કરી છે.

તેમનો પ્રથમ ગ્રંથ સં. ૧૯૫૭ માં બહાર પડયો હતો. દીક્ષા લીધાનું ત્યારે એ પ્રથમ જ વરસ હતું. નવદીક્ષિત હતા એ સમયમાં. સુરતમાં ત્યારે એ બિરાજમાન હતાં

પૂજ્ય મોહનલાલજી મહારાજના એક વેળાના શિષ્ય શ્રી જિતમુનિજી દીક્ષા ફગાવીને ઈશુ પંથી બન્યા હતા. જયમલ પદમીંગ તેમનું નામ.

સુરતમાં આવી તે ઈશુના પ્રચાર સાથે જૈનધર્મ સામે કાદવ ઉડાડતા હતા. તે વખતનો તેમનો ધર્મ પ્રચાર જૈનધર્મના રાગી માટે અસહ્ય હતો. આથી તેમનું મોં બંધ કરવું જ રહ્યું.

નવદીક્ષિત મુનિરાજ શ્રી બુદ્ધિસાગરજીએ એ કામ માથે લીધું. કાગળ અને કલમ લઈ એ બેસી ગયાં. અને દસ જ દિવસના સમયમાં તેમણે લગભગ અઢીસો પાનાનો ગ્રંથ તૈયાર કર્યો. એ ગ્રંથ તે—"જૈનધર્મ અને ખ્રીસ્તી ધર્મનો મુકાબલો."

આ ગ્રંથ એ તેમના સાહિત્યનું પ્રથમ ફરજંદ. સાહિત્ય ખાતર સાહિત્ય કે કળા ખાતર કળા એવું કોઈ તેમને ધ્યેય નહતું. નિમિત્ત મળ્યું અને કલમનો સંગ કર્યો. અને આ સંગને સથવારો જીવનના છેલ્લા શ્વાસ સુધી રહ્યો.

જો કે આ ગ્રંથની સર્જના ઘણા ટૂંકા સમયમાં થઈ હતી. પરંતુ તેની સાધના વરસો પહેલાંની હતી. અને

એ સાધના પણ એકધારી અને અષ્ટાંગ સાધકના જેવી હતી.

આ સાધનાની ઝલક તેમના વિદ્યાર્થી જીવનમાં જોવા મળે છે. તેઓ એક તેજસ્વી વિદ્યાર્થી હતા. ખેડૂતના સંતાન હતા. શ્રમજીવી બાળ હતા. છતાં પણ દિલની લગનથી તે અભ્યાસ કરતા હતા. શાળાની પરીક્ષાઓ તેમણે પ્રથમ નંબરે ઉત્તીર્ણ કરી હતી.

આ શાળા જીવનમાં તેમને શ્રી ડાહ્યાભાઈ અને વત્સરાજ જીજી બારોટ નામના મિત્રો હતા. શ્રી ડાહ્યાભાઈની પાસે અનેક પ્રકારના પુસ્તકો હતા. જ્યારે બારોટ મિત્ર પાસે વારસાગત કાવ્ય શક્તિ હતી.

શ્રીમદ્જીની સાહિત્ય સાધનામાં આ બે મિત્રોનો પણ ફાળો છે. ડાહ્યાભાઈની પાસેથી તેમણે અનેક પ્રકારના પુસ્તકોનું વાંચન કર્યું વાંચનની એ ફાંફાફોળીમાં તેમને સરસ્વતીનો એક મંત્ર મળી આવ્યો. આ વાત તેમની જ કલમે વાંચીએઃ-તે ડાયરીમાં લખે છેઃ—

"...જૂના એક પાનામાંથી સરસ્વતી મંત્ર મળ્યો હતો. મેં તે મંત્રને ગોખીને મુખે કર્યો અને દરરોજ સરસ્વતી મંત્રનો જાપ કરવા લાગ્યો...."

આ સાથે સાથે એ પણ તેમની જ કલમે જાણી લઈએ કે સરસ્વતિ પ્રત્યે તેમને કેવી ઉત્કટ ભક્તિ હતી. આ જ નોંધમાં તે લખે છે —

"....જ્યાં સુધી સરસ્વતી પ્રસન્ન ન થાય ત્યાં સુધી પાન સોપારી, અડદની દાળ અને ગીલોડાનું શાક ખાવું નહિ....

....સવારમાં ઊઠીને ભણતી વખતે શારદાનું નામ દેતો અને મનમાં પ્રાર્થના કરી સહાય માંગતો હતો. શાળામાંથી છૂટી ઘેર જતાં પ્રથમ ગોખલામાં સરસ્વતી માતાનો દીવો કરતો હતો. એક સરસ્વતીની છબી મેળવી હતી અને સવારમાં વહેલો ઊઠીને હાથ જોડીને દર્શન કરતો હતો. અને મનમાં આજીજી કરી વિદ્યા ચઢવા માટે સરસ્વતી માને બાલક ભાવે વિનવતો હતો....

....કોઇ લખેલા કાગળ પર પગ દેતો નહતો તથા સરસ્વતી માતાના સોગન પણ ખાતો નહતો...."

સરસ્વતીની સાધના વિષેની આવી જ નોંધઃ-"જૈન ધર્મની પ્રાચીન અર્વાચીન સ્થિતિ" નામના ગ્રંથની પ્રસ્તાવનામાં પણ જોવા મળે છે.

"....સં. ૧૯૫૬ ના અષાઢી ચોમાસામાં........દીવાળીના ત્રણ દિવસનો અઠ્ઠમ કરીને તળેટી પાસે આવેલી સરસ્વતીની ગુફામાં ત્રણ દિવસ સુધી સરસ્વતીનું ધ્યાન તથા આત્મધ્યાન થયું હતું.......ને તેથી ઘણો આનંદ થયો હતો....."

આ નોંધો એ વાતની સાક્ષી પૂરે છે કે શ્રીમદ્જી સંસારમાં હતાં ત્યારથીજ સાહિત્યની ઉપાસના કરતા હતા. પણ આથી કોઇ રખે માની લે કે મંત્ર શક્તિથી તેમને સાહિત્ય સર્જના કરી હતી. મંત્રની આરાધના તો બળ મળે તે માટે કરી હતી. જો કે તેમની તમન્ના તો હતી કે શારદાનો સાક્ષાત્કાર કરવો. પરંતુ તેવું બન્યું નથી.

સાહિત્યની સર્જના માટે કે લેખક બનવા માટેના એક માત્ર હેતુથી જ કંઇ તેમણે કોઇ પ્રકારનું વાચન કે લેખન કર્યું નહતું. વાચન પ્રત્યે તેમને કુદરતી જ અનુરાગ હતો. અને આ રાગ તેમણે શાળા જીવનથી શરૂ કરીને જીવનના છેલ્લા વરસો સુધી જાળવી રાખ્યો હતો.

દીક્ષા લેતા પહેલાં પણ તેમનું વાચન ચાલુ જ હતું. ધાર્મિક અભ્યાસ સાથે તે બીજા ગ્રંથો પણ વાંચી લેતા હતા. રાસાઓનું વાચન તેમણે ખૂબ જ કર્યું હતું. અને તેને ગાવામાં તેમજ તેની કથા અને તત્ત્વ સમજ આપવામાં તેમણે સારી એવી હથોટી પણ મેળવી હતી.

આજોલમાં જ્યારે તે શિક્ષક બનીને આવ્યા ત્યારે પોતાના નિયત કાર્યના સમય ઉપરાંત બપોરના સમયે રાસાઓ વાંચવાનું તેમણે શરૂ કર્યું હતું. અને બપોરની આ બેઠકમાં જૈનો ઉપરાંત બીજી વર્ણના લોકો પણ આવતા હતા.

અધ્યાપનના આ કાર્ય સાથે સાથે પોતાનું વાચન તો તેમણે જારી જ રાખ્યું હતું. આ અંગે શ્રી જયભિખ્ખુ શ્રીમદ્જીના જીવન ચરિત્રમાં લખે છે:—

"......જેટલા મળ્યા તેટલા રાસા વીજાપુર, આજોલ કે અન્ય સ્થળેથી મંગાવીને વાંચ્યા......

...આજોલના ભંડારમાંથી જ્યોતિષનાં બે એક સારાં પુસ્તકો મળ્યાં, તે વાંચી લીધા......

......માણસાના શેઠ વીરચંદભાઇ પાસે છાપેલું **'સૂયડાંગ સૂત્ર'** હતું તે પણ વંચાઇ ગયું. તે પછી તો જાગૃત થએલી વાચન તૃષાને શાંત કરવા **' પ્રકરણ રત્નાકર '** ના બે ભાગો ને **'જૈન કથા રત્નકોશ'** પણ વાંચ્યા......

આર્યસમાજનો મહાન ગ્રંથ **'સત્યાર્થ પ્રકાશ'** પણ વંચી લીધો. કબીર સાહેબનાં **ભજનોનો** આસ્વાદ

પણ લીધો. **ભાગવતનાં તમામ ભાગો પણ વાંચી ગયાં......"**

આમ આ બધી હકીકતો અને નોંધો ઉપરથી કહી શકાય કે શ્રીમદ્જીનું સંસારી જીવન એક અભ્યાસીનું જીવન હતું. એક ધૂની વાચકનું જીવન હતું. એ જીવન દરમિયાન તેમણે કંઈ જ લખ્યું નથી. પ્રાસંગિક પત્રો કે શાળા જીવનમાં નિબંધો લખવા પૂરતું જ તેમનું લેખન હતું.

સાહિત્યની પરિભાષામાં મૂકીએ તો એમ કહી શકાય કે તેમનું સંસારી જીવન એ તેમની સાહિત્ય સર્જનાનો ગર્ભાધાન કાળ હતો. લેખનના એ દિવ્ય ગર્ભને તેમણે વૈવિધ્ય સભર વાચન, અવલોકન તેમજ સંતો સાથેની જ્ઞાન ચર્ચાથી ખુબ ખુબ પોષ્યો હતો.

અને એની જ માવજતનું પ્રથમ બલિષ્ઠ સંતાન હતું:— **'જૈનધર્મ અને ખ્રીસ્તી ધર્મનો મુકાબલો.'**

ત્યાર પછી તો તેમની સાહિત્ય સર્જના અવિરત ચાલુ રહે છે. આ માટે તે સંકલ્પ પણ કરે છે. માણસામાં જ્યારે તેઓશ્રી હતા ત્યારે તેમણે માટી મઢયા માનવીઓને શિષ્ય બનાવવા કરતાં અક્ષર મઢયા કાગળોને શિષ્ય બનાવવાનો નિર્ણય કર્યો હતો. ૧૦૮ ગ્રંથો સર્જવાનો તેમણે નિર્ધાર કર્યો. અને જીવનના અંત સુધીમાં તે પૂર્ણ પણ કર્યો. એટલું જ નહિ ૧૦૮ થી યે વધુ ગ્રંથોની સર્જના કરી, લગભગ ૧૫૦ ગ્રંથોની !! અને બહુ ઓછા સાહિત્યકારોના જીવનમાં બને છે તેવું તેમના જીવનમાં બન્યું છે. તેમના જીવનકાળ દરમિયાન જ તેમના તમામ ગ્રંથો **અધ્યાત્મ મહાવીર** અને **મહાવીર ગીતા** આ બે ગ્રંથો સિવાય પ્રગટ થયાં. એ ગ્રંથોની પ્રસ્તાવનાઓ, કોકમાં આમુખ તો કોકમાં નિવેદન તેઓશ્રીએ જ લખ્યાં. અરે ! પ્રુફો પણ કેટલાકન તો તેમણે જાતેજ સુધાર્યાં હતાં

વળી ભજન સંગ્રહ ભા. ૧ ના છ છ આવૃત્તિઓ પ્રગટ થઇ. બબ્બે ને ત્રણ ત્રણ આવૃત્તિઓ પણ ઘણા ગ્રંથોની થઇ છે.

ઉપરાંત સિદ્ધહસ્ત લેખક, ચિંતક અને કવિ તરીકે પોતાના અસ્તિત્વ-કાળમાં જ તેઓ ખ્યાતનામ બન્યા હતા.

કડક વિવેચક નરસિંહરાવ દીવેટીયા, વસંત કવિ નાનાલાલ, આનંદશંકર ધ્રુવ, દીવાન બહાદુર કૃષ્ણલાલ ઝવેરી, જેવા પંડિત લેખકો જે યુગમાં થઇ ગયા એ પંડિત યુગમાં તેઓ આવું બહુમાન પામ્યા હતા.

આ બહુમાન એક સંત અને યોગીનું નહતું. પરંતુ તેઓશ્રીએ પોતાના શાળા જીવનથી આ શારદાની જે એક ધારી સાધના કરી હતી તેનું એ પરીણામ હતું.

પોતાના જીવનકાળ દરમિયાન

તેમણે લગભગ ૨૫૦૦૦ ગ્રંથોનો અભ્યાસ કર્યો હતો. અને જે દિવસથી તેમણે સાધુ જીવનમાં કલમ પકડી તે દિવસથી તે જીવનના છેલ્લા દિવસો સુધી એ કલમ પકડી રાખી હતી.

અને આ કલમ પ્રત્યે, આ મા શારદા પ્રત્યે તેમનો કેટલો બધો અનુરાગ અને કેવી ઉત્કટ ભક્તિ હતી તે તેમના જીવનના છેલ્લા દિવસોના ઉદ્ગારથી જાણવા મળે છે.

મુનિરાજ શ્રી સિદ્ધિમુનિજીએ તેમને અંત સમયના એક બે દિવસ અગાઉ પૂછયું:

"તમે વધારે સમય આ સંસારમાં હયાત રહો તો શું મહત્ કાર્ય કરો? અથવા જો હયાત ન રહી શકો એમ તમને લાગે તો તમારી ઇચ્છાને અનુસાર શખ્સને તમે શું કરવા કહો?"

આનો જવાબ આપતાં અંતમાં તેમણે કહ્યું હતું:—

**"બાકી મારું લેખન કાર્ય તો મારી જિંદગીનાં અંત સુધી લગભગ ચાલુ જ રહેશે."**

સાધુ જીવનની નિત્ય ક્રિયા, સવાર સાંજ સમાધિ, સામાજિક ને ધાર્મિક કાર્યો, વિહાર, માત્ર દિવસના જ લેખન પ્રવૃત્તિ અને માંદગીમાં પણ સાહિત્યની સાધના કરનાર તેમજ મૃત્યુ શય્યા પર પણ એ સાધના ચાલુ રાખવાની તમન્ના કરનાર **શ્રીમદ્ બુદ્ધિસાગરજી** ખરેખર મા શારદાના એક સંનિષ્ઠ સાધક ને ભક્ત હતા.

મારે કહેવું જોઇએ, અને આ કહેતાં હું કંઇ અતિશયોક્તિ નથી માનતો કે આવી વિપુલ સાહિત્ય સર્જના કરી શ્રીમદ્જીએ માત્ર પોતાનુંજ નામ અમર નથી કર્યું, મા શારદાને પણ તેમણે અજરામર બનાવી છે. અને જ્યારે વીસમી સદીના જૈન સાહિત્યનો ઇતિહાસ લખાશે ત્યારે શ્રીમદ્જી બુદ્ધિસાગરસૂરિજીનું નામ નિઃશંક પ્રથમ પંક્તિએ જ હશે.

ગુલાબોંકા વહ શાહજાદા, બિછુડ હમસે ગયા સહસા,
અકેલે રહ ગયે હૈં હમ, ખિજાંકા આયના બન કર.
વહ હિંદુસ્તાનકી આત્મામેં બૈઠા હૈ ઉજાલા બન કર,
કભી વહ મિટ નહી શકતા, કભી વહ મર નહિ શકતા.

—નીરજ.

## સ્વ
# પંડિત નહેરુનું
# એક વધુ સંસ્મરણ.

સામાન્યમાં સામાન્ય માણસ વિષે પણ તેઓ કેટલી તત્પરતાથી કામ કરતા હતા તેની એક વાત યાદ આવે છે.

થોડાં વર્ષ પહેલાં શ્રી નગરકર નામના એક સજ્જન મારી પાસે આવ્યાં. એમણે કહ્યું કે તેઓ સંરક્ષણ વિભાગમાં કર્મચારી હતા. અને એમને અન્યાય પૂર્વક નોકરીમાંથી દૂર કરવામાં આવ્યા છે. તેમની ઈચ્છા હતી કે તેમની સ્થિતિ કેટલી દયનીય છે એ ખબર હું પંડિતજીના કાન સુધી પહોંચાડું. મેં એમને કહ્યું કે મારાથી બનશે તે જરૂર કરીશ. એમની પાસે એક વિનતિપત્ર પણ લખાવ્યો.

પછી દિલ્હીમાં કશાક કામસર મારે વડા પ્રધાનના કાર્યાલય પર જવાનું થયું. ત્યાં મેં પંડિતજીને શ્રી નગરકરની વાત કરી અને પેલો પત્ર આપ્યો.

પંડિતજી બોલ્યાઃ—" વાંચીને અને સંરક્ષણ ખાતામાં પૂછપરછ કરીને બંદોબસ્ત કરીશ."

મેં કહ્યું:—" નગરકર ઘણી મુશ્કેલીમાં છે, આથી વાત જલ્દી પતે તે સારું."

જવાહરલાલે તરત કહ્યું:—" તો હું સો બસો રૂપિઆ આપું તો હમણાં રાહત થશે ?"

શો ઉત્તર આપવો તે મને સૂઝયું નહિ. મેં કહ્યું:—પૈસા મને મોકલાવજો એમને પૂછી જોઈશ."

ત્યાંથી હું સીધો સંસદમાં ગયો ને બેઠક પૂરી થઈ ત્યારે ઘેર આવ્યો. એક સીલબંધ પરબીડિયું મારી રાહ જોઇ રહ્યું હતું.

ઉઘાડીને જોયું તો તેમાં મારા નામે પંડિતજીએ રૂા. ૫૦૦ નો ચેક મોકલ્યો હતો ! ! !

—ત્ર્યંબક દેવગિરિકર

[ નવનીત ગુજરાતી ડાયજેસ્ટના સૌજન્યથી ]

# ડાયરી : નોંધપોથી : રોજનીશી
## જે કહો તે
### શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજીના
### આંતર જીવનમાં
### ડોકિયું

## ગ્રંથ પરિચય

ડાયરી એ સાહિત્યનો એક અનોખો પ્રકાર છે. ભારતમાં તેનું ખેડાણ ઘણું ઓછું છે. મૂળ તો એ પશ્ચિમની પેદાશ છે.

આ ડાયરી એટલે પસાર થતાં દિવસ અને રાત વચ્ચે માનવીએ અનુભવેલ, વિચારેલ તેમજ તેના સંસ્મરણોની સંક્ષિપ્ત નોંધપોથી.

આ ડાયરી લેખક પાસે હિંમત માંગી લે છે. સચ્ચાઇની એ શરત કરે છે. નિખાલસતા વિના ડાયરી લખવી એ સરળ નથી. હિંમત, સચ્ચાઈ અને નિખાલસતા વિના લખાયેલી ડાયરી, ડાયરી નથી લાગતી. તેના વિનાની ડાયરી એ આત્મપ્રશંસાની ભાટાઇ જ બની રહે છે.

ઇતિહાસમાં આવી સંપૂર્ણ ડાયરી ટોલ્સટોયની જોવા મળે છે. ગુજરાતમાં આવી ડાયરીઓ સરસ્વતીચંદ્રના સર્જક શ્રી ગોવર્ધનરામ ત્રિપાઠી, એક જમાનાના કડક વિવેચક શ્રી નરસિંહરાવ ભોળાનાથ દીવેટીયા અને શ્રી ઝવેરચંદ મેઘાણીએ લખી છે.

આ ડાયરી એ તેના લેખકની તદ્દન નગ્ન છબી છે. લેખકના જીવનચરિત્ર માટેની એ નેગેટીવ ગણી શકાય. લેખકના જીવનના સમજવા માટે ડાયરી એક મહત્ત્વનું સાધન છે.

ડાયરીમાં લેખક પોતાના અનુભવો નોંધે છે. પોતાના પરીચિતનો એ પરિચય આપે છે. કયા પ્રસંગે પોતાને કઇ અનુભૂતિ થઈ તેનું એ બયાન કરે છે. પાપ અને પુણ્યના વિચાર અને કાર્યમાં પોતાનો આત્મા કેવી રીતે પસાર થયો તેની હકીકતો એ બેધડક નોંધે છે. અને આજની ભૂલોની નોંધ લઇ કાલના માટે એ શુભ નિર્ણય બાંધે છે. આથી ડાયરીમાં તેના લેખકની સાચી ને સ્પષ્ટ છબી જોવા મળે છે.

આજ સુધીમાં થએલાં કોઇપણ જૈન સાધુએ ડાયરી લખી હોય એવું જાણમાં નથી. જૈન સાહિત્યના ઇતિહાસમાં આ જાતની ડાયરી લખનાર શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી એક માત્ર છે.

તેઓશ્રીએ દીક્ષા લીધા બાદ આ ડાયરી લખવાનું કાર્ય સતત જારી રાખ્યું હતું. પરંતુ એ બધી જ ડાયરીઓ પ્રગટ નથી થઇ શકી. તેમાંથી ઇ. સ. ૧૯૧૧ થી ૧૯૧૪ સુધીની ડાયરીઓ પ્રગટ થઈ છે. જે **ધાર્મિક ગદ્ય સંગ્રહ** તથા **પત્ર સદુપદેશમાં** ગ્રંથસ્થ થઈ છે.

શ્રીમદ્જીની આ ડાયરીઓમાં મોટે ભાગે તેમનું વિવિધ વિષયો પરનું ચિંતન જ જણાય છે. તેમનાં આંતરિક જીવનની હકીકતો ઘણી જ ઓછી વાંચવા મળે છે. અને એવી હકીકતો જ્યાં નોંધ પામી છે તે નોંધ પણ અછડતી જ છે.

તા. ૨૩-૧૦-૧૯૧૧ મુંબઇમાં લખે છેઃ—"પ્રારંભ વર્ષમાં કેવી રીતે વર્તવું તેનો વ્યાખ્યાનમાં ઉપદેશ દીધો. સાધુના આચારો અને વિચારો કેવા જોઈએ તેનો વિચાર કર્યો......માનસિક દોષો અને કાયિક દોષોનો નાશ થાઓ !....

તા. ૮-૧૧-૧૯૧૧ મુંબઈમાં લખે છેઃ—"હરરોજ મનુષ્યને બોધ દેવા માટે વ્યાખ્યાન વાંચું છું પરંતુ તેમના આચારો જોતાં વ્યાખ્યાન શ્રવણથી જોઇએ તેવી અસર પ્રાયઃ થઈ નથી આનું કારણ એ છે કે તેઓ ગાડરીયા પ્રવાહની પેઠે વ્યાખ્યાન શ્રવણ કરે છે...."

તા. ૧૮-૧૨-૧૯૧૧ ભાઈંદરમાં લખે છેઃ—"....જે જે દુર્ગુણોના સંસ્કારો હૃદયમાં ઘણા ભવથી ઘર કરીને રહ્યાં છે, તે તે દુર્ગુણોનો નાશ કરવા સંકલ્પ કરું છું...."

તા. ૨-૧-૧૯૧૨ વાપીમાં લખે છેઃ-પંચ મહાવ્રતના પાઠોનું મનન અને તેનો અનુભવ કરતાં લાગે છે કે હજી પખ્ખી સૂત્રમાં કહ્યા પ્રમાણે ઉત્તરકરણ ચારિત્રમાં પરિપૂર્ણતયા પ્રવર્તી શકાતું નથી. પાક્ષિક સૂત્રમાં કહ્યા પ્રમાણે વર્તવાને હું તો પ્રયત્નશીલ અને ઉત્સાહી છું...."

તા. ૧૮-૧-૧૯૧૨ વલસાડમાં લખે છેઃ—"હાલમાં રાત્રિના

વખતમાં ધ્યાન સમાધિનો અભ્યાસ સેવવાથી સહજ સુખનો અનુભવ વધતો જાય છે. ભક્તોનું આગમન અને ઔપદેશિક પ્રવૃત્તિથી સમાધિના ઊંડા પ્રદેશમાં ઉતરવાનો સખત અભ્યાસ થઈ શકતો નથી. પારમાર્થિક કાર્યોમાં પ્રવૃત્તિ કરવાનું કામ અણધાર્યું આવી પડે છે. શુભ પ્રવૃત્તિ સર્વથા આદેય છે, શુભ પ્રવૃત્તિરૂપ ધર્મ વ્યવહાર કાર્યો સેવવામાં અંતરથી નિર્લેપતા રાખવી એવો પ્રયત્ન હાલ વિશેષતઃ કરાય છે. ધ્યાનની પીઠિકા દૃઢ કરવાનું કાર્ય હજી ચાલે છે. ધ્યાન કરતાં કરતાં મન વિશ્રામ પામવાથી સમાધિનો અનુભવ આવે છે."

તા. ૨૨-૧-૧૯૧૨ વલસાડમાં લખે છે:-"હે આત્મન્! નિષ્કામ બુદ્ધિથી ઉપદેશ ગ્રંથો બનાવવા વગેરે કાર્યોને કર્યા કર!"

તા. ૨૫-૧-૧૯૧૨ અમલસાડમાં લખે છે:-જેઓને ઉપદેશ દેવામાં આવે છે તે શ્રાવકોનો મોટો ભાગ નિરક્ષર હોવાથી જૈન તત્ત્વો સમજવાને માટે અધિકારી પણ સ્વવિચાર પ્રમાણે પ્રાયઃ જણાતો નથી તેથી તેઓની આગળ ધર્મકથાઓ કહેવી પડે છે...."

તા. ૩૦-૧-૧૯૧૨ સુરતમાં લખે છે:-"....આત્મ સમાધિ પ્રાપ્ત કરીને આત્મ સુખ પ્રાપ્ત કરવું એ જ મુખ્ય કર્તવ્ય માન્યું છે. જેટલું થશે તેટલું કરશું...."

તા. ૧૧-૪-૧૯૧૨ પાદરામાં લખે છે:-"....આત્મામાં રમણતા કરતાં આનંદ રસની ઝાંખી અનુભવાય છે. તે વખતે ત્રણ ભુવનમાં બાહ્ય સુખો પણ તૃણ સમાન ભાસે છે....આત્મામાં ઊંડુ ઉતરી ગયેલું અને ત્યાં સ્થિર થએલું મન ખરેખર અંતરના આનંદથી જીવી શકે છે. અને તેનું પ્રતિબિંબ જાણે બાહિરમાં દેખાતું હોય એવો ભાસ થાય છે...."

તા. ૨૬-૪-૧૯૧૨ પાદરામાં લખે છે:-"આચારો અને વિચારોની શુદ્ધતામાં ક્ષણે ક્ષણે વૃદ્ધિ થાઓ એમ ઇચ્છું છું. ધ્યાન અને

સમાધિમાં આયુષ્યનો ઘણો ભાગ જાય, ધર્મનાં ઉપદેશાદિક કાર્યોમાં બાકીનું આયુષ્ય વહો એમ ભાવના ભાવું છું....”

તા. ૨૯–૫–૧૯૧૨ નારોલમાં લખે છે:–“....તું પોતે શુ કરી શકે તેમ છે તે કાર્ય કરીને બતાવ. હવે વાતોના તડાકા મારવાથી કંઈ વળી શકે તેમ નથી. જે જે કાર્યો તારા જીવનમાં કરવા ધાર્યાં છે તે પ્રતિ લક્ષ રાખીને તે તે કાર્યો કરવામાં સદાકાળ મંડયો રહે.”

તા. ૩–૭–૧૯૧૨ અમદાવાદમાં લખે છે:–“...શ્રી હરિભદ્રસૂરિ કૃત દશ વૈકાલિકની ટીકા વાંચી. શ્રીમદ્ હરિભદ્રસૂરિએ વિશાળ બુદ્ધિથી કેટલેક ઠેકાણે લાંબુ વિવેચન કર્યું છે. પૂર્વે કરતાં આ વખતે દશ વૈકાલિકની ટીકા વાંચવાથી સારો અનુભવ થયો....”

તા. ૧૪–૯–૧૯૧૨ અમદાવાદમાં લખે છે:—“...આજથી આત્માના મંદ વીર્યનું ઉત્કૃષ્ટ વીર્ય કરવા પ્રયત્ન કરું છું. હું પરમ વીર્યમય છું અને સત્તાએ રહેલું મારું પરમવીર્ય પ્રગટાવવા પ્રયત્ન કરું છું....જે જે સંયોગોની અને હેતુઓની સામગ્રી પામીને આત્મા તે પરમાત્મા થાય એવા સંયોગોની અને હેતુઓની સામગ્રી શીઘ્ર પ્રાપ્ત થાઓ તેવો દઢ સંકલ્પ કરું છું....”

તા. ૧૫–૯–૧૯૧૨ અમદાવાદમાં લખે છે:–“....હું હજી ભૂલને પાત્ર છું. તેમ બીજા જીવો પણ ભૂલને પાત્ર છે તેથી બીજા જીવો ઉપર પોતાના આત્મા સમાન દૃષ્ટિ ન રખાઈ હોય અને બીજાઓને ધિક્કાર દૃષ્ટિથી દેખ્યા હોય તેની હે વીતરાગ! તમારી પાસે માફી માંગુ છું અને હવેથી સર્વ જીવોની સાથે આત્મ દૃષ્ટિથી વર્તવા પ્રયત્ન કરવા સંકલ્પ કરું છું....”

ક્યાંક ક્યાંક શ્રીમદ્જીએ ડાયરીમાં કાવ્યો પણ લખ્યાં છે. આત્માના પ્રેમમાં તરબોળ બનીને તા. ૨૨–૯–૧૯૧૨ અમદાવાદમાં લખે છે:—

**જ્યાં જ્યાં વિભૂતિ આપની ત્યાં પ્રાણ મારા પાથરું,**
**તવ નામ પિયૂષ પી ઘણું આનંદથી હસતો ફરું.**

મારું હૃદય સોંપ્યું તને એ પ્રેમમાં અર્પણ સહુ,
તારા વિના સાક્ષી નથી તારા વિના રહેવું નથી,
તારા વિના વદવું નથી તારા વિના જોવું નથી.
મારું અને તારું અરે એ ભેદ પણ ભૂલી ગયો,
આધેય ને આધાર તું જિનરાજ તું ધ્યાને રહ્યો..."

આવી તદ્દન અંગત અને પોતાની પ્રવૃત્તિઓ ને ભાવના, સંકલ્પ અને ક્ષમાપનાની નોંધો ઉપરાંત કેટલેક ઠેકાણે વિહારમાં આવતાં પ્રકૃતિના દૃશ્યોનું વર્ણન, પોતે વાંચેલા પુસ્તકોની પોતા પર થયેલી અસર, સમાજના સંનિષ્ઠ સેવકોના દેહાંતની આલોચના ને તેમની ગુણપ્રશંસા પણ નોંધાયેલ છે.

પરંતુ સૌથી વિશેષ તો ધ્યાન ખેંચે છે સમાજના હિત ચિંતનની વિચાર ધારાઓ. જૈનોની વસ્તી ઘટતી જોઇને, જૈનોની પ્રતિભા ઝાંખી પડતી જોઇને, જૈનોમાં પેસી ગયેલાં વેર ઝેરનાં ઝગડાં જોઇને તેમજ જૈનોને નિષ્ક્રિય બનેલાં જોઇને; અનેક જગાએ પોતાની વ્યથા ઠાલવી છે. જરૂર પડે ત્યાં ચાબખા મારતા લખાણ પણ લખ્યાં છે. અને પ્રેરક પ્રગતિનો રાહ પણ ચીંધ્યો છે. સાધુઓ માટે પણ ઘણું લખ્યું છે. તેમના શિથિલાચાર, અભ્યાસની મંદતા વગેરે પર કડક આલોચના પણ કરી છે.

અને માત્ર જૈન સમાજ, જૈન ધર્મ અને જૈન સાધુ ઉપર જ નહિ લખતાં પ્રકીર્ણ વિષયો પર પણ સંક્ષેપમાં ખૂબ જ સુંદર ચિંતન આલેખ્યું છે. કેળવણી, વિજ્ઞાન, આરોગ્ય, બ્રહ્મચર્ય, વિશ્વશાંતિ, ગુરુકૂળ, પત્રકારિત્વ, લેખકો, પુસ્તકાલયો, વગેરે અનેક વિષયો પરનું ચિંતન આ ડાયરીઓમાં વાંચવા મળે છે.

નિત્ય નોંધ રૂપે આ બધું લખાયેલું હોઇ તેની ભાષા સુંદર અને સરળ છે. ક્યાંય દુર્બોધતા નથી. પ્રસાદ અને પ્રવાહ એક ધાર્યો વહ્યો જાય છે.

અને આ ડાયરીમાં આલેખાયેલું ચિંતન એટલું બધું વૈવિધ્ય સભર અને વિશાળ ભાવનાથી લદબદ છે કે જૈન સિવાય બીજો કોઇ પણ વાચક આ ડાયરીઓ વાંચે તો તેને તેના યોગ્ય ભાથુ આમાંથી મળી જ રહે, અલબત્ત તેમાં જૈન સમાજ અને જૈન ધર્મ વિષે ઘણું લખાયેલું છે છતાં પણ તે સિવાય જે બીજું લખાયેલું છે તે ખરેખર ઉત્કૃષ્ટ ચિંતન છે.

એ ડાયરીઓને વાંચવાથી તટસ્થ વાચકના માનસ ઉપર આવી જ કોઈ એક છાપ ઊભી થાય કે:—

"શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી એક અપ્રમત્ત આત્મા હતા. તેમના વિચારો વિશાળ અને ઉદાર હતા. સર્વ જીવો પોતાના આત્મબળને ઓળખે અને આત્માની ઉન્નતિ કરે એ જેવા તેમની સદાય ઝંખના હતી.

તેઓ સંત પણ હતા સમ્યગ્ સુધારક પણ હતા. સમાજ હિતચિંતક પણ હતા અને તેવા જ સમાધિ–યે મસ્ત હતા.

તેમની આ ડાયરીઓ એ તેમના જીવન અને કવનને સમજવા માટે એક દસ્તાવેજી સાધન રૂપ બની રહેશે...."

✶


## મુંઝાવાની જરૂર નથી

**તમારી દરેક મનોકામના અમે પૂર્ણ કરી આપીએ છીએ**

આ બધું અમે

જ્યોતિષ, પ્રશ્ન, હસ્તરેખા, મુહૂર્ત આડી–અંતરી વગેરે

અધ્યાત્મની શકિતથી કરીએ છીએ.

—: મળો યા લખો :—

**'નવશકિત' મનમોહન શર્મા**

C/o મેઘરાજ જૈન પુસ્તક ભંડાર,

ગોડીજી ચાલ, ગુલાલવાડી, મુંબઈ નં. ૨

ટે. નં. C/o ૩૩૩૨૧૩　　　સમય : બપોરના બે થી સાત

ઘરનું સરનામું:—ઘરે સવારના ૮ થી ૧૨

**'નવશકિત' મનમોહન શર્મા**

૧૪, ઓડનવાળા મેન્શન,

પરસોતમ ખેરાજ રોડ, પાંચ રસ્તા, મુલુંડ મુંબઈ ૮૦

જે સામયિકના સંપાદકો
પોતાના સામયિકમાં સમાલોચનાનો
વિભાગ ચલાવે છે
તેઓ માટે
બહુ મૂલ્ય
માર્ગદર્શન આપી જતો શ્રીમદ્
બુદ્ધિસાગરસૂરિજીનો એક અગ્રંથસ્થ લેખ

# સમાલોચના
# કે
# સ્વાર્થલોચના

**આજકાલ** સમાલોચના કરનારા સાક્ષર સમાલોચકોની સંખ્યા ફુદકે અને ભુસકે, અળસીયાની પેઠે ઉભરાઇ જતી દેખવામાં આવે છે. ઘણાખરા સમાલોચકો તો પોતાનો પક્ષ જાળવવાનું ધ્યાન ધારીને સમાલોચનાનું ભુંગળ ભટીઉ છપાવીને લોકોની આગળ પોતાની સમાલોચક બુદ્ધિની કિંમત કરાવે છે.

સમાલોચના કરનારે પ્રથમ સમાલોચના કરવાની યોગ્યતા પ્રાપ્ત કરવી જોઇએ. જે જે ગ્રંથની સમાલોચના કરવામાં આવે તે તે ગ્રંથના વિષય અને કર્તા કરતાં પોતાનામાં વિશેષ જ્ઞાન હોવું જોઇએ. જે જે ગ્રંથમાં લખેલા વિષયોની સમાલોચના કરવામાં આવે તે તે વિષયોને પરિતઃ સમ્યગ્ અવલોકવા જોઇએ અને પછી જે વિષય ઉત્તમ હોય તેની પ્રશંસા કરવી જોઇએ અને જે વિષય બરાબર ન લખાયો હોય તે વિષયને દૃષ્ટાંતની સાથે અમુક રીતે આલેખવો જોઇએ એમ લખાને અભિપ્રાય દર્શાવવો જોઇએ.

સમાલોચના કરનારે અંગત વૈર, દ્વેષ, ઇર્ષ્યા, પક્ષપાત અને સંકુચિત દૃષ્ટિનો ત્યાગ કરવો જોઈએ. સંકુચિત દૃષ્ટિથી સમાલોચના કરનારાઓ પોતાનું સ્પષ્ટ

હૃદય બહાર જાહેર કરી શકતા નથી.

સમાલોચના કરનારે ગ્રંથકર્તાની યોગ્યતા અને તેના આશયોને જાણવા જોઇએ. ગ્રંથકર્તાના આશયને જાણ્યા વિના પોતાની દષ્ટિ પ્રમાણે ગમે તેવો અભિપ્રાય બાંધવાથી ગ્રંથકર્તાની લાગણીને દુઃખાવવાનો પ્રસંગ ઊભો થાય છે. ગ્રંથકર્તાના અમુક વિષયથી જગતને કંઇ જાતના ફાયદો થનાર છે તે સંબંધી ખાસ લક્ષ રાખીને સમાલોચના કરવી જોઇએ.

સમાલોચના કરનારમાં સ્વાર્થ બુદ્ધિ અને પરતંત્રતા ન હોવી જોઇએ. ગ્રંથ કર્તાની સાથે તેને અમુક સ્વાર્થ સંબંધ હોવાથી અને તેની સિદ્ધિના અર્થે વાહ વાહનાં બણગાં ફુંકવા ઇત્યાદિ લખાણોથી સ્વાર્થ બુદ્ધિ તુરત જાણી શકાય છે. અને વાચકોને **સમાલોચનાને સ્થાને સ્વાર્થલોચનાનો** ભાસ થાય છે. પરતંત્રતાની બેડીમાં જકડાયેલ અમુક ગ્રંથના વિષયની સમ્યગ્ આલોચના કરી શકતો નથી. પરસ્પર એક બીજાની પ્રશંસા કરનારાઓ ગ્રંથની ઉત્તમ રીતે સમાલોચનાઓ કરી શક્તા નથી. અમુકે બનાવેલ ગ્રંથની અમુકે પ્રશંસા કરી અને પોતાનો ઉત્તમ અભિપ્રાય દર્શાવ્યો તો અમુકે બનાવેલા ગ્રંથની અમુકે સાચી પ્રશંસા કરવી જોઇએ.

કરભાણ્યાં વિવાહેતુ,
રાસભા વેદ પાઠકાઃ :
પરસ્પરં પ્રસંસન્તિ,
અહોરૂપં અહોધ્વનિઃ

ઊંટના વિવાહમાં ગધેડા વેદપાઠ કરનાર બન્યા. ગધેડાએ ઊંટને કહ્યુ. અહો ! ઊંટ ! તમારું રૂપ કેટલું સુંદર છે ?

ગધેડાની આવી પ્રશંસા સાંભળીને ઊંટોએ પણ પ્રશંસા કરતાં કહ્યું: અહો રાસભો ! તમારો સુર પણ કેટલો સુમધુર છે ! ! !

કેટલાક ગ્રંથકર્તાઓ પરસ્પર આંતરીક સંબંધીયો એક બીજાના ગ્રંથની સામસામી આલોચના કરી ઉપરની કહેવતને અનુસરે છે. તેથી સમજવાનું કે તે ગ્રંથકર્તાના વિચારોની ખૂબીઓ તથા દોષો કયા ઠેકાણે છે તે અવલોકવાનો ગ્રંથકર્તાને તેમજ વાચકોને પ્રસંગ પ્રાપ્ત થતો નથી.

સમાલોચકમાં મધ્યસ્થ ગુણ હોવો જોઇએ. **તે ગ્રંથનું ઉપરચોટિયું અવલોકન કરનાર ના હોવા જોઇએ.** કેટલાક સમાલોચકો તો, અમુક વિદ્વાને સારો ગ્રંથ લખ્યો છે, તેમની ઉંમર નાની છે, દુનિયામાં તે

પ્રસિદ્ધ છે. ગ્રંથ લખતાં તેમને ઘણું ખમવું પડયું છે, તેઓ અમુક કુળના છે વગેરે વિષયોને હાથમાં ધરી; સમાલોચનના વિષયથી ભિન્ન જ વિષયની નોંધ લે છે. પણ આ બરાબર નથી: સમાલોચકે ગ્રંથકર્તાના ગ્રંથનો ભાવ, તેની ગંભીરતા, તેની લેખન શૈલી, શબ્દોના સરળતા કઠિનતા અને વિષયાનુક્રમ વગેરે સંબંધી ખાસ લક્ષ રાખવું જોઇએ. અને ગ્રંથકર્તાએ જે જે વિચારો દર્શાવ્યા હોય તે તે વિચારોની ઉત્તમતા વગેરે સંબંધી અવલોકન કરવું જોઇએ.

ગ્રંથનો વિષય આધ્યાત્મિક હોય અને સમાલોચના કરનાર તે વિષયમાં ઓરનું બીંટ પણ ન જાણતો હોય તે સમાલોચનાને નામે, ગમે તે પ્રકારનો પચરંગી ખીચડો યા છબરડો કરે તેમાં આશ્ચર્ય નથી.

સમાલોચકો, લખેલા વિષયોને સૂક્ષ્મ દૃષ્ટિથી અવલોકીને તેની ખુબીઓ અને ખામીઓને ભિન્ન ભિન્ન કરનાર હોવા જોઇએ. **સમાલોચના કરનાર ભાડુતી માણસ હોવો ન જોઈએ તેમજ તે બીજાના વિચારોથી દબાયેલો ન હોવો જોઇએ.** સમાલોચના કરનાર ગ્રંથના પૂર્વાપર સંબંધને પરિપૂર્ણ ઉદ્દેશપૂર્વક જાણનાર હોવો જોઇએ. વળી તેને અનેક ગ્રંથોની સમાલોચનાનું મનન કરેલું હોવું જોઇએ અને તે સંબંધી બહોળા અનુભવને ધારણ કરનાર હોવો જોઇએ.

ગ્રંથકર્તાએ જે જે વિષયો લખ્યા હોય તે શાસ્ત્રોના અનુસારે છે કે પોતાની બુદ્ધિ કલ્પનાથી લખ્યા છે? તેમાં જમાનાને અનુસરી જે જે ઉમેર્યું હોય તેનું નિરીક્ષણ કરનાર હોવો જોઇએ. જૂના અને નવા વિચારો વગેરેનો જાણકાર જો સમાલોચક હોય છે તો તે સમાલોચનમાં ઘણો પ્રકાશ પાડી શકે છે. સમાલોચક પ્રાચીન અને અર્વાચીન મતોનો અને તદ્‌વિષય ગ્રંથોનો અનુભવ કરનાર હોવો જોઇએ.

સમાલોચકને પરીક્ષકની કોટીમાં મૂકી શકાય. આથી પરીક્ષક કરતાં પણ તે વિશેષ વિદ્વાન હોવો જોઇએ.

**સમાલોચક ગાડરીયા પ્રવાહમાં વહેનાર અને મીયાંને ચાંદે ચાંદ કહેનાર ન હોવો જોઇએ.** ગ્રંથકર્તાના એક પાનાને વાંચી, તે વાંચવાના સમય કરતાં તે સંબંધી વિચાર કરવામાં દશ બાર ગણો વખત ગાળનાર હોવો જોઇએ.

સમાલોચના કરનાર પ્રામાણિક અને નિઃસ્પૃહી હોવો જોઇએ. સમાલોચક પ્રામાણિક હોય છે તો તેની

સમાલોચના પર વાચકોને વિશ્વાસ પ્રગટે છે અને તેથી ગ્રંથની યોગ્યતા પ્રમાણે ગ્રંથ કર્તાને સન્માન ઉત્તેજન, યશ વગેરેની પ્રાપ્તિ થાય છે.

સમાલોચના કરનારમાં વિષયો સંબંધી સ્પષ્ટ વિવેચન કરવાની શક્તિ હોવી જોઇએ અને બીજા ગ્રંથોની સાથે ગ્રંથના વિષયોની તુલના કરીને તેમાંથી નિષ્કર્ષ કાઢવાની શક્તિ હોવી જોઇએ. ગ્રંથ કર્તાનો સમય અને તેની આસપાસના પ્રસંગોની લેખકના હૃદયમાં કેવી રીતે અસર થઇ છે અને તે સંબંધી લખેલા વિચારોમાં તેની અસર તે સાથે કેવી રીતે ઓતપ્રોત થઇ છે તેનો ક્ષીર નીરની પેઠે ભેદ પાડનાર સમાલોચક હોવો જોઇએ.

સમાલોચક જો સુધારક કે સનાતની હોય તો પણ તે ગ્રંથ કર્તાને ભિન્ન મતપક્ષનો જાણી તેને અન્યાય આપનાર હોવો ન જોઇએ.

સમાલોચક પોતે જે વિષયને પ્રશંસે વા જે વિષયમાં દોષ દેખાડે તે અનેક સુયુક્તિયો અને બીજા ગ્રંથોના પ્રમાણોથી સિદ્ધ કરનાર હોવો જોઇએ.

સમાલોચકે સમાલોચના મધુર, યોગ્ય અને તથ્ય શબ્દોમાં સમાલોચના કરવી જોઇએ.

સમાલોચના કરનાર ગ્રંથ કર્તાના અશુભને ઇચ્છનાર હોવો ન જોઇએ. ગ્રંથકર્તા જો જૈન શાસ્ત્રને અનુસરી ગ્રંથ રચતો હોય તો તેણે આગમો અને પ્રામાણિક પૂર્વાચાર્યોના ગ્રંથોના અનુસારે ગ્રંથ રચ્યો છે કે નહિ તેનું તેણે સમ્યગ્ અવલોકન કરવું જોઇએ. જૈન શાસ્ત્રોનો પરિપૂર્ણ અભ્યાસ કર્યો હોય છે તે ગ્રંથકર્તાના ગ્રંથની સમાલોચના કરવા શકિતમાન થાય છે. **જે સમાલોચકો પોતાની જ્ઞાનશકિતની તપાસ કર્યા વિના ગમે તે ગ્રંથની સમાલોચના કરવાનો ડોળ ધારણ કરે છે તેઓ સમાલોચકપણાના નામને શોભાવી શકતા નથી.**

સમાલોચના કરવાનું કાર્ય ધારીએ તે કરતાં ઘણું મુશ્કેલ છે. હાલ તો જે ગ્રંથની સમાલોચના કરનાર સમાલોચક હોય છે તેની સમાલોચના પરથી વાચકો સમાલોચકના હૃદયની સમાલોચના કરે એવો પ્રસંગ પ્રાપ્ત થાય છે. સમાલોચક પોતાની સમાલોચના કરાવે એમ ન બને તેવું લક્ષ રાખવામાં આવે તો યોગ્ય ગ્રંથોને ઘણો સત્કાર મળી રહે.

સમાલોચના કરનારે સમાલોચના કરવામાં ભૂલ ન થાય તે સંબંધી ઉપયોગ ધારણ કરવો જોઇએ. સમાલોચકે મોહાંધતા દૂર કરવી જોઇએ. સમાલોચનામાં ગ્રંથના ઉત્તમ વિષયોનો પરિપૂર્ણ ચિતાર આપવો જોઇએ.

**સમાલોચના કરતાં ન આવડે તો સમાલોચના કરવી નહિ એ કાર્ય સારું છે પણ સમાલોચનાના નામે છબરડો વાળવો એ ખરાબ કૃત્ય છે. અલ્પબુદ્ધિવાળો** સમાલોચક મહાલેખકોના ગ્રંથની સમાલોચનાનું સાહસ કરે તો તે ગબડી જાય છે.

સમાલોચના કરવામાં સત્ય તરી આવવું જોઇએ. હાલમાં જો સાક્ષરો સાપેક્ષ દૃષ્ટિથી સમાલોચના કરતા હોય તો તેમાં અનેક રીતે સત્યના અંશોને આલેખી શકે.

રાગ, સ્નેહ, પ્રેમ મિત્ર, સ્વામી અને અંગત સંબંધથી ગ્રંથકર્તાના ગ્રંથની સમાલોચના સારી રીતે થઈ શકતી નથી. વિદ્વાનો ઉપર્યુક્ત વિચારોને ધ્યાનમાં રાખી સમાલોચના કરશે તો વિજય પ્રાપ્ત કરી શકશે.

**[ એપ્રિલ ૧૯૧૩ ના બુદ્ધિપ્રભામાંથી ]**

★


JAYANT

A leading name in Packaging
One of the largest Manufacturers of
Double wall heavy Duty Corrugated
Shipping Containers for Export,
Corrugated Paper Rolls, Boards
and Other Packaging Requisites

Contact

JAYANT PAPER BOX FACTORY

30, Western India House,
Sir p. M. Road, Fort, **BOMBAY - 1.** ( B. R. )

—: Phones :—

253145 : 252478 — Office
55237 – 8 — Kurla Factory.
571196 — Andheir Factory.

શ્રીમદ
બુદ્ધિસાગરસૂરિજી

⊙

# બે
# બોધ
# કથાઓ

શ્રીમદ્જીએ પોતાની ડાયરીમાં નોંધ્યું છે કેઃ—"શ્રાવકોનો મોટો ભાગ નિરક્ષર હોવાથી....તેઓની આગળ ધર્મ કથાઓ કહેવી પડે છે......."

અહીં એવી જ બે કથાઓ રજૂ કરવામાં આવે છે.

બન્ને કથાઓમાં હાસ્ય છે અને ઉપદેશ પણ.

શ્રીમદ્જીની ઉપદેશ શૈલીનું તેમાં દર્શન થાય છે. વાંચો :

## દલ્લી લુંટાઇ અને રાણીનો વિલાપ

⊙ ⊙

# કથા પહેલી

ગુજરાતમાં આવેલ ગામમાં ઘણા રજપૂતો રહેતાં હતાં. એક ઘરડી રજપુતાણી એક દિવસ દળી ઊઠી અને તેણે બીજી સ્ત્રીને કહ્યું કે દલી ઊઠી.

તેના મોંમા દાંત ન હોવાથી તે આ પ્રમાણે બોલી. આ સાંભળી તે બહેરી સ્ત્રી સમજી કે—**દલ્લી લુંટી.**

આ વાત દશ સ્ત્રીઓમાં ફેલાઈ અને અંતે આખા ગામમાં વાત ફેલાઈ ગઇ કે દલ્લી લુંટાઇ—**દલ્લી લુંટાઇ !!!**

આમ દલ્લી લુંટાઇના ભયથી ગામના લોકો ઢાલ તલવાર લઇને સજ્જ થઈ ગયા. અને બંદુકોના ભડાકા કરવા લાગ્યા.

એક શેઠના કાને આ વાત આવી તેથી તેણે એક રજપૂતને પૂછ્યું કે ભાઈ! દલ્લી લુંટાઇ એવો કાગળ કોને ત્યાં આવ્યો?

રજપૂતે કીધું કે આખું ગામ જ્યાં જાણે છે ત્યાં વળી કાગળનું તમારે શું કામ છે?

છતાંય શેઠે ફરી પૂછ્યું કે પણ દલ્લી લુંટાઇ એવા ખબર કોણ લાવ્યું તે તો કહો?

રજપૂતે કીધું કે શેઠ એ બધી તપાસ તમે કરો. અમે તો એટલું જાણીએ કે **દલ્લી લુંટાઈ.**

શેઠે તપાસ શરૂ કરી તપાસમાં પેલી બહેરી રજપૂતાણીએ વાત કરી ત્યાં પત્તો લાગ્યો આથી શેઠ અને રજપૂતો એ ઘરડી રજપૂતાણીને ત્યાં ગયા. ત્યારે શેઠે પૂછ્યું કે—

બા દલ્લી લુંટાયાની વાત તમે કરી છે?

ત્યારે પેલી ઘરડી રજપૂતાણીએ કહ્યું કે ના રે ભાઈ! હું તો કાંઈ જાણતી નથી. મેં તો એ પાડોસણને કહ્યું હતું કે હું તો દળી ઊઠી.

ત્યારે પેલી પાડોસણ બોલી ઊઠી કે હું બહેરી હોવાથી મેં એમ સાંભળ્યું કે **દલ્લી લુંટી !!!**

આ સાંભળીને તે બધા જ હસી પડયા.

**સાર:—કોઈ મનુષ્ય કોઈ સંબંધી વાત કરે તો તેનો બધી બાજુથી વિચાર કરી નિર્ણય કરવો જોઇએ કે જેથી પાછળ પશ્ચાતાપ ન થાય.**

# કથા બીજી

⊙

ગુજરાત દેશમાં વિદ્યાપુર નગર હતું. ત્યાં એક રાજા રાજ્ય કરતો હતો. તે રાજાને એક ભોળી રાણી હતી. આ રાણીને એક કુંભારણ સખી હતી. તેના વિના રાણીને ગમતું નહોતું.

આ કુંભારણને એકેય સંતાન ન હતું. તેના ઘરે એક ગધેડી હતી. તે ગધેડીને એક બચ્ચું આવ્યું તેનું નામ મદનીયો પાડવામાં આવ્યું.

કુંભારણ મદનીયાને પુત્રની પેઠે પાળવા લાગી અને તેની સારી બરદાસ કરવા લાગી. આ મદનીયો ધોળો હતો અને કુંભારણને તે ઘણો જ વ્હાલો હતો. એક દિવસ તે માંદો પડ્યો અને મરી ગયો.

કુંભાર અને કુંભારણે પુત્રની પેઠે તેનું મૃતકાર્ય કર્યું. મદનીયા ગધેડાના મૃત્યુને લીધે કુંભારણ રાણી પાસે જઈ શકી ન હતી. આથી રાણીએ એક દાસીની મારફત ખબર કહાવી કે આજ કુંભારણ કેમ નથી આવી તે જાણી લાવ.

દાસીએ આવીને કહ્યું કે તેનો વહાલો મદનીયો મરી ગયો છે. રાણી વિચારવા લાગી કે તેનો મદનીયો પુત્ર મરી ગયો છે તેથી મારે પણ રડવું જોઇએ. આમ વિચાર કરી તે ધ્રૂસકે ને ધ્રૂસકે રડવા લાગી.

રાજાએ આ વાત જાણી અને તે પણ વિચારવા લાગ્યો કે રાણીનું કોઇ નજદીકનું સગું મરી ગયું હશે તેથી તે મારું પણ સગું થાય માટે મારે પણ રડવું જોઇએ. આમ વિચારી રાજા પણ રડવા લાગ્યો.

રાજા–રાણીને રડતાં જોઇને પ્રધાન અને કારભારી પણ રડવા લાગ્યા. અને સૌ રડતાં રડતાં ચૌટા વચ્ચે ચાલવા લાગ્યા. આ જોઇને શેઠિયાઓ, વેપારીઓ વગેરે પણ રડવામાં સાથે થયા. અને આમ અઢારે વર્ણની રડતી તળાવના કાંઠે જઈને બેઠી.

એવામાં એક ચારણ કવિએ પૂછ્યું:—હે મહારાજાધિરાજ! આપના સગામાં કોણ મરી ગયું છે?

રાજાએ કહ્યું કે રાણી જાણે. રાણીને પૂછ્યું તો તે કહે [illegible] કુંભારણનો મદનીયો દીકરો મરી ગયો છે. કુંભારણને ત્યાં ખબર [illegible] માલુમ પડયું કે—

**મદનીયો ગધેડો મરી ગયો છે.**

આ સાંભળીને તો સૌ ઝંખવાણા પડી ગયા.

સાર:—**દેખાદેખીથી કોઇ ક્રિયા કરવાના કરતાં તે ક્રિયા બરાબર સમજીને કરવી.**

# શ્રીમદ્‌જીના પત્રો

શ્રીમદ્‌જીએ અનેક પત્રો લખ્યાં છે.

એ પત્રો ગદ્યમાં લખ્યાં છે તેમ કાવ્યની બાનીમાં પણ લખ્યાં છે.

અહીં ત્રણ કાવ્ય પત્રો રજુ કરવામાં આવે છે.

પત્ર એકમાં પત્રની ચર્ચા છે.

પત્ર બેમાં ઉપદેશ છે.

પત્ર ત્રણમાં સમાજની હિત ચિંતા છે.

શ્રીમદ્‌જીની કાવ્ય પર કેવી હથોટી હતી તેમજ સમાજ અને ધર્મ તરફનું તેમનું ચિંતન કેવા પ્રકારનું હતું તે આ ત્રણેય કાવ્ય પત્રો વાંચવાથી સમજાશે.

# પત્ર એક

પ્રેમ વિના શું પત્ર રે, પ્રેમ વિના શી વાત,
હૃદય મળ્યા વણ દિલની, વાત કદી નહિ થાત.
હૃદય મળે સંકોચ શો ? શો લજ્જા અવકાશ;
દીલ ન ઉતરે પત્રમાં, તે નહિ પત્રવિલાસ.

દીલ મળે ત્યાં દીલની, વાતો પત્રે થાય;
લૂખાં પત્ર નીહાળતાં, દીલડું શુષ્ક જણાય.
મન મળતાં મન મેલ તો, પ્રેમે હોય ન લેશ;
શ્રદ્ધા ભક્તિ જ સત્ય તો, અંતર હોય ન કલેશ.

જેનું મન જેમાં ભળ્યું, તેમાં તેને પ્યાર;
મન મળતાં સંકોચ શો ? હૃદય પ્રેમથી ધાર.
પ્રેમે મન આનંદમાં, પ્રેમે પત્ર લખાય;
પ્રેમ વિના નહિ ધર્મ છે, સમજુને સમજાય.

દુનિયાની લજ્જા થકી, મનમાં રાખે ભીત;
પત્ર લખે સંકોચથી, એ નહિ ઉત્તમ રીત.
અંતરના ઉદ્ગારથી, પત્ર બને છે બેશ;
અંતરના ઉદ્ગાર વણ, શો લખવો સંદેશ.

દેવ ગુરુના પ્રેમમાં, દુનિયાની શી લાજ ?
લાજે કાજ સરે નહિ, પામો શું સામ્રાજ્ય ?
દુનિયા દોરંગી સદા, તેનામાં શું સાચ ?
સદ્ગુરુ વાણી સત્ય છે બાકી જાણો કાચ.

પત્ર લેખ ગંભીર છે, જાણે સાચો ભક્ત,
દિલ દિલની વાતો લહે, શિષ્યવૃત્તિથી શક્ત.
ધર્મ કર્મ વૃદ્ધિ લહો, પ્રેમી પ્રજ્ઞાલાલ,
બુદ્ધિસાગર ધર્મથી હોવે મંગલમાલ.

★

# પત્ર બે

લખેલા પત્રનો ઉત્તર, લખ્યો તેં તે સકલ વાંચ્યો;
પ્રભુના પંથમાં વહેતાં ગતી એ પંથીઓની છે.

બને છે ભાવી અનુસારે પ્રયત્નો પણ થતાં એવા;
કરી ઉદ્યોગ નહિ ત્યજવો, સકલ છે યત્નની પાછળ.

હૃદય ઢીલું બની ઢીલું, નથી ઉત્સાહ વણ કાંઈ,
નથી ઉત્સાહ, પ્રીતિ વણ, કરું પ્રીતિ પ્રભુ બોધે.

અનન્ય શુદ્ધ પ્રીતિથી, પ્રભુનો ધર્મ ધરવાનો;
ગુણો બીજ વિકસાવી, ગુણોનો બાગ શોભાવો.

કરી લો શોધ સાચાની, રમણતા રાખ હરદમ તું;
પ્રભુથી લય લગાવીને, વહો આગળ અચળ પ્રેમે.

---

પામો વૃદ્ધિ નિશદિન સદા, સદ્ગુરુના પ્રતાપે,
પ્રજ્ઞા તારી નિશદિન વધો, સત્ય સિદ્ધાંત પાઠે.
રાચી માચી પ્રભુ ગુણ લહી, સત્ય આનંદ ચાખો,
એવી આશીઃ નિશદિન દઉં, ધર્મનો લાભ પામો.
કર્તા ભોક્તા નિજગુણ તણો, શુદ્ધ ચૈતન્ય સ્વામી,
જ્ઞાનાનંદી વિભુ ગુણમય, શુદ્ધ દૃષ્ટિ થકી જે.
ભોગી યોગી નિજગુણ તણો, ધ્યાનથી શીઘ્ર થાજે,
આશીઃ એવી નિજગુણ તણી, જીવને જીવ દે છે.
કર્તા ચેતન નિજગુણ તણો, કર્મ છે મોક્ષ સિદ્ધિ,
સદ્ જ્ઞાનાદિ કરણમય છે, સંપ્રદાને ગુણોનું.
જે જે દોષો નિજ થકી ટળે, તે અપાદાન જાણો,
આધારી એ સહજ સુખનો એમ બુદ્ધ્યબ્ધિ વાણી.

★

# પત્ર ત્રણ

વડાલી

સં. ૧૯૭૧ મહા સુદી ૧૨

શા. આત્મારામ ખેમચંદ તથા શા. કેશવલાલ નાગજીભાઈ,
યોગ્ય ધર્મલાભ.

લખેલો પત્ર તવ વાંચ્યો, હકીકત સહુ લખી જાણી;
વિહારે દેવદર્શન ને થતો ઉપદેશ જૈનોને.
ઘણાં જિનમંદિરો જૂનાં, વડાલી ખેડબ્રહ્મામાં;
તથા દેરોલ પોળોમાં, નિહાળે તોષ મન થતો.
હજી કુંભારીયા આબુ, જવાનું પ્રાયઃ થાવાનું,
રૂચે તો લાભ લેવાને, કદી ના ભૂલ આ વખતે,
હતી જાહોજહાલી બહુ, અહો પૂર્વેજ જૈનોની;
જણાતી ના અધુના એ, ગતિ છે દૈવની ન્યારી.
હજી તો જૈન બંધુઓ, પડયા છે ઘોર નિદ્રામાં;
પરસ્પર કલેશ કંકાશે, નકામું આયુ ગાળે છે.
ભણે ના ધર્મની વિદ્યા, પરસ્પર સંપી ના ચાલે;
અરે આ શી દશા આવી, રહી ના પડતીમાં બાકી.
વધે છે કલેશ જૈનોમાં, ખરાબીઓ વધે તેથી;
ઘટે છે જૈનની વસ્તી, થશે શું ભાવિમાં એથી.
**ઘણાં નિર્ધન અરે જૈનો, ગમે ત્યાં ભીખ માંગે છે;**
**મરે રખડી ઘણાં બાળકો, ઘણાં વટલાય છે જનો.**

**ગૃહસ્થો લક્ષ્મીના મદની, કરે છે શાખ લક્ષ્મીની,**
**કરે ના સહાય તેઓની, સ્વધર્મીની સગાઈ ક્યાં;**
**નકામાં ખર્ચ જનોમાં, થતી લખલૂંટ લક્ષ્મીની,**
**ગુરુઓ પોક પાડીને, કથે તેનો અસર ક્યાં છે.**

સ્વચ્છંદે વર્તતા જૈનો, નહિ ગણુકારતા સાચું,
ભમાવ્યાથી કુગુરુઓના, નિખેપે શ્રેયમાં પથરા;
**ગુરુકુળો વિના પ્રગતિ, થવાની ના ગૃહસ્થોમાં;**
**સુધારો એ જ જૈનોને, ખરેખર હાલ કરવાનો.**

રહ્યા પાછળ અરે જૈનો, વધે આગળ અરે બીજા,
નિહાળે ના અરે અંધો, પ્રવૃત્તિમાં રહ્યા પાછા;
પ્રવૃત્તિ વિણુ નિવૃત્તિની, કદી રક્ષા ન થાનારી,
જુવે જૈનો અરે ક્યાંથી, ગુરુગમ વણુ થતું ના કાંઇ.

હવે તો જ્યારથી જાગ્યા, અહો હો ત્યારથી કરશો,
સદા જૈનોન્નતિ કાર્યો, તમારું શ્રેય છે તેમાં;
ઉઠાડો ઉંઘતાઓને, જગાડીને કરો કાર્યો;
કરો સેવા ઉદય માટે, પરસ્પર સહાય આપીને.

પરસ્પર મૈત્રી ધારીને, નકામા ક્લેશ ટંટાઓ,
ત્યજી મોટી ખરી દૃષ્ટિ, કરો જૈનોન્નતિ સેવા;
ગુરુ આજ્ઞા ધરી શીર્ષે, હઠો ના સંકટો પડતાં,
**બુદ્ધ્યબ્ધિ** સદ્ગુરુ શિક્ષા, પ્રમાણે વર્તશો યત્ને.

અધૂરાં અરમાન

શ્રીમદ્
બુદ્ધિસાગરસૂરિજી

●

જમાના પ્રમાણે જૈનધર્મમાં પરિવર્તન કરનારા વિચારો ધરાવનાર તેમજ તે પ્રમાણે જાહેર વ્યાખ્યાનની પીઠ પરથી ઉપદેશ દેનાર જૈન સાધુઓ આંગળીને વેઢે ગણી શકાય તેટલા જ થઈ ગયા છે. એવા સાધુઓમાં શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજીનું પણ એક મહત્ત્વનું સ્થાન છે.

જમાનો ઓળખીને નહિ ચાલો તો પસ્તાવું પડશે એવી ઘેરી ચેતવણી તેમણે અનેક ગ્રંથોમાં આપી છે. અને જમાના પ્રમાણે શું શું કરવું જોઇએ તેનો અનેક ગ્રંથોમાં તેમણે નિર્દેશ કર્યો છે.

તેમનાં અરમાન હતાં.

ગુરુકુળ: સાધુ મહાસભા અને જ્ઞાન ભંડાર.

જમાનાની એ માંગ હતી, અને આજે પણ છે.

એ અરમાન હજુ પણ અધૂરાં છે. કોઈ ભડવીર એ પૂરા કરશે કે?

★

## ગુરુકુળ

જૈન શ્રાવક ગુરુકુળ, જૈન શ્રાવિકા ગુરુકુળ, જૈન સાધુ ગુરુકુળ, જૈન સાધ્વી ગુરુકુળ એ ચાર ગુરુકુળો સ્થાપવાની ખાસ જરૂર છે.

જૈન ધર્મનું શિક્ષણ આપીને જૈન ધર્માભિમાન જગાડે, જૈન ધર્મ પર પૂર્ણ શ્રદ્ધા કરાવે અને જૈનો અન્ય ધર્મીઓની સાથે તેમજ જ્ઞાનચર્ચામાં પાછા ન પડે તે માટે ગુરુકુળો સ્થાપવાં જોઇએ...........

ધર્મ વિદ્યા વિનાની એકલી કર્મ વિદ્યાથી આત્મોન્નતિ થતી નથી. માટે જૈનોના જે કરોડો રૂપિયા બીજી બાબતમાં ખર્ચાય છે તેમાંથી ઘટાડો કરીને, જૈન ધર્મનાં ગુરુકુળો સ્થાપીને જૈન ધર્મ શાસ્ત્રોનો અભ્યાસ કરાવવામાં હવે જરા પણ વિલંબ કરવો જોઇએ નહિ.......

વીર્ય ન હોય તો શરીરનો નાશ થાય છે તેમ જૈન કોમમાંથી ધાર્મિક જ્ઞાન અને ધાર્મિક જુસ્સો નષ્ટ થતાં જૈન કોમની આત્મા વગરના શરીર જેવી દશા થાય છે માટે—

ચતુર્વિધ જૈન કોમે હવે ચાર પ્રકારના ગુરુકુળો સ્થાપીને પોતાની જાહોજલાલી વધારવી જોઇએ.......

# જ્ઞાન ભંડાર

હિંદુસ્તાનમાં એક મોટો જૈનાગમ ભંડાર કરવાની જરૂર છે.

અર્ધા માઇલનું વ્યવસ્થાવાળું મોટું મકાન હોય, લાખો રૂપિયાના ખર્ચથી બંધાવેલું હોય, લખેલા જુનાં પુસ્તકોની વ્યવસ્થા સચવાય, પુસ્તકોને હવા વગેરે ન લાગે અને અજવાળું આવે એવી વ્યવસ્થા હોય. દરેક સાધુઓનાં પુસ્તકો તેમની તરફથી સાચવવામાં આવે અને તેમના સંબંધે રહે એવા જૂદા જૂદા આરડાઓ હોય, ઈંગ્લેન્ડની મોટી લાયબ્રેરીની જેમ સર્વ પ્રકારની વ્યવસ્થા હોય, વીજળી, અગ્નિ વગેરેથી પુસ્તકનું રક્ષણ કરવાની વ્યવસ્થા કરવામાં આવી હોય, છાપેલાં દરેક જાતનાં પુસ્તકો રાખવાની સારી વ્યવસ્થા કરવામાં આવી હોય, આ જૈનાગમ ભંડારમાં બેસીને વાંચનારાઓ વાંચે અને લખનારાઓ લખી શકે એવી વ્યવસ્થા ભંડારની સારામાં સારી વ્યવસ્ઘા હોય શકે એવા વિદ્વાનો રાખવામાં આવ્યા હોય, આ ભંડાર વા જૈનાગમ લાયબ્રેરીની ચારે તરફ પવિત્રતા હોય, સાધુઓ અને સાધ્વીઓ પણ આવીને ત્યાં વાંચે એવી વ્યવસ્થા હોય, દરેક જાતના ધર્મ પુસ્તકોનું રક્ષણ થાય એવી વ્યવસ્થા હોય, અનેક ઓરડીઓ તથા માળની વ્યવસ્થા હોય, લાખો વા કરોડો રૂપિયાનું ફંડ કરીને જેમાં સર્વ પુસ્તકોનું સંગ્રહ કરવામાં આવ્યો હોય એવા—

**જૈનાગમ ભંડારની વા તેવી લાયબ્રેરીની ખાસ આવશ્યકતા છે.**

# સાધુ મહાસભા

જેઓના મનમાં જૈન ધર્માભિમાનનો જુસ્સો છે, જેઓ સ્વપર શાસ્ત્રોમાં કુશળ થયા છે અને જેઓ દેશકાળની સ્થિતિ જાણી શકે છે એવા જૈન સાધુઓએ અમુક કલમોની શરતે પરસ્પર સંપ ટકી શકે અને સામાન્ય રીતે જૈન ધર્મના સિદ્ધાંતોને હાથમાં લઇ શકાય એવી રીતે પરસ્પર ભિન્ન ભિન્ન ગચ્છનાં સાધુઓએ ભેગા મળીને એક **સાધુ મહાસભા** સ્થાપીને જૈન ધર્મની ઉન્નતિનાં કાર્યો કરવાં જોઇએ.

પ્રાશ્ચાત્ય ધર્મવાળાઓ તથા બીજા ભિન્ન ભિન્ન ધર્મવાળાઓ ધાર્મિક પ્રગતિના કયા કયા ઉપાયો ગ્રહણ કરે છે અને તેમાં તેઓ કેવી રીતે ફાવે છે તે જાણવું જોઇએ અને તેમાંના યોગ્ય ઉપાયોને ગ્રહણ કરવા જોઈએ. અને અનુભવની સૂક્ષ્મ દૃષ્ટિથી ધાર્મિક ઉન્તિના આચારો અને વિચારોમાં સુધારો વધારો એવી રીતનો કરવો જોઇએ કે જેથી જૈનાગમથી અવિરુદ્ધપણે પ્રગતિ માર્ગમાં પ્રયત્ન થાય.

દેશ કાળને અનુસરીને જૈન સાધુઓનાં આચારોમાં આજ પર્યંત ઘણાં પરિવર્તનો થએલાં છે.

જૈન સાધુઓ ભિન્ન ભિન્ન ગચ્છના અને ભિન્ન ભિન્ન માન્યતા માનનારા હોવા છતાં કોઈ પણ ગચ્છવાળાને પરસ્પર વિરોધ ન આવે એવા સામાન્ય, જૈન ધર્મની ઉન્નતિના ઉપાયોમાં સંપીને કાર્ય કરવાના કોલ કરારો કરીને **સાધુ મહાસભા** સ્થાપી શકે અને પુનઃ જૈન ધર્મોદ્ધાર કરવા પ્રવૃત્તિ કરી શકે તો તે બનવા યોગ્ય છે............

★

વ્યક્તિગત અને સમુહગત
મુલાકાતનું એક
સંસ્મરણ.

●

# આવી પણ વસ્તી વસે છે હોં

★

શ્રીમદ્
બુદ્ધિસાગરસૂરિજી

★

શ્રીમદ્જીને અનેક વ્યક્તિઓ મળવા આવતી હતી.

કોઇ જિજ્ઞાસા ભાવે તો
કોઈ પૂજ્યભાવે.
તેમાં કોઈ રાહ ભૂલેલા
રાહગીરો પણ આવતા
અને માત્ર ચર્ચા
શોખીનો પણ આવતા.

એ સૌ સાથે શ્રીમદ્જી કેવી રીતે વાત કરતા તેનું બયાન તેમની જ કલમે વાંચો—

[ ધાર્મિક ગદ્ય સંગ્રહમાંથી ]

# મુલાકાત એકની

એક શ્રાવક એક સાધુ પાસે જતો હતો. કેટલાક દિવસે તે અમને મળ્યો અને કહેવા લાગ્યો કે હવે હું એ સાધુની પાસે જતો નથી.

મેં પ્રશ્ન કર્યો કે તું શા માટે જતો નથી?

ત્યારે તેણે કહ્યું કે તેમના સંબંધી ખરાબ વાત સાંભળવામાં આવી છે.

મેં પૂછ્યું કે તે સંબંધી તેં જાતે તપાસ કરી છે?

તેણે કહ્યું કે મેં વાત સાંભળી છે પણ જાતે કંઈ તપાસ કરી નથી.

મેં કહ્યું કે કોઈના કહેવાથી કોઈ વાત તું માની લે તો અનર્થ થાય કે ન થાય?

તેણે કહ્યું કે હા થાય. ત્યારે મેં તેને ફરી પૂછ્યું કે તારા ઉપર તે સાધુનો ઉપકાર થયો કે કેમ?

તેણે કહ્યું કે હા, મારા ઉપર તેમણે મોટા ઉપકાર કર્યો છે. શાસ્ત્રોની ઘણી ઘણી વાતો તેમની પાસેથી સાંભળી છે અને તેમણે મને વ્યવહાર સમ્યક્ત્વ પમાડયું છે.

મેં પૂછ્યું કે તે સાધુમાં તેં કેટલા ગુણો જોયાં?

તેણે કહ્યું કે મેં તો લોક અફવા સાંભળી છે.

મેં પૂછ્યું ભાઇ! લોક અફવા સર્વ સાચી હોઈ શકે ખરી કે?

તેણે કહ્યું: ના, સર્વ લોક અફવાઓ સાચી ન હોય.

મેં પૂછ્યું: તમે સાધુ ઉપર કેટલો બધો પ્રેમ રાખતા હતા!

તેણે કહ્યું:—હું ઘણો પ્રેમ રાખતો હતો અને તે પણ મારા પર અત્યંત પ્રેમ રાખતા હતા.

મેં પૂછ્યું:—તું હવે જે ઉપાશ્રયે જાય છે તે સાધુની અફવા પણ સાંભળીશ તો પછી કયાં જઇશ?

તેણે કહ્યું:—'કેમ વળી, બીજે ઉપાશ્રયે જઇશ.

મેં પૂછ્યું:—તે સાધુને તું કદાપી મળે છે તો કેવી દૃષ્ટિથી દેખે છે?

તેણે કહ્યું:—ધિઃક્કાર દૃષ્ટિથી.

મેં કહ્યું:—તારા ઉપર તેમણે ઉપકાર કર્યો છે તેનો કંઇ તારા દિલમાં ખ્યાલ આવે છે?

તેણે કહ્યું:—ના.

મેં કહ્યું:—તારામાં શ્રાવકના કેટલા ગુણ પ્રગટયા છે?

તેણે કહ્યું કે તે સંબંધી હું કંઇ લક્ષ આપતો નથી.

મેં તેને કહ્યું કે હે શ્રાવક! દુનિયામાં સર્વ ગુણો એક મનુષ્યમાં હોય એવો મનુષ્ય તું મને દેખાડી શકીશ?

તેણે કહ્યું:—ના.

મેં કહ્યું:—તેં જેના ઉપર ઉપકાર કર્યો હોય તે મનુષ્ય તારા તરફ ધિઃક્કારની દૃષ્ટિથી દેખે તો તને કેવું લાગે?

તેણે કહ્યું:—બહુ ખરાબ.

છેવટે મેં તેને ઉપદેશ દીધો કે હે ભવ્ય! હજી તું શ્રાવકના સદ્‌ગુણો પ્રાપ્ત કરવા પ્રયત્ન કર! તું જે સાધુથી દૂર થયો છે તેનો તેં જાત તપાસથી નિર્ણય કર્યો નથી. તેમજ છતા યા અછતા કોઈના દોષો કોઈની આગળ કહેવા નહિ એમ ધર્મરત્ન પ્રકરણમાં શ્રાવકના અગીયારમાં ગુણમાં કહ્યું છે. તેમજ ઉપકારીના દોષો તો કદી ખુલ્લા ન કરવા એમ સત્પુરુષો પ્રતિપાદન કરે છે તેમ છતાં તું તારા ઉપકારી સાધુની નિંદા કરે છે. એ કોઈ રીતે સારું નથી.

ઉપકારીની સામે થવાથી મનુષ્ય કૃતઘ્ની બને છે અને તે નીચ ગતિ તરફ ગમન કરે છે. તને નિશ્ચય સમ્યક્‌ત્વનું કારણ ભૂત એવું વ્યવહાર સમ્યક્‌ત્વ પમાડનાર તે સાધુ છે. તેના સામું તું ધિઃક્કારની નજરથી દેખે છે. ત્યાં સુધી તું શ્રાવક પદને લાયક નથી.

મૈથુન આદિ કુકર્મ કરનારા એવાં પાંજરાપોળનાં પશુઓ ઉપર પણ તું ધિઃક્કારની દૃષ્ટિથી દેખતો નથી ત્યારે તારા ઉપકારી એવાં સાધુ ઉપર તું ધિઃક્કારની દૃષ્ટિથી દેખે એ કેટલું બધું ખરાબ ગણાય?

હજી તો વ્હાલા બંધુ! તારે મનુષ્ય થવું જોઇએ અને માર્ગાનુસારિના ગુણો પ્રાપ્ત કરવા જોઇએ. ગમે તે ધર્મના અને ગમે તેવા દોષી એવા ગૃહસ્થોનો તું સમાગમ કરે છે અને તેઓની સાથે મળતાં, બોલતાં, ચાલતાં અનેક કાર્યો કરતાં તેઓના ઉપર પ્રેમ રાખે છે અને તારા ઉપકારી સાધુ ઉપર તો ધિઃક્કારની અને દોષ દૃષ્ટિથી દેખે છે એ કેટલું બધું ખરાબ ગણાય?

કદાચ તું એમ કહીશ કે તેમની સાથે સંબંધ રાખવાથી તેમના દોષોને ઉત્તેજન મળે પણ આ માનવું તારૂં યોગ્ય નથી. કારણ કે દુનિયા ગુણોને સમજે છે. કોઈ રોગી પાસે જવાથી ડાકટરો કાંઈ રોગ કે રોગીને ઉત્તેજન આપતાં નથી. માટે આટલી બધી સંકુચિત દૃષ્ટિ રાખવી એ તને યોગ્ય નથી.

તારામાં પણ કંઇ બધાં ગુણો નથી. વિચાર કરે તો તારામાં પણ ઘણાં દોષો હશે. તે દોષો બીજાઓ જાણતા હશે. બીજા લોકો દોષોને ઉત્તેજન મળે એવું જાણીને તારી પાસે ન આવે તો તને કેવું લાગે? દોષીને પાસે બેસવાથી દોષને ઉત્તેજન મળતું હોય તો રોગીને પાસે બેસનારાઓ રોગીને અને રોગને ઉત્તેજન આપનારા ગણાય.

જૈન શાસ્ત્રોમાં શત્રુના ઉપર પણ ધિઃક્કારની દૃષ્ટિથી જોવું એવું પ્રતિપાદન કર્યું નથી. તેમજ કોઇની નિંદા

કરવાનું પણ લખ્યું નથી. તેમાં પણ ગુરુ જનની નિંદાનો ત્યાગ કરવાનું તો વિશેષતઃ કહ્યું છે..

લોકોની અફવાથી તું પોતાના ઉપકારી સાધુ ઉપર ઉપકારના ભાર્ય દોષની પેઠે દોષનો આરોપ કરે છે તેથી તે આળ કહેવાય અને કોઇના ઉપર જે આળ ચઢાવે છે તે પરભવમાં સીતાની જેમ આળ રૂપ મહા દુઃખને પ્રાપ્ત કરે છે. પોતાની જાતે પરિપૂર્ણ તપાસ કર્યા વિના કોઈના ઉપર દોષ ચઢાવવો તે ખરેખર મહા પાપ છે. આળ ચઢાવનાર મનુષ્યો દુર્ગતિ માર્ગ પ્રતિ ગમન કરે છે.

તારા ઉપકારી સાધુનો આ પ્રમાણે ફકત લોક અફવાથી દોષ બોલીને આવી ખરાબ ટેવથી તું બીજા દોષો તરફ વળીશ. જેવી આ સાધુની નિંદા કરે છે તેવી બીજા સાધુની નિંદા કરીશ તેથી મહા પાપકર્મ બાંધીશ.

તારું જીવન સુધારવું હોય તો દોષો મૂકીને સદ્‌ગુણો ગ્રહણ કર !! તારા ઉપકારી સાધુને બચાવ !!! પોતાનાથી હવે આવો દોષો ન થાય તે માટે પશ્ચાતાપ કર !! સર્વ સાધુઓમાંથી ગુણો ગ્રહણ કર ! કોઇનામાં કોઈ ગુણ હોય તો કોઇ દોષ હોય. સર્વગુણી તો વીતરાગ છે. સાધુઓમાં પણ દોષ આવી જાય. માટે તું પહેલાં ગુણ લેતાં શીખ અને પછીથી વ્રત આદિનો ખપ કર !!!

★

# મુલાકાત અનેકની

એક વખત મારી પાસે ઘણાં શ્રાવકો આવ્યાં અને તે જૈનધર્મના ઉદય સંબંધી વિચારો કરવા લાગ્યા.

એક શ્રાવક કહેવા લાગ્યો કે સંવત ૨૦૦૦ની સાલમાં જૈનોનો ઉદય કરે એવા ઉત્તમ પુરુષો પ્રગટશે.

એક શ્રાવક કહેવા લાગ્યો કે સિદ્ધાચલ પર્વત ઉપર આદીશ્વર ભગવાનની મૂર્તિ પર જ્યારથી વીજળી પડી છે ત્યારથી જૈનોની પડતી આવી પડી છે. જૈનોમાં મોટા મોટા આચાર્યો, કરોડાધિપતિ શેઠીઆઓ, પ્રધાનો, સત્તાધિકારીઓ વગેરે ત્યારથી મંદ દેખવામાં આવે છે. માટે આદીશ્વર ભગવાનની મૂર્તિ ફેર નવી બેસાડવી જોઇએ.

એક શ્રાવક કહેવા લાગ્યોઃ પડતો કાળ આવ્યો છે માટે ચડતો ભાવ કયાંથી દેખાય ?

એક શ્રાવક કહેવા લાગ્યો કે કર્મના ઉપર આધાર રાખ્યાથી જૈનો આગળ પડતા થયા નહિ.

એક શ્રાવક કહેવા લાગ્યો કે ક્ષત્રિયોને વાણિયા બનાવ્યા ત્યારથી તે ઢીલા બની ગયા તેથી ઉદય થતો નથી.

એક શ્રાવક કહેવા લાગ્યો કે જૈનોમાં સ્વાર્થ, નિંદા, ઇર્ષ્યા અને કૃતઘ્નતા આદિ દોષો જ્યારથી વિશેષ

પ્રમાણમાં ફેલાવા લાગ્યા ત્યારથી જૈનોની અવનતિ થવા લાગી.

એક શ્રાવક કહેવા લાગ્યા કે બીજા ધર્મીઓને કેટલાક જૈનો જમાનાને અનુસરી ચાલતા નથી તેથી તેઓ અવનતિના ભાગીદાર બન્યા છે.

એક શ્રાવક કહેવા લાગ્યા કે ધર્મ મત ગચ્છ—કદાગ્રહ, ભિન્ન ભિન્ન ગચ્છ ક્રિયાના ભેદોથી જૈનાચાર્યોએ પરસ્પર ખંડન મંડન કરી જૈન કોમમાં કુસુંપ કરાવીને અવનતિનાં મૂળ રોપ્યાં છે. અને તેનાં ફળ હાલના જૈનો ચાખી રહ્યા છે.

આ પ્રમાણે બોલીને શ્રાવકો મારો અભિપ્રાય જાણવા માટે મારું સામું જોઈ રહ્યાં.

મેં કહ્યું કે શ્રાવકો ! ઉદયનાં ખરાં કારણોને સેવવામાં ન આવે ત્યાં સુધી ઉદય થઈ શકતો નથી. ઉદયની ઇચ્છા રાખનારા દરેક જૈને બોલેલું આચારમાં મૂકવું જોઈએ. પોતે કંઈ સારું કરવા માટે સ્વાશ્રયી બનવું જોઈએ. સર્વમાં પોતાને દેખવાની દૃષ્ટિ ધારણ કરવી જોઈએ. સર્વની સાથે પ્રેમ અને સંપરૂપ સાંકળાની સાથે બંધાઈને ઉન્નતિનાં કાર્યો કરવાં જોઈએ. બીજાની ઉન્નતિને પોતાની ઉન્નતિ માની લેવી જોઈએ. જૈનધર્મની શ્રદ્ધાના રસથી સર્વને પોતાના સમાન ગણવા જોઈએ. દરેક જૈન એ હું છું એવું જાણવું જોઈએ. આ પ્રમાણે જાણીને તે પ્રમાણે વર્તવું જોઈએ. સદાચાર અને સુવિચારોથી વર્તવાની સમજણ તથા સારા ઉપાયો વડે જૈનોની પ્રગતિ કરી શકાશે.

★


## ગ્રાહકોને નમ્ર વિનંતી

'બુદ્ધિપ્રભા' દર માસની દસમી તારીખે પ્રગટ થાય છે. આપને તા. ૨૦ સુધી અંક ન મળે તે પછી જ, આપનો ગ્રાહક નંબર લખીને કાર્યાલય સાથે પત્ર વ્યવહાર કરવો.

રુબરૂ મળો :
ભગવાન શાહ
૧૭૦/૭૨, ગુલાલવાડી
પહેલે માળે
મુંબઈ—૪

બુદ્ધિપ્રભા
C/o શ્રી જે. એસ. દંતારા
૧૨/૧૬, ત્રીજો ભોઈવાડો, ૧ લે માળે,
મુંબઈ ૨.

રાજા, ઠાકોર યા બાદશાહ ગમે તે હોય પણ જો તે પોતાનું આચરણ ઉત્તમ રાખી શકતો નથી તો કોઈ પણ રીતે જગતનું કલ્યાણ કરવા સમર્થ થતો નથી........

જે ધર્મની વૃદ્ધિ તલવારના ઘાથી થઈ છે તે ધર્મનો વહેલો અસ્ત થનાર છે.

જે ધર્મમાં શાંતિનો ખજાનો ભરપૂર છે તે જ અંતે સ્થાયી રહેશે.

—શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજીના પ્રવચનમાંથી.

ધર્મ એટલે શું? ⊙ જીવનમાં ધર્મનું સ્થાન.

સાચો ધર્મ કયો? ⊙ જૈન ધર્મ અને અન્ય ધર્મ.

ધર્મના વિષયને કેન્દ્રમાં રાખીને
માહે મે ૧૯૧૦ માં મુકામ ડુમસ નગરે
વાંસદાના રાણાની હાજરીમાં
આપેલું

## શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજીનું એક

# અંગ્રથસ્થ પ્રવચન.

જે વિદ્વાનો જૈનોનાં શાસ્ત્રો વાંચે છે તેઓને નિષ્પક્ષપાત દૃષ્ટિના યોગે માલુમ પડે છે કે જૈન ધર્મ સર્વ ધર્મ કરતાં પ્રાચીન છે. જૈન ધર્મ એ અનાદિ કાળનો છે એમ તેના અભ્યાસીઓને માલુમ પડયા વિના રહેશે નહિ. સર્વ દુર્ગુણોનો નાશ કરી આત્માના સર્વ સદ્ગુણો પ્રગટાવવા તે જ જૈન ધર્મનો મુખ્ય ઉદ્દેશ્ય છે. જૈન ધર્મ એમ જ કહે છે કે હે ભવ્ય જીવો! તમે સર્વ કર્મનો ક્ષય કરીને મુક્તિ પદને પ્રાપ્ત કરો.

જૈન ધર્મમાં કર્મનું જેવું સૂક્ષ્મ સ્વરૂપ બતાવવામાં આવ્યું છે તેવું સ્વરૂપ બીજા કોઇ ધર્મમાં જોવા મળતું નથી. અષ્ટાદશ દોષ રહીત દેવ, પંચ મહાવ્રતધારી સુગુરુ તેમજ દયા આદિ ગુણથી યુક્ત ધર્મ આ ત્રણ તત્ત્વનું જૈન ધર્મમાં ખૂબ જ સૂક્ષ્મ રીતે સ્વરૂપ બતાવવામાં આવ્યું છે. જેમ જેમ એ ત્રણે તત્ત્વનો વિશેષ વિચાર કરવામાં આવે છે તેમ તેમ નવો નવો અનુભવ પ્રાપ્ત થતો જાય છે.

જૈન ધર્મમાં ભ્રાતૃભાવ તેમજ

દયાનું જેવું સ્વરૂપ બતાવ્યું છે તેવું સ્વરૂપ અન્ય ધર્મોમાં દેખવામાં આવતું નથી. યજ્ઞયાગાદિકમાં પશુઓનો વધ કરીને ધર્મ માનનારાઓને જૈન ધર્મ શીખામણ આપીને કહે છે કે યજ્ઞાદિકમાં પશુઓને હોમવાથી કોઇપણ જાતનો ધર્મ થતો નથી **જો યજ્ઞમાં હોમેલા પશુઓ સ્વર્ગમાં જતા હોય તો તમારા પુત્રોને જ યજ્ઞમાં કેમ હોમતા નથી ?**

હાલના સમયમાં પણ જૈન ધર્મ દયાના આચારો અને વિચારોમાં અગ્રગણ્ય પદ ભોગવે છે.

જૈન ધર્મ કહે છે કે પરમાત્માઓ અનંત છે. જે જે જીવો કર્મોનો સર્વથા નાશ કરે છે તે તે પરમાત્માઓ થાય છે.

આત્મા તે જ પરમાત્મા થાય છે. પણ આ પરમાત્મા જગતને બનાવનાર નથી. જગત બનાવવાનું ઇશ્વરને પ્રયોજન પણ નથી. પરમાત્મા રાગદ્વેષ રહિત છે તે જો જગત બનાવવાની ઉપાધિમાં પડે તો તેનું ઇશ્વરપણું ચાલ્યું જાય.

જે જે આત્માઓ કર્મનો નાશ કરી પરમાત્મા થાય છે તે મુક્તિમાં જાય છે ત્યાંથી તે કોઇ વખત પાછા આવતા નથી. જેને કર્મ લાગ્યાં છે તે જ સંસારમાં પરિભ્રમણ કરે છે. આમ કર્મરહિત થએલાં પરમાત્મા પાછા સંસારમાં આવતા નથી.

ગૃહસ્થાશ્રમમાં રહીને કે સાધુ થઇને અનંત સુખમય એવું પરમાત્મ પદ પ્રાપ્ત કરવાનું છે. ગૃહસ્થાશ્રમમાં રહેનારે બાર વ્રત અંગીકાર કરવાં જોઇએ એમ જૈન ધર્મ જણાવે છે.

રાજાએ પોતાની પ્રજાનું પાલન કરવું જોઇએ. પ્રજાને ન્યાય આપવો જોઇએ અને પ્રજાને પોતાના પુત્ર સમાન ગણવી જોઇએ એમ જૈન ધર્મ જણાવે છે.

રાજાએ હાજી હા, કરનારા સ્વાર્થી મંત્રીઓને રાખવા ન જોઇએ. કારણ સ્વાર્થી મંત્રીઓ અને કારભારીઓ રાજા તથા રૈયતનું ભલું કરી શકતા નથી.

અને જે બીજાનું ભલું કરી શકતો નથી તે પોતાનું શું ભલું કરી શકવાનો છે ? પ્રધાનોએ રાજાને સત્ય માર્ગ બતાવવો જોઇએ. પ્રથમના સમયમાં રાજાઓ સાધુઓનો ધર્મોપદેશ સાંભળતા હતાં તેથી ધર્મમાં કુશળ થતાં હતાં. રાજા ધર્મી હોવાથી પ્રજા ઉપર પણ સારી છાપ પડતી હતી. સાધુઓ કંચન અને કામિનીના ત્યાગી હોવાથી તેમજ સંસારિક સ્વાર્થ વિનાના હોવાથી રાજાઓને સત્ય શીક્ષા આપતાં હતા તેની અસર પણ રાજાઓને સારી થતી હતી. હાલ તો રાજાઓની પાસે ઘણા ભાગે સજ્જન પુરુષો હોતા નથી તેથી તેઓની બુદ્ધિ સુધરતી નથી.

માંસ અને દારૂપાનથી આત્મા મલિન બને છે. જૈન ધર્મ ફરમાવે છે કે જે રાજાઓ માંસ ભક્ષણ અને દારૂપાન કરતાં નથી તેઓ પ્રજાને પણ સુધારી શકે છે જ્યારે દારૂપાનમાં મસ્ત બની રહેલાં ઠાકોરો અને રાજાઓ પોતાની બુદ્ધિને સુધારી શકતા નથી. જે જે જૈન ધર્મી સૂર્ય-વંશી વા ચંદ્રવંશી વા ગમે તે વંશના સંપ્રતિ, કુમારપાળ વગેરે રાજાઓ થઇ ગયા છે તેઓએ પોતાની બુદ્ધિ સુધારીને પ્રજાની ઉન્નતિ સારી રીતે કરેલી છે. **રાજા, ઠાકોર, યા, બાદશાહ ગમે તે હોય પણ જે પોતાનાં આચરણ ઉત્તમ રાખી શકતો નથી તે કોઇપણ રીતે જગતનું કલ્યાણ કરવા સમર્થ થતો નથી.** જે પુરુષો આચાર વિચારથી ઉત્તમ રહે છે તે જ જગતમાં બીજા ઉપર સારી અસર કરી શકે છે.

હિંદુસ્તાનના મનુષ્યો આર્ય ગણાય છે તેનું કારણ એ છે કે હિંદુસ્તાનમાં શ્રી તીર્થંકરો અને મોટા મોટા મુનિવરો ઉત્પન્ન થયાં છે. હાલ આર્ય દેશનાં મનુષ્યો આર્યના ગુણો છોડીને હિંસા. દારૂપાન, નાસ્તિકતા વગેરે


**આકર્ષક અને લોકપ્રિય..............**

**ક્રાઉન** PURE ALUMINIUM THE CROWN **બ્રાન્ડ**

**એલ્યુમિનિયમનાં વાસણો તથા એનોડાઈઝડ એલ્યુમિનિયમની વસ્તુઓ**

**સૌ કોઈનો અભિપ્રાય છે કે 'ક્રાઉન' બ્રાન્ડની વસ્તુઓ દેખાવે સુંદર, આધુનિક ઘાટવાળી, ટકાઉ અને ખર્ચેલા નાંણાનું વળતર આપી રહે તેવી હોય છે**

**ઘર, હોટલ, હોસ્પીટલ તથા કોઈપણ ઉદ્યોગની એલ્યુમિનિયમની જરૂરિયાતો અમે પૂરી પાડીએ છીએ.**

**જીવનલાલ (૧૯૨૯) લિમિટેડ**

**'ક્રાઉન એલ્યુમિનિયમ હાઉસ' : ૨૩, બ્રેબોન રોડ : કલકત્તા-૧**

**મુંબઈ ★ મદ્રાસ ★ દિલ્હી ★ રાજમહેન્દ્રી ★ એડન**

અનાર્યોના દોષોને અંગીકાર કરે છે. ત્યારે આ આર્યોને અનાર્ય શા માટે ન કહેવાય? યુરોપ વગેરે દેશના રહેવાસીઓ માંસાહાર અને દારૂપાનનો ત્યાગ કરવા લાગ્યા છે ત્યારે આર્યો ઉલ્ટા અનાર્ય થતા જાય છે. પરદેશીઓમાં જે જે સુસંપ, પ્રેમ, ભ્રાતૃભાવ, ઉદ્યમ વગેરે ગુણો છે તેનું ગ્રહણ કરવું જોઇએ પરંતુ તેમ ન કરતાં ખ્રીસ્તી થઇ જવું, દારૂપાન કરવું, માંસાહાર કરવો અને તેમનાં સર્વ આચરણો સારા છે એમ અંધપણાથી સાની પોતાના ધર્મના આચારો અને વિચારોને જેઓ દેશવટો આપે છે તેઓ અનેક પાપ કર્મને બાંધે છે.

હિંદુસ્તાન ધર્મને માટે પ્રખ્યાત છે. હિંદુસ્તાનમાં જૈન ધર્મે દયાની લાગણીથી અત્યંત શાંતિ પાથરી છે. જૈન સાધુઓ ગામેગામ ફરીને કોઇ જીવને મારવો નહિ એવો દયાનો ઉપદેશ આપે છે. જે મનુષ્ય કીડી અને પશુ પંખીઓને પણ મારવા તત્પર થઇ જાય છે તે મનુષ્યોને પણ મારી નાંખે તેમાં શું આશ્ચર્ય?

જૈન ધર્મ પાળનારાઓમાં ઉત્તમ દયા હોવાને લીધે તેઓ દેશ પરદેશના મનુષ્યોમાં તેમ જ પશુ પંખી વગેરે પ્રાણીઓનાં ભેદ રાખ્યા સિવાય દયાની લાગણીથી સર્વનું ભલું ઇચ્છે છે. જ્યારે પ્રજામાં આવી દયા હોય તો તે રાજ્ય વિરુદ્ધ શી રીતે ચાલી શકે?

ખરેખર જૈન ધર્મ જગતના સર્વ મનુષ્યો માટે છે. જૈન ધર્મમાં નાત જાતના ભેદ નથી. નીતિના સર્વ ગુણોનો સમાવેશ જૈન ધર્મમાં થાય છે. હિંદુ ધર્મમાં પણ તુલસીદાસ વગેરે ભક્તો દયાને માટે ઉચ્ચ વિચાર ધરાવે છે અને કહે છે કે—

દયા ધર્મકા મૂલ હૈ,
પાપ મૂળ અભિમાન;
તુલસી દયા ન છોડીએ,
જબ લગ ઘટમેં પ્રાણ.

વ્યાસ ઋષિ પણ દયાને માટે ભગવદ્ ગીતામાં અપેક્ષાએ સારા વિચારો જણાવે છે. ભાગવતમાં પણ યજ્ઞ યાગાદિકમાં પશુઓ હોમવાનો નિષેધ કર્યો છે.

કેટલાક રાજાઓ, ઠાકોરો વગેરે દશેરાના દિવસે બકરાં અને પાડાનો નાશ કરે છે. પાડાઓને મારવાથી કોઇપણ જાતનો લાભ થતો નથી. જીવોની હિંસા કરવાથી ઉલ્ટું અપમંગલ થાય છે. દેવીઓ, પાડા વગેરેના લોહીને ખાતી નથી. દેવીને જો પાડા ખાવા હોય તો વગડામાં ઘણા પાડા હોય છે ત્યારે તે ખાઈ શકે છે. પણ તેમ બનતું નથી. આ જ બતાવે છે કે આ ખરેખર ખોટો રીવાજ છે.

જૈન શ્વેતાંબર કોન્ફરન્સના પ્રયાસથી ઘણા રાજાઓએ દશેરાના દિવસે થતી હિંસા અટકાવી છે. વાંસદાના

રાણાએ પણ કેટલાક પાડા મારવાનો નિષેધ કર્યો છે તે માટે તેમને ધન્યવાદ ઘટે છે. અને આશા છે કે એક પણ પાડાનો ભોગ હવે થતો અટકશે.

મનુષ્યો જેમ જેમ સત્ય ધર્મનાં સિદ્ધાંતો વાંચે છે, સાંભળે છે, ત્યારે તેમના મનમાંથી વ્હેમના વિચારો નીકળી જાય છે. જૈન ધર્મ પુણ્ય અને પાપનું સ્વરૂપ સારી રીતે જણાવે છે તેમજ પુનર્જન્મના સિદ્ધાંતને પરિપૂર્ણ માને છે. તેથી જૈન ધર્મ ઉત્તમ ધર્મ ગણાય છે. જૈન ધર્મનું સ્વરૂપ કહેનારા સર્વજ્ઞ તીર્થંકરો હતા તેથી જૈન ધર્મ ઉત્તમ હોય તે સ્વાભાવિક છે.

જે જે તીર્થંકરો થયા તે સર્વ ક્ષત્રિય વંશમાં જન્મેલાં ઉત્તમ રાજપુત્રો હતા તેથી ક્ષત્રિય વર્ગનો જૈન ધર્મ કહેવાય છે. હાલના સમયમાં ક્ષત્રિય, પોતાના બાપ દાદાઓનો અસલ જૈન ધર્મ ત્યજીને બીજો ધર્મ પાળે છે અને વળી જૈન ધર્મ ઉપર તિરસ્કાર બતાવે છે તે કેટલું શોચનીય છે?

સંતના સંસ્મરણો
અવધૂતની આહલેક
યોગીની યુગવાણી
શ્રમણની શ્રુતગંગા

પાથેય

સ્વ. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજીએ રોજે રોજ લખેલ ડાયરીનાં બેનમુન પાના એટલે જ

પાથેય

(પ્રેસમાં છપાઈ રહી છે.)
આપની નકલ આજે જ નોંધાવો.
કિંમત : અઢી રૂપિયા

: લખો :

ભગવાન શાહ
૧૭૦–૭૨, ગુલાલવાડી ૧ લે માળે
મુંબઈ–૪

શ્રી કીર્તિલાલ ડાહ્યાભાઈ પરીખ
૧૭/૧૯ ધનજી સ્ટ્રીટ,
મુંબઈ–૩

જૈન ધર્મ રાજધર્મ છે તેની ખરી ખૂબીઓ તેના પૂર્ણ અભ્યાસીઓ જાણે છે. દયાના જેવો ઉત્તમ સિદ્ધાંત જૈન ધર્મમાં ઉત્તમ છે અને તેના લીધે તે સર્વત્ર પ્રસિદ્ધ છે. સર્વ ધર્મનો સમાવેશ દયામાં થાય છે. દયા એ સર્વ પ્રાણીઓનો ધર્મ છે. દયા એ સર્વ પ્રાણીઓનો ધર્મ છે. દયા એ જૈન ધર્મનો મુખ્ય સિદ્ધાંત છે. રાજાઓએ તો દયા ઉપર ખૂબ ધ્યાન આપવું જોઈએ. જો તમે સર્વ જીવોની દયા કરશો તો આ ભવમાં પણ સુખી થશો. દયાના પ્રતાપથી દેવતાઓ તમારી સહાય કરશે. અને યાદ રાખજો કે દયાનો બદલો મળ્યા સિવાય રહેનાર નથી.

જગતની ઉન્નતિ ધાર્મિક કેળવણીથી થાય છે. આપણા લોકો પોતાનો ધર્મ બરાબર જાણતાં નથી. તેથી તેઓ ખ્રિસ્તિ પાદરીઓના ઉપદેશથી મિથ્યા ધર્મમાં સપડાઈ જાય છે. બાલ્યાવસ્થાથી ધાર્મિક કેળવણી આપવામાં આવે તો સદ્‌ગુણોથી મનુષ્યો ઉચ્ચ બની શકે. **આપણા ધર્મગુરુઓ જો દયા આદિ સદ્‌ગુણોનો ગામોગામ ફરી ઉપદેશ આપે તો દેશમાં થતાં મારામારી, કલેશ, વૈર વગેરેનો જડમૂળથી નાશ થઈ જાય. જે દેશમાં ધર્મનો જુસ્સો નથી તે દેશમાં અંતે શાંતિ રહેતી નથી.**

દરેક ધર્મના આચાર્યોએ ધર્મ ભેદના લીધે મોટા કલેશ કરવા ન જોઈએ. **જે ધર્મની વૃદ્ધિ તલવારના હાથી થઈ છે તે ધર્મનો વહેલો અસ્ત થનાર છે. જે ધર્મમાં શાંતિનો ખજાનો ભરપૂર છે તે જ અંતે સ્થાયી રહેશે.**

હિંદુસ્તાનના વિદ્યાર્થીઓને ધાર્મિક કેળવણી આપવામાં આવે તો તેઓનાં મન શાંત થાય. ગૃહસ્થાવાસમાં કે સાધુ અવસ્થામાં રહીને આત્માના સદ્‌ગુણો ખીલવવા જોઈએ.

જગતમાં ભલું કરનારનું ભલું થાય છે અને બૂરું કરનારનું બૂરું થાય છે. હિંદુસ્તાનમાં જે જે રાજાઓ સદ્‌ગુણી થયા તેઓને સર્વ લોકો ધન્યવાદ આપે છે.

મનુષ્યની જિંદગી ક્ષણિક છે. રાજ્યઋદ્ધિ અસ્થિર છે અને પરભવમાં જતાં પુણ્ય અને પાપ સાથે આવે છે.

સારા વિચારનો બદલો સારો મળે છે અને નઠારા વિચારનો બદલો નઠારો મળે છે. મનુષ્યોએ આવતા ભવમાં સુખને માટે ધર્મ કરવો જોઈએ. **ધર્મનો જુસ્સો જેના હૃદયમાં નથી તે મનુષ્ય કદી દુનિયાનું ભલું કરી શકનાર નથી.**

રાજાઓ કરતાં મહાત્માઓ-સાધુઓ જગતમાં વિશેષ પૂજ્ય ગણાય છે તેનું કારણ એ છે કે તેઓ ધર્મમાં જ પોતાનું જીવન ગાળે છે તેથી જ તેઓ રાજાઓના પણ રાજા ગણાય છે.

નાસ્તિકના વિચારોથી કેટલાક વ્યસનોમાં મગ્ન થઈ લક્ષ્મીનો તથા તનનો ધુમાડો કરે છે તેવા મનુષ્યોના જન્મથી દુનિયાને કંઈ પણ ફાયદો થતો નથી. દુનિયામાં જન્મીને જેણે મનુષ્યોના તથા પ્રાણીઓના ભલા માટે તન, મન અને ધનથી ઉદ્યમ કર્યો છે તેને જ જન્મ ખરેખર સફળ કર્યો છે.

મનુષ્ય પોતાના નિર્મળ સદાચરણ વિના બોલીને કરી શકતો નથી જ્યારે યોગીયો બોલ્યા વિના પણ હજારો મનુષ્યોને બોધ આપે છે. જ્યારે સારા આચરણ વિનાના વક્તાઓ નાટકીયાની પેઠે અસર કરી શકતા નથી.

જે સાધુ પોતે કંચન અને સ્ત્રીનો ત્યાગ કરે છે તે જ ખરેખર સાધુ કહેવાય તેમ જ ગ્રહસ્થ પણ દયા, દાન, પ્રભુભક્તિ, બોધ શ્રવણ, વગેરે સદ્‌ગુણો ધારણ કરે તો તે ગૃહસ્થ કહેવાય.

ગૃહસ્થે ગૃહસ્થના ધર્મ પ્રમાણે અને ત્યાગીઓએ ત્યાગીના ધર્મ પ્રમાણે વર્તવું જોઈએ. આત્માના કલ્યાણ માટે સદ્‌ગુરૂઓનું સેવન કરવું જોઈએ.

રામ ચરિત્ર અને પાંડવ ચરિત્ર સારા અને ખોટા પુરૂષોના વિભાગ દેખાડે છે. ધર્મનાં પુસ્તક વાંચી સદ્‌ગુણોને પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો અને દુર્ગુણોનો નાશ કરવા પ્રયત્ન કરશો તો ખરું ક્ષત્રિયપણું પ્રગટ થશે. વીરપણું પ્રગટ થશે.

ખરેખર તો તે જ ધર્મનો યોદ્ધો છે કે જેણે કર્મનો નાશ કર્યો છે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

★

'બુદ્ધિપ્રભા' ને લગતા તમામ કામ માટે
આ સરનામે મળો—

'બુદ્ધિપ્રભા'

C/o ભગવાન શાહ

૧૭૦/૭૨, ગુલાલવાડી, ૧ લે માળે,

મુંબઈ ૪.

# પ્રેરણાના પ્રતિબિંબ

યાને

# જ્ઞાન પિપાસુઓની સામયિક બેઠક

અમોને જણાવતાં હર્ષ થાય છે કે આ અંકથી અમે–બુદ્ધિપ્રભા જૈન ડાયજેસ્ટના પ્રેરકો, અને પ્રચારકો તેમજ સ્વયં સ્ફુરિત પ્રેરણાથી બનેલા સભ્યોની યાદી પ્રગટ કરવાનું નક્કી કર્યું છે.

આ યાદી ફેબ્રુઆરી ૧૯૬૫ થી બનેલા સભ્યોની આપવામાં આવશે. આ માસમાં 'બુદ્ધિપ્રભા' જૈન ડાયજેસ્ટને મહુડી મુકામે **ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રીમદ્ ઋદ્ધિસાગરસૂરિજી મ. સા., પરમ પદ પ્રભાવક પ્રશાંતમૂર્તિ આ. ભ. શ્રીમદ્ કીર્તિસાગરસૂરિજી મ. સા. વ્યાખ્યાન વાચસ્પતિ ઉપાધ્યાય ભગવંત શ્રીમદ્ કૈલાસસાગરજી ગણિવર્ય મ. સા. અનુયોગાચાર્ય પંન્યાસ પ્રવર શ્રી મહોદયસાગરજી ગણિવર્ય મ. સા., પ્રસિદ્ધ વકતા પંન્યાસ પ્રવર શ્રી સુબોધસાગરજી ગણિવર્ય મ. સા. આદિ મુનિ ભગવંતોના** હાર્દિક આશીર્વાદ મળ્યા હતા. આથી તેઓ સૌની શુભ નિશ્રામાં જે સભ્યો બન્યા હતા તે સૌની યાદીથી અમે આ કટારનું મંગલાચરણ કરીએ છીએ.

મહુડીમાં બિરાજેલ સર્વ શ્રમણ ભગવંતોની શુભ પ્રેરણાથી.

**પાંચ વરસના**

શ્રી નરોતમદાસ હીરાલાલ મશરૂવાળા — અમદાવાદ

**ત્રણ વરસના**

,, મફતલાલ વરવાલાલ શાહ — ખાવડ

**એક વરસના**

,, મંગીલાલ માધવલાલ — અમદાવાદ
,, છોટાલાલ મુળચંદ — ગડકણ
,, અંબાલાલ ચંદુલાલ — શુંજાલા
,, રીખવચંદ તારાચંદ — છડીયાળા
,, ચંદુલાલ મફતલાલ — પ્રાંતિજ
શ્રી ત્રીકમલાલ મોતીલાલ — ગવાડા
,, રમણલાલ બમલદાસ — મુંબઈ
,, ગફુરભાઈ લલ્લુભાઈ મહેતા — મુંબઈ
,, ત્રીભોવનદાસ સોમચંદ સંઘવી — અમરાવતી
,, કાંતાબેન ભીમચંદ શાહ — મુંબઈ
,, ભીખાલાલ લલ્લુભાઈ શાહ — અમદાવાદ
,, ભીખાલાલ ફુલચંદ શાહ — અમદાવાદ
,, કપુરચંદ કે. જૈન — મુંબઈ
,, ડાહ્યાલાલ ચુનીલાલ દોશી — મુંબઈ
,, અમૃતલાલ પદમશી મહેતા — હિંમતનગર
,, કાંતીલાલ તુળજારામ — દેરોલ
,, અંબાલાલ પદમશી મહેતા — હિંમતનગર
,, અમૃતલાલ દીપચંદ ફડીયા — મુંબઈ

શ્રી ત્રીકમલાલ વાડીલાલ શાહ ધીણોજ
,, દીનેશચંદ્ર ચીમનલાલ શાહ મુંબઈ
,, રતનચંદ બાલુભાઈ નાણાવટી સુરત
,, શીલાચંદ પરસોતમદાસ મુંબઈ
,, ભગવાનદાસ મગનલાલ મુંબઈ
,, ત્રીકમલાલ મણીલાલ અમદાવાદ
,, રમણલાલ મણીલાલ અમદાવાદ
,, ચીનુભાઈ હિંમતલાલ મુંબઈ
,, કૌસીકભાઈ પ્રાણલાલ મહેતા મુંબઈ
,, રતીલાલ લાલજીભાઈ મહેતા મુંબઈ
,, મોતીલાલ વિઠ્ઠલદાસ વોરા મહુડી
,, મણીલાલ કાળીદાસ વોરા મહુડી
,, કુસુમચંદ્ર મગનલાલ શાહ હિંમતનગર
,, જયંતિલાલ ચંદુલાલ શાહ હિંમતનગર
,, હરગોવનદાસ દલીચંદ લોદરા
,, શાંતિલાલ ભીખાલાલ શાહ સરદારપુર
,, અનોપચંદ મોહનલાલ મહેતા ગોંડલ
,, નટવરલાલ મંગળદાસ મહેતા મુંબઈ
,, નારદીપુર જૈન સંઘ નારદીપુર
,, દલપચંદ પિતાંબરદાસ મોટી દાઉ
, કાંતીલાલ ખુશાળદાસ કડી

પૂ. ત્રૈલોકયસાગરજી મુનિ ભગવંતની

શુભ પ્રેરણાથી

એક વરસના

ગુજરાતી શાળા કુંભાસણ
અંગ્રેજી શાળા કુંભાસણ
અંગ્રેજી શાળા ગઢ
અંગ્રેજી શાળા કાણોદરા
અંગ્રેજી શાળા ચાંગા
અંગ્રેજી શાળા મેતા
અંગ્રેજી શાળા કોડા
અંગ્રેજી શાળા લણવા
અંગ્રેજી શાળા ઉમતા
અંગ્રેજી શાળા દેણપ
અંગ્રેજી શાળા ગોઝારા
અંગ્રેજી શાળા પીલવાઈ
મહેસાણા જૈન બોર્ડીંગ મહેસાણા
મણીલાલ મોકમચંદ લાયબ્રેરી મુંબઈ
ચીમનલાલ પુંજીરામ અમદાવાદ

પૂ. મનોજ્ઞસાગરજી મુનિ ભગવંતની

શુભ પ્રેરણાથી.

શેશમલ પી. શાહ મુંબઈ ૬૨
કાંતીલાલ મંગળદાસ મુંબઈ ૬૭
ભરતકુમાર રતીલાલ ભરૂચ
મુળજીભાઈ દેવજીભાઈ ભરૂચ
ભગવાનજી માણેકજી શેગાંવ
બીપીનચંદ્ર તારાચંદ મુંબઈ

પૂ. મનહરસાગરજી મુનિ ભગવંતની

શુભ પ્રેરણાથી.

પરીખ હીરાલાલ મોહનલાલ નવા ડીસા
રસીકલાલ હાથીભાઈ નવા ડીસા
ઝવેરી કાંતીલાલ જેસંગલાલ અમદાવાદ

# —: અદ્‌ભુત યોગી :—

લેખક : **મણીલાલ હાકેમચંદ ઉદાણી.**

M. A. LL. B. Advocate.

રાજકોટ.

આજથી આશરે ૪૦ વર્ષ પહેલા એક અદ્‌ભુત જૈન મુનિ થયા. જેના જીવન ચરિત્રમાંથી દરેક જૈન સુખી કેમ થાય તેના માર્ગો બતાવેલા છે. તીર્થંકરોને તો ઘણા વર્ષ થઇ ગયા પરંતુ હાલના સમયમાં તેમના જેવુંજ જીવન અને તેમના જેવાજ સિદ્ધાંતો અને આત્માને પરમાત્મા થવાની ખરી કુંચી બતાવનાર આ જૈન મુનિનું જીવનનું દરેક કાર્ય ઘણુંજ જાણવા જેવું અને તે પ્રમાણે ચાલવા જેવું છે. તેમના એક એક શબ્દમાં અધ્યાત્મનો ઉંડો રસ નીતરે છે. અને જૈન ધર્મનો કેમ ફેલાવો થાય તેને માટે જાગ્રત થવાની હાકલ કરી છે. એક દિવસ ભારતમાં ચાલીસ કરોડ જૈનો હતા અત્યારે વસ્તી ગણુત્રી મુજબ ફકત તેર લાખ છે. અને તેમાં પણ જૈન ધર્મના સિદ્ધાંત અનુસાર વર્તનારા ભાગ્યેજ એક લાખ હશે. ભવસાગર તરવા માટે કોઇપણ ધર્મે ખરો માર્ગ બતાવ્યો હોય તો તે જૈન ધર્મજ છે. જૈનના સાધુઓ સાક્ષાત્ ત્યાગ અને વૈરાગ્યની મુર્તિ છે. અને તેવા સાધુઓ બીજા કોઈપણ ધર્મમાં જોવામાં આવશે નહિ.

આ અદ્‌ભુત યોગીનો જન્મ ગુજરાતના વીજાપુર તાલુકામા સને ૧૮૭૪ના શીવરાત્રીના દિવસે એક કણબી કુટુંબમાં થયો હતો. તેમનું નામ બેચરભાઇ હતું. માતા પિતા તરફથી સંસ્કાર મળ્યા હતા. પરંતુ આ નાના ગામમાં વિદ્યા મેળવવાના કાંઇ સાધન ન હોવા છતાં તેઓએ સાક્ષાત સરસ્વતીની ઉપાસના કરી અને તેમના પ્રતાપથી બધી વિદ્યા મેળવી લીધી. માતાપિતાનો વિયોગ બાળપણમાંજ થતા તેમણે જૈન શ્રાવકને ઘેર રહેવાનો વખત આવ્યો. જૈનધર્મના સિદ્ધાંતો પોતાના જીવનમાં ગ્રહણ કરી લીધા અને સાધુઓના સમાગમમાં આવતા તેઓએ સંસારનો ત્યાગ કર્યો અને જૈનોમાં એક અદ્‌ભુત મુનિ તરીકે નામ અમર કર્યું.

ભારતમાં અનેક અવતારી પુરૂષો થઇ ગયા છે. તેવુંજ ઉંચામાં ઉંચુ જીવન તેમનું હતું અને શુદ્ધ વહેવાર અને શુદ્ધ નીતી હોય તોજ આત્માનો સાક્ષાત્કાર થાય છે. તેવું તેમણે સાબીત કરી આપેલ છે. તેઓ અખંડ બ્રહ્મચારી હતા. કોઇપણ જાતની ઇચ્છા કે તૃષ્ણા ન હતી. આંખોમાં અદ્‌ભુત તેજ હતું.

જે અત્યારે પણ તેમના ફોટામાં જોઇ શકાય છે. તેઓ જેમના સમાગમમાં આવ્યા તેઓ બધા ઘણા જ સુખી થયા અને પોતે તરી ગયા અને ભવસાગર તરવાનો ખરો માર્ગ બતાવી ગયા છે.

તેમણે જે જે ભવિષ્યવાણી કહી તે બધી સાચી પડી છે. અને હજી પણ સાચી પડશે. તેઓએ દરેક દેશને માટે જે ભવિષ્યવાણી કહી છે તે વાંચવા જેવી છે. પચાસ વર્ષના ટુંકા જીવનમાં તેઓએ આશરે ૧૦૮ થી વધારે મહાન ગ્રંથો લખ્યા છે. અને મુંબઇના અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ તરફથી તે પ્રસિદ્ધ થઈ રહ્યા છે. તેમનો કર્મયોગનો ગ્રંથ તો અદ્ભુત છે અને દરેક જૈને કર્મયોગી થવું જોઇએ. અને જ્ઞાનયોગી થઇને નવા કર્મ ન બંધાય તેવી રીતે પોતાના આત્માને શુદ્ધ રાખવો જોઇએ.

તેઓ એક મહાન સાહિત્યકાર કવિ હતા અને આત્મા તેજ પરમાત્મા છે અને પોતાના આત્માને શુદ્ધ ભાવથી


## બોડેલી તીર્થ

બોડેલી આસપાસ પરમાર ક્ષત્રિય ભાઈ-બહેનો બાવન (૫૨) ગામમાં આશરે ૧૦૦૦૦ (દસ હજાર માણસો જૈનધર્મ (અહિંસા ધર્મ પાળતા થયા છે તેમને જૈન ધર્મનું શિક્ષણ સુસંસ્કાર આચાર વિચાર વગેરેમાં સ્થિર કરવા **પંદર** ગામોમાં પાઠશાળા ચાલે છે બીજી ૨૦, પાઠશાળાની જરૂર છે. બોડેલીમાં આશ્રમ ચાલે છે જેમાં વિદ્યાર્થીઓને ખાવા, પીવા, તથા ભણવાની સગવડતા અપાય છે.

આજુબાજુના પાંચ ગામોમાં **ઉપાશ્રય તથા દેરાસરજી થયા છે** (બીજા ત્રણ ગામોમાં થાય છે તથા દેવદર્શન પૂજાસ્નાત્ર ભાવના વગેરે ભક્તિ થાય છે. આ સુસંસ્કાર આપતું ક્ષેત્ર જોવા તથા **બોડેલી પંચ તીર્થના દર્શન** કરવા જરૂર પધારો.

આ ધર્મ પ્રચાર અને ધર્મ પ્રભાવનાના કાર્યને આપના તન મન, ધન સમર્પણ કરો અને એ ન બને તો છેવટે અમુક રકમ અવશ્ય મોકલી આપો.

લી. પરમાર ક્ષત્રીય **જૈન** ધર્મ પ્રચારક સભા

૪૫૭, સરદાર વલ્લભભાઇ પટેલ રોડ, **મુંબઇ—૪**

મદદ મોકલવાનું ઠેકાણું:
**શેઠ વાડીલાલ રાયચંદજી**
૬૧ તાંબાકાંટા, **મુંબઇ-૩**

**જેઠાલાલ લક્ષ્મીચંદ શાહ**
**ઇશ્વરલાલ કસ્તુરચંદ સાળવી**
**ચીમનલાલ મગનલાલ વાસણવાળા**

**ધર્મશાળા, ભોજનશાળા, આયંબીલ શાળાની સગવડતા છે.**

આત્મ સાક્ષાત્કાર કરીને પરમાત્મા પદ પ્રાપ્ત કરી શકાય છે. તેનો સરળ માર્ગ તેમણે દરેક ગ્રંથમાં બતાવેલો છે. દરેક ધર્મના ગ્રંથોનો અભ્યાસ તેઓએ કર્યો હતો અને તેમાંથી જૈન ધર્મની ઉત્તમતા સાબીત કરી હતી અને મોક્ષનો માર્ગ આ ધર્મમાંજ રહેલો છે તેમ તેમણે દરેક શબ્દમાં અનુભવની વાણીથી સાબીત કરી આપ્યું છે.

પોતાના શુદ્ધ ચારિત્રથી તેમણે બધી સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી અને તે સિદ્ધિઓનો ઉપયોગ પોતાને માટે નહિ પણ પરોપકારાર્થે અને જન-કલ્યાણ માટે કર્યો હતો. જે બધા અત્યારે ચમત્કાર જેવાજ લાગે છે. જે કોઇ ન કરી શકે તેવા મહાન કાર્યો તેમણે કર્યા છે. અને તે બધા ચમત્કારજ હતા. તેમના જીવનમાંથી મોહનીય કર્મનો ક્ષય કેમ થાય તે સાક્ષાત્ દેખાય છે. રોજે રોજ તેઓ બીલકુલ આરામ લીધા વિના લખ્યા જ કરતા હતા. તે બધા લખાણોમાં સાક્ષાત્ સરસ્વતી જ લખાવતી હોય તેવો ભાસ થાય છે.

હું ઘણા જૈન મુનિઓના, સંન્યાસીઓના અને ત્યાગી પુરૂષોના પરિચયમાં આવેલો છું. પરંતુ આટલો ત્યાગ, આટલો વૈરાગ્ય આટલું આત્મ જ્ઞાન આટલો સેવાભાવ આટલી સાદાઇ અને આટલું નિષ્કામ કાર્ય કરનાર મે કોઈ જોયો નથી. જૈનોમાં શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય, શ્રીમદ્ આનંદઘનજી, શ્રીમદ્ યશોવિજયજી ઘણા વર્ષો પહેલા થઇ ગયા પણ આટલા સમય પછી સાક્ષાત્ પરમાત્માના અવતાર રૂપે આ બુદ્ધિના સાગરની બુદ્ધિનો લાભ જૈનોને અને સમસ્ત જગતને મળ્યો અને કુદરતેજ તેમનું નામ બુદ્ધિસાગર રાખ્યું.

જૈન ઉપનિષદ લખીને તેઓએ ઉપનિષદમાં જે શુદ્ધ વહેવાર બતાવ્યો છે. તેનું પૃથકરણ કર્યું. માતા પિતાની સેવા, દરેક ધર્મ પ્રત્યે સમભાવ. પોતાના જેવોજ બીજાનો આત્મા છે. તેનું જ્ઞાન અને ખરા સુખના માર્ગ તેઓએ બતાવ્યા છે. જૈનોને જાગૃત થવાની આજ્ઞા આપી છે. ગુરૂઓને બહુમાન આપવાનું કહેલ છે. અને જૈનો તેજ આર્ય છે અને કોઈપણ જાતીનો મનુષ્ય જૈન થઇ શકે છે તેમ જણાવેલું છે.

જૈનોના દરેક ફીરકાઓએ એકત્ર થવું જોઇએ. બધા ધર્મની એકતા કેમ થાય તેને માટે પ્રયાસો કરવા જોઇએ. અને દરેક કાર્ય રાગદ્વેષને દૂર કરે ને શુદ્ધ આત્માના આદેશ મુજબ કરવું જોઈએ તેમ તેમણે પોતાના અમુલ્ય પુસ્તકોમાં જણાવેલ છે. પચાસ વર્ષના ટૂંકા જીવનમાં તેમણે ૨૫૦૦૦) પુસ્તકો વાંચ્યા અને તેનો બધો નીચોડ ૧૧૫ પુસ્તકો પોતે લખીને આપેલો છે. તેમના ગુરૂ સુખસાગરજી પ્રત્યે તેમને ઘણુંજ માન હતું. અને ૧૯૧૭ ની

સાલમાં તેઓ સ્વર્ગે જતાં ૧૯૧૪ માં તેમને આચાર્યનું પદ આપવામાં આવ્યું હતું. બનારસના પંડિતોએ તેમને "શાસ્ત્ર વિશારદ" તરીકે માન આપ્યું હતું. બધા ધર્મના લોકો તેમની પાસે આવતા અને તેઓને જૈન ધર્મનું જ્ઞાન આપતા હતા. તેઓ એક મહાન ફીલોસોફર હતા અને પોતાના શુદ્ધ ચારિત્રથી પોતાની જીંદગીમાંજ આત્મ સાક્ષાત્કાર કર્યો હતો. શુદ્ધ ચારિત્ર ઉપર આત્મ જ્ઞાનનો બધો આધાર છે. અને કેળવણી અને આત્મજ્ઞાન બે વચ્ચેનો સમન્વય કેમ કરવો તે તેમણે પુસ્તકોમાં સાબીત કરેલ છે. તેમનો દેશ પ્રેમ પણ ઘણોજ હતો. અને રાજા તથા પ્રજાએ કેવી રીતે વર્તવું કે જેથી પ્રજા સુખી અને આબાદ થાય તેને માટે તેઓએ ઘણું લખેલું છે.

સને ૧૯૨૫ માં જેઠ વદ ત્રીજના રોજ તેઓ દેહ છોડીને સ્વર્ગે ગયા તે હકીકત તેમણે અગાઉથી બધાને કહી હતી. અને બધાને બોલાવીને તેમના પ્રશ્નોના ખુલાસા કર્યા હતા. અને છેવટે સમાધિમા બેસી જઈ ભવસાગર તરી ગયા હતા.

તેમના મહાન શિષ્યો શ્રીમદ્ કિર્તિસાગરસૂરીશ્વરજી, શ્રીમદ્ ઋદ્ધિસાગરસૂરીશ્વરજી, શ્રીમદ્ દુર્લભસાગરજી વીગેરે ગુરૂ મહારાજને પગલે ચાલી ધર્મનો ઘણો ફેલાવો કરી રહ્યા છે. અને તેમના ગ્રંથો પ્રસિદ્ધ કરી ઘણું જ્ઞાન આપી રહ્યા છે. તેમજ બુદ્ધિપ્રભા માસિક પણ પ્રસિદ્ધ કરીને ગુરૂ મહારાજનું નામ અને કાર્ય અમર કરી રહ્યા છે.

આવા મહાન પુરૂષના માટે વધારે શું લખી શકું. તેમના ગ્રંથો અમુલ્ય છે. તેમનું જીવન અદ્‌ભુત છે. અને તેમનો બોધ આત્મામાં ઉતારવા જેવો છે. તીર્થંકરોએ જે કાર્ય કર્યું તેવું જ જીવન અને કાર્ય ભગવાન શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીના આત્માએ અવતારી પુરૂષ તરીકેજ કર્યું છે. અને જેઓ તેમના બોધ પ્રમાણે ચાલશે તેઓ બધા આ ભવમાં સુખ પામી ભવસાગર તરી જશે અને મુક્તિ મેળવી શકશે તેવી મને ખાત્રી છે.

તેમના જીવન ચરિત્રના ઘણા પુસ્તકો વિગતવાર લખાયેલા અને તે દરેક જૈને વાંચવા જોઇએ કે જેથી તેઓ આ અવતારી મહાપુરૂષે જૈન ધર્મની કેટલી સેવા કરી છે તેનો ખ્યાલ આવી શકશે અને દુનિયાની તમામ પ્રજાએ અત્યારના કાળમાં આવા મહાન અધ્યાત્મ યોગી થઈ ગયા. તેટલા માટે ટુંકામાં મારી અલ્પમતિ અનુસાર જૈન પ્રોફેટ નામનું અંગ્રેજીમાં ગુરૂ મહારાજનું જીવન ચરિત્ર બહાર પાડેલ છે અને તેનો પ્રચાર અંગ્રેજી જાણનાર બધી પ્રજાને થાય તેમ ઇચ્છું છું.

# શાસન સમાચાર

## ભેટ યોજના અંગે એક મહત્ત્વનો ખુલાસો

માર્ચ–એપ્રિલ ૧૯૬૫ ના મહાવીર જન્મ કલ્યાણક અંકમાં અમે ભેટ યોજના અંગે લખ્યું હતું કે–"બુદ્ધિપ્રભા જૈન ડાયજેસ્ટનું એક સાથે ત્રણ વરસનું લવાજમ (રૂપિયા પંદર પુરા) ભરનાર અમારા માનવંતા ગ્રાહક સભ્યને.... "**જૈનોપનિષદ્**" ગ્રંથ ભેટ મળશે........"

આ ભેટ યોજના માટે અમે **શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી સાહિત્ય પ્રકાશન ગ્રંથમાળા** (અમદાવાદ) ના પ્રેરક પૂજ્ય અનુયોગાચાર્ય પંન્યાસ પ્રવર **શ્રી મહોદયસાગરજી ગણિવર્ય મ. સા.** તેમજ આ સંસ્થાના સૂત્રધાર ને પ્રકાશક **શેઠ શ્રી ચીમનલાલ જેચંદભાઇના** અમે ખૂબ ખૂબ આભારી છીએ. તેઓશ્રી તરફથી "**જૈનોપનિષદ્**" ગ્રંથ અમારા માનવંતા ત્રિવાર્ષિક સભ્યોને ભેટ આપવાનો ઉદાર સહકાર મળ્યો છે જે માટે અમો તેઓના ઋણી છીએ.

આ ભેટ યોજના **તા. ૩૦ જુન ૧૯૬૫** ના રોજ પૂરી થશે. તે સમય દરમિયાન બુદ્ધિપ્રભા (**જૈન** ડાયજેસ્ટ) ના ત્રિવાર્ષિક સભ્ય બની જરૂરથી આ મહામૂલો, જૈન સાહિત્યમાં માત્ર એક જ અને પહેલ વહેલો "જૈનોપનિષદ્" ગ્રંથ અચૂક ભેટ મેળવો.

**તા. ૩૦ જુન ૧૯૬૫** પછી ત્રિવાર્ષિક સભ્ય બનનારને માટે આ અમૂલ્ય તક નહિ હોય માટે આજે જ આપનું ત્રિવાર્ષિક લવાજમ રૂપિયા પંદર પુરા ભરીને બુદ્ધિપ્રભા જૈન ડાયજેસ્ટના સભ્ય બનો એ જ અભ્યર્થના.

—ગુણવંત શાહ, સંપાદક.

## શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સની કેળવણી વિષયક સહકારની વિવિધ પ્રવૃત્તિઓ

(૧) ધોરણ ચોથાથી મેટ્રીકમાં ભણનાર વિદ્યાર્થીઓને ફી આપવામાં આવે છે. આ માટે વિદ્યાર્થીએ છેલ્લી વાર્ષિક પરીક્ષામાં પચાસ ટકાથી વધુ ગુણાંક મેળવવા જરૂરી છે. તેવા જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વિદ્યાર્થીઓએ **તા. ૩૧ મી મે ૧૯૬૫** પહેલાં પોતાનું અરજી પત્ર લઈ જઈને **તા. ૨૫ જુન ૧૯૬૫** સુધીમાં કોન્ફરન્સના કાર્યાલયમાં પહોંચતું કરવું જરૂરી છે. અરજીપત્ર માટે **પચ્ચીસ નવા પૈસાની ટિકિટો** અવશ્ય મોકલવી. બૃહદ્ મુંબઈના વિદ્યાર્થીઓ **નવા પંદર પૈસા**ની ટિકિટો આપી તે અરજીપત્ર કાર્યાલયમાંથી બપોરના ૧-૦ થી ૪-૦ વાગતાં સુધીમાં મેળવી શકશે.

આ ફી શ્રી જૈન શ્વે. કો. ના શ્રી શ્રાવક-શ્રાવિકા ક્ષેત્ર ઉત્કર્ષ ફંડના શિક્ષણ વિભાગમાંથી આપવામાં આવે છે.

(૨) એસ. એસ. સી. ની પરીક્ષામાં **સંસ્કૃત**ના વિષયમાં સૌથી વધુ ગુણ મેળવી પાસ થનાર વિદ્યાર્થીને કોન્ફરન્સ હસ્તકની **શેઠ ફકીરચંદ પ્રેમચંદ સ્કોલરશીપ પ્રાઈઝ ફંડની** યોજનામાંથી સ્કોલરશીપ આપવામાં આવશે. આ માટે જરૂરી પ્રમાણપત્રો સાથે કોન્ફરન્સના કાર્યાલય પર **તા. ૨૫ મી જુન ૧૯૬૫** સુધીમાં અરજી કરવી. તેમજ બીજી સ્કોલરશીપ સૂરતના વતની અને એસ. એસ. સી. ની પરીક્ષામાં સૌથી વધુ માર્ક્સ મેળવનાર શ્વે. મૂર્તિપૂજક વિદ્યાર્થીને આપવામાં આવશે. આ માટે પણ જરૂરી પ્રમાણ પત્રો સાથે **તા. ૨૫ મી જુન ૧૯૬૫** સુધી કોન્ફરન્સના કાર્યાલયે અરજી કરવી.

## યાદ રાખો :

સુંદર, સરળ અને સાહિત્યક શૈલીમાં આપના વતનના, ધાર્મિક પ્રસંગોના સમાચાર આ પાનાઓ પર રજૂ થશે.

આપના વતનના સમાચાર સારાં અક્ષરે, કાગળની એક જ બાજુમાં શાહીથી લખીને મહિનાની આખર તારીખ સુધીમાં મોકલી આપવા.

કારબન કોપીના સમાચાર પ્રકટ કરવામાં નહિ આવે.

(૩) મહારાષ્ટ્ર રાજ્યમાં એસ. એસ. સી.ની પરીક્ષામાં પ્રથમ નંબરે સફળ થનાર શ્વે. મૂર્તિપૂજક વિદ્યાર્થીને વધુ અભ્યાસ માટે ઇનામ આપવામાં આવશે. આ ઇનામ **શ્રી મુંબઇ ચીમન છાત્ર મંડળ** તરફથી કોન્ફરન્સને સોંપાયેલ **શ્રી માણેકબા જૈન વિદ્યાર્થી પારિતોષિક ફંડના** વ્યાજમાંથી આપવામાં આવશે. **તા. ૨૫ મી જુન ૧૯૬૫** સુધીનાં જરૂરી પ્રમાણપત્રો સાથે કોન્ફરન્સના કાર્યાલયમાં અરજી કરવી.

(૪) બી. એસ. સી. (ટેકમાં) અભ્યાસ કરવા ઇચ્છતા શ્વે. મૂર્તિપૂજક વિદ્યાર્થીને **શેઠ હેમચંદ ચત્રભુજ** સ્કોલરશીપ આપવામાં આવશે. **તા. ૨૫ મી જુન ૧૯૬૫** સુધીમાં કોન્ફરન્સના કાર્યાલયે નીચેની વિગતો સંપૂર્ણ ભરીને મોકલી આપવી.

(૧) એસ. એસ. સી. ફર્સ્ટ યયર સાયન્સ, ઇન્ટર મીડીયેટ સાયન્સ, બી, એસ. સી. (સબસીડરી) અને બી. એસ. સી. (ડીગ્રી) ની પરીક્ષાઓમાં મેળવેલ માર્કસની સર્ટીફાઇડ નકલો તેમજ.

---


## જગપ્રસિદ્ધ

હાસમ મનજી પદમશી સુરમાવાળાના વિવિધ પ્રકારના સુરમાઓ
લાખો લોકોએ વાપરીને એક જ વાત કહી છે.
સુરમાઓ તો હાસમ મનજી પદમશીના જ
—: મળો યા લખો :—

## હાસમ મનજી પદમશી સુરમાવાળા

(૧)
મૂળજી જેઠા મારકીટ,
ઝવેરી બજાર, મુંબઈ ૨.

(૨)
'ઉસ્માનબાદ'
ફેનેરા બેંક લેન,
હીલ રોડ, સ્કીમ નં. ૪.
રોડ નં. ૯, બાંદરા.
મુંબઇ ૫૦
ફોન : ૫૩૨૨૪૯

(૩)
કરીમ મેન્શન, પહેલે માળે,
નળબજાર, પોલીસ ચોકી સામે,
એર્સકીન રોડ, મુંબઈ ૩.

નાલા સોપારા (વેસ્ટ)
સ્ટેશન સામે,
(જી. થાણા)

(૨) અરજી કરનારને બીજા કોઈ સ્થળેથી લોન યા મદદ મળતી હોય અથવા મળવાની હોય તો તેની પૂરી વિગતો.

જે શ્વે. મૂર્તિપૂજક વિદ્યાર્થીઓ જૈન શ્વે. કોન્ફરન્સની કેળવણીના સહકારનો લાભ લેવા ઇચ્છતા હોય તે સૌએ **તા. ૨૫ મી જુન ૧૯૬૫** સુધીમાં નીચેના સરનામે જરૂરી માહિતી ને પ્રમાણપત્રો મોકલી આપવા.

**શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ,**
ગોડીજી બિલ્ડીંગ ૨૦, પાયધુની બીજે માળે, મુંબઈ—૨.

## સાહિત્ય પ્રેમીઓને નિમંત્રણ ( કલકત્તા )

જૈન ધર્મના પ્રચાર માટે વિનિમય, પરિસંવાદો, પરિષદો, અધિવેશનો સામયિક બેઠકો વગેરે ઘણા મહત્વનાં છે. આ દિશામાં '**જૈન દર્શન અને સંસ્કૃતિ પરિષદ**' છેલ્લા કેટલાક વખતથી સ્તુત્ય પ્રયાસ કરે છે. ગયા વરસે બિકાનેરમાં આ પરિષદ તરફથી અધિવેશન ભરાયું હતું. આ ચાલુ વરસે પણ અધિવેશન ભરવાની વિચારણા ચાલી રહી છે. સમય અને સ્થળ હજુ નક્કી નથી થયાં. પરંતુ આ અંગેની કાર્યવાહી અંગે આ પરિષદ જણાવે છે કે:—

(૧) જૈન અને જૈનેતર જે ભાઈબેનોને જૈન સાહિત્યના સંશોધનમાં રસ હોય તે સૌને આ અધિવેશનમાં હાજરી આપવા વિનંતી છે.


**श्रीमद् बुद्धिसागरसूरिजी म. सा. की पुण्यतिथिके अवसर पर**

**हमारी वंदना**

**वंदनाभिलाषी**

*प्रतापचंद डी भंडारी*

# A. P. BROTHERS

—: Suppliers :—

**Ball & Roller Bearings, Tools & Hardware Materials,**

**Also, Polish Materials and all Kinds of Metals.**

| : FACTORY :- | —: OFFICE :— |
|---|---|
| 20, Wadi Bunder Rd. | 170 / 72, Kika Street |
| Mazagaon | First Floor, |
| BOMBAY 10. | BOMBAY 4. |

(૨) આ અધિવેશનમાં ભાગ લેનાર વિદ્વાનોએ પોતાની **સંશોધિત** રચના, **તા. ૧૫, સપ્ટેમ્બર ૧૯૬૫** સુધીમાં પરિષદના કાર્યાલયના સરનામે મોકલવી જરૂરી છે.

(૩) વિશ્વ વિદ્યાલયો, સંસ્થાઓ તેમજ પ્રાચ્ય મહાવિદ્યાલયોને તેઓના પ્રતિનિધિ મોકલીને આ પરિષદના અધિવેશનમાં સહકાર આપવા વિનંતી કરવામાં આવે છે.

(૪) આ અધિવેશનમાં ૧૧ વિભાગો રહેશે. જે આ પ્રમાણેઃ-(૧) જૈન દર્શન. આ પ્રથમ વિભાગ (A) ઔધિક દર્શન. (B) આચાર નીતિ. (C) ન્યાય. એમ ત્રણમાં વિભાજિત છે. (૨) જૈન આગમ. પાહુડ, નિર્યુક્તિ, ચુર્ણી આદિ સાહિત્ય. (૩) જૈન સાહિત્ય પ્રાકૃત, સંસ્કૃત અને અપભ્રંશમાં. (૪) આધુનિક ભાષાઓમાં જૈન સાહિત્ય. (૫) જૈન ભાષા તત્ત્વ. (૬) જૈન ઇતિહાસ અને સામાજિક અધ્યયન. (૭) જૈન સાહિત્યમાં ટેકનીકલ વિજ્ઞાન. (૮) જૈન પુરાતત્ત્વ. (૯) કળા. (૧૦) ધર્મ અને દર્શનનું તુલનાત્મક અધ્યયન. (૧૧) ભારત બહાર જૈન ધર્મનું અધ્યાયન.

**કાર્યાલય**
**જૈન દર્શન અને સંસ્કૃત પરિષદ**
C/o શ્રી જૈન શ્વે. તેરાપંથી મહાસભા,
૩, પોર્ટુગીઝ ચર્ચ સ્ટ્રીટ, **કલકત્તા-૧.**

## સદ્ધાચળના સાન્નિધ્યે. ( પાલિતાણા )

પરમ પદ્મપ્રભાવક, ગચ્છાધિપતિ, પ્રશાંત મૂર્તિ આચાર્યદેવેશ **શ્રીમદ ઋદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજ** સાહેબ તેમજ તેઓશ્રીના પરમ વિનેયા શિષ્ય **મુનિરાજ શ્રી મનોજ્ઞસાગરજી મહારાજ સાહેબ**ના સદુપદેશથી, પરમ પાવન તીર્થ શ્રી સિદ્ધાચળજીની તળેટીના જિનાલય શ્રી બાબુના દેરાસરમાં, શાસન રક્ષક, સમ્યક્ત્વધારી શ્રી ઘંટાકર્ણ મહાવીર દેવનો ફોટો મૂકવામાં આવ્યો છે. આ ફોટો મહુડી નિવાસી **શ્રી વાડીલાલ કાળીદાસ વોરાના** ધર્મપત્નીના વરસી તપના પારણા નિમિત્તે તેઓશ્રીના સુપુત્રો તરફથી મુકવામાં આવ્યો છે. આ નિમિત્તે પૂજા પણ ભણાવવામાં આવી હતી.

## રજત જયંતિના સંભારણા. ( લીંબોદરા )

અત્રેના શ્રી આદિનાથ ભગવાનની પ્રતિષ્ઠાને ૨૫ વર્ષ પૂરા થતાં શુભ અનુષ્ઠાનોનું મંગળ સાપ્તાહિક ઉજવવામાં આવ્યું હતું. વૈશાખ સુદ ૭ થી વૈશાખ સુદ બારસ સુધી આ ઉત્સવ ઉજવાયો હતો. **શ્રી સરૂપચંદ પાનાચંદ** તરફથી વૈ. સુદ ૯ ના નવ્વાણું પ્રકારની પૂજા તેમજ નવકારશી, **શ્રી મોહન-**

**લાલ અમથાલાલ** તરફથી વૈ. સુદ ૧૦ ની અંતરાય કર્મની પૂજા અને તેજ દિવસે **શ્રી સ્વચ્છંદભાઈ કેવળદાસ** તથા **અમૃતલાલ ખોડીદાસ** તરફથી નવકારશી; શ્રી સંઘ તરફથી વૈ. સુદ ૧૧ ના સિદ્ધચક્ર પૂજન અને તેજ દિવસે **શ્રી ડાહ્યાભાઈ છગનલાલ** તરફથી નોકારશી અને છેલ્લે વૈ. સુદ ૧૨ ના દિવસે પણ નવકારસી થઈ હતી. જેનો લાભ શેઠ **શ્રી મણીલાલ ડુંગરશીએ** લીધો હતો.

આ સારોય મહોત્સવ પ્રસિદ્ધ વક્તા પુજ્ય પંન્યાસ પ્રવર **શ્રી સુબોધસાગરજી ગણિવર્ય** મ. સા., મુનિરાજ **શ્રી મનોહરસાગરજી મ. સા.**, મુનિરાજ **શ્રી જસવંતસાગરજી મ. સા.**, તેમજ મુનિરાજ **શ્રી સુદર્શનસાગરજી મ. સા.**, આદિ શ્રમણ ભગવંતોની નિશ્રામાં ઉજવાયો હતો.

## પુણ્ય મેળો (કુંભાસણ)

નાના ગામડાઓમાં જ્યારે પ્રભાવક સંત મુનિઓ પધારે છે ત્યારે ધાર્મિક અનુષ્ઠાનોમાં જાણે ધર્મ મેળો જામે છે. પૂ. પન્યાસ પવર **શ્રી પ્રભાવવિજયજી** મ. સા., મુનિરાજ **શ્રી સ્વયંપ્રભવિજયજી** મ. સા., વ્યાખ્યાતા મુનિરાજ **શ્રી ભાનુવિજયજી** મ. સા. આદિ ઠાણા અત્રે પધારતાં ચૈત્રી


શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી મ. સા. ની ૪૦ મી પુણ્યતિથિએ
અમારી વંદના હો.

**EASTERN SMELTING & ROLLING MILLS**

*Manufacturers of :*

**N. F. Metal Sheets, Circles. Utensils & alloys**

**Eastern Alluminium Works.**

Mfg. of

Alluminium, Brass & Stainless stell utensils.

**RASIKLAL CHIMANLAL & CO.**

Dealers in

**N. Ferrous metals & Scraps.**

All at

60, Bapu Khote Cross Lane, **BOMBAY-3.**

GRAM :　　　　　　　　PHONE :
BHATTORE　　　　　　Office : **333104.**
　　　　　　　　　　　Works : **67404.**

હોળી પ્રસંગે તેવો જ પુણ્ય મેળો જામ્યો હતો. ૨૦૦ ભાઇ-બેનોએ ઓળી તપના આરાધનામાં જોડાયા હતા. અને પ્રભુ મહાવીરના જન્મ કલ્યાણક પ્રસંગે દબદબાપૂર્વક વરઘોડો સારાય ગામમાં ઘૂમ્યો હતો. પૂજા અને ભાવના નિયમિત થઇ હતી. સંગીતની આ ધૂન વડગામવાસી **શ્રી હરજીવનભાઇ** તેમજ તેમની મંડળીએ સંભાળી હતી.

## મેત્રાણાના પંથે (પરોસણ)

અત્રેના સંઘની આગ્રહભરી વિનંતિથી પૂ. પં. પ્ર. પ્રભાવવિજયજી મ. સા. આદિ ઠાણા અત્રે પધાર્યા હતાં. **શ્રી લક્ષ્મીચંદ જેઠાભાઇ** તથા શ્રી **શ્રી હરીચંદ નિહાલચંદભાઇએ** પૂજ્ય મુનિભગવંતોની નિશ્રામાં વિધિસહ સજોડે ચતુર્થ વ્રતનો અભિગ્રહ ધારણ કર્યો હતો. **શ્રી હરિચંદભાઇ નિહાલચંદભાઇ તરફથી** મેત્રાણા તીર્થનો સંઘ કાઢવામાં આવ્યો હતો. આ સંઘ બે દિવસ મેત્રાણા રોકાયો હતો.

## ઇતિહાસનું સુવર્ણ પૃષ્ઠ (બોડેલી)

જૈન ધર્મનો આ છેલ્લા સૈકાઓનો ઇતિહાસ લખાશે ત્યારે બોડેલીનું નામ તેમજ આ ક્ષેત્રમાં તનતોડ મહેનત કરી પરમાર ક્ષત્રિય ભાઇઓને જૈન


શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી સાહિત્ય પ્રકાશન ગ્રંથમાળા તરફથી પ્રગટ થઇ ચૂકયાં છે

**પ્રેરણા ભર્યા પ્રાણવાન પ્રકાશનો :—**

* **ભજનપદ ભાવાર્થ સંગ્રહ**
* **શિષ્યોપનિષદ**
* **રત્નદીપ યાને ગુરુબોધ**
* **જૈન પ્રોફેટ (અંગ્રેજી)**

અને હવે ટુંક સમયમાંજ પ્રગટ થાય છે.

# જૈનોપનિષદ્

લેખક : **શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી**

**કિંમત એક રૂપિયો.**

—: લખો યા મળો :—

ભગવાન શાહ
૧૭૦/૭૨ ગુલાલવાડી,
**મુંબઇ-૪**

શ્રી ચીમનલાલ જેચંદભાઇ
શેઠ મનસુખભાઇની પોળ,
કાળુપુર, **અમદાવાદ.**

ધર્મનો પુર્નજન્મ આપનાર વયોવૃદ્ધ મુનિરાજ **શ્રી જીવણભદ્રવિજયજી મહારાજ સા.**, મુનિરાજ **શ્રી ઇન્દ્રવિજયજી** ગણિવર્ય મ. સા. તેમજ શ્રી પરમાર ક્ષત્રિય જૈન ધર્મ પ્રચારક સભાના નામી અનામી સૌ સંચાલકોના નામ સુવર્ણાક્ષરે લખાશે.

આ પૂજ્ય મુનિ ભગવંતોની નિશ્રામાં ચૈત્રી ઓળીનું આરાધન રૂડી રીતે થયું હતું. તેમજ વૈશાખ સુદ છઠના ગુરુવારના મંગળ દિવસે મુનિરાજ **શ્રી રત્નાકરવિજયજી** મ. સા. ની વડી દીક્ષા ધામધૂમપૂર્વક ઉજવવામાં આવી હતી.

પૂ. મુનિરાજ **શ્રી ઇન્દ્રવિજયજી મ. સા.** માસરરોડ ચાતુર્માસ માટે પધારનાર છે.

[ **તા. ક:**—પૂ. વયોવૃદ્ધ મુનિરાજ શ્રી જિનભદ્ર વિજયજી મ. સા. સંસારીપણામાં પૂ. સ્વ. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી મ. સા ની અનેકવિધ પ્રવૃત્તિઓના સાક્ષી હતા. અને શ્રીમદ્જીના અનન્ય ભક્ત હતા. સંસારીનામ શ્રી જીવણચંદ ધરમચંદ ઝવેરી હતું, તેમના પર લખાયેલા પત્રોનો 'તીર્થયાત્રાનું વિમાન' નામે શ્રીમદ્ બુદ્ધિસાગરજીનો ગ્રંથ પ્રગટ થયો છે, ]

## તવ કાર્યની જ્યોત સદાય જલે (અમદાવાદ)

અમદાવાદમાં **શ્રી શાંતિચંદ્ર સેવા સમાજ** તેની રચનાત્મક પ્રવૃત્તિઓથી સારાય શહેરમાં જાણીતી સંસ્થા છે. તેની પ્રવૃત્તિયોનો પથરાટ તીર્થસ્થળો અને આજુબાજુના ગામોમાં પણ છે. આ સમાજ સેવી સંસ્થાએ આજ સુધીમાં જે કંઇ સિદ્ધિ હાંસલ કરી છે તેનું પુણ્ય ફળ તે સંસ્થાના સંનિષ્ઠ કાર્યકરોના ફાળે જાય છે. આવા જ એક સંનિષ્ઠ કાર્યકર સમાજમાં છેલ્લા ૨૦ વરસથી નિષ્કામભાવે કાર્ય કરનાર બાર વરસથી સ્વયંસેવક દળના નાયક તરીકે રહેનાર, તેમજ સંસ્થાની કારોબારી સમિતિમાં છેલ્લા સત્તર વરસથી એકધારી રીતે સભ્યપદ રહીને વિવિધ પ્રવૃત્તિઓની જવાબદારી સંભાળનાર સેવાભાવી યુવાન કાર્યકર શ્રીયુત **કાંતિલાલ રતીલાલ બેંકરનું તા. ૧૫-૫-૧૯૬૫** ના રોજ અવસાન થતાં સમાજે પોતાનો એક મહામૂલો કાર્યકર ગુમાવ્યો છે. સદ્ગતની સેવાઓને અંજલિ આપતા શ્રી શાંતિચંદ્ર સેવા સમાજે તા. ૧૭-૫-૬૫ ના રોજ શેઠ શ્રી **કાંતિલાલ ચીમનલાલ** શાહના અધ્યક્ષપણે શોક સભા મળી હતી. અને સદ્ગતના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી.

---

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : ઇંદિરા ગુણવંતલાલ શાહ
મુદ્રણાલય : "જૈન વિજય" પ્રિંટિંગ પ્રેસ, ગાંધીચોક–સૂરત.

સ્વ. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી મહારાજ સાહેબે ૨૪ વરસના ગાળામાં લગભગ ૧૫૦ ગ્રંથોની સર્જના કરી હતી. તે દરેક ગ્રંથો વિવિધ વિષયો પર લખાયેલાં છે. ખાસ કરીને તેમાં યોગ, અધ્યાત્મ, તત્ત્વજ્ઞાન, ઉપદેશ વગેરે મુખ્ય છે. તેમાંના કેટલાક ગ્રંથો ગદ્યમાં છે. અને કેટલાક પદ્યમાં છે.

આત્મદર્શન ગીતા
પ્રેમ ગીતા
ગુરુ ગીતા
જૈન ગીતા
કૃષ્ણ ગીતા
અધ્યાત્મ ગીતા

આ ગ્રંથોમાં તેમની લખેલી ગીતાઓ આગવું ધ્યાન ખેંચે છે. અહીં તેના નામો રજુ કર્યાં છે. તે તમામ સંસ્કૃત ભાષામાં છે.

## 'મહાવીર ગીતા'

હમણાં જ મળી આવી છે, જે અપ્રગટ છે. લગભગ ૩૦૦૦ શ્લોક પ્રમાણ છે.

શ્રીમદ્જીએ ઉપનિષદ્ પણ લખ્યાં છે. એ બેના નામ છે.

## જૈનોપનિષદ્ અને શિષ્યોપનિષદ

Cover printed at Kishore Printery - Crescent Chambers, Tamarind Lane, Fort. Bombay I.